કુમાર

આપણી કાલનાં નાગરિકોનું માસિક



ત્રિપુરી નજીક ભેડાઘાટ આગળ નર્મદાનો વિખ્યાત જળધોધ : ધુંવાધાર

વર્ષ સોળમું · અંક ચોથો · એપ્રિલ ૧૯૩૯ · સળંગ અંક ૧૮૪ તંત્રી · રવિશંકર રાવળ ★ સંપાદક · બચુભાઈ રાવત

સામૈયું

◖ ગુજરાતની અસ્મિતાના પહેલા જ્યોતિર્ધરશ્રી હેમચંદ્રાચાર્ય પ્રત્યેનાં અર્ચનાકાવ્યોથી ઉઘડતો આ અંક બાહ્ય અને આંતર બંને સ્વરૂપે તમને રીઝવી રહેશે. ◖ પોતાની જ પ્રતિભાનો પ્રકાશ પાથરી જનાર કરતાં એ પ્રકાશની ગરમીથી અન્ય પ્રતિભાઓને દ્રવીભૂત બનાવી વહેડાવનાર જો અધિક માનભાગી હોય તો સર વ્રજેન્દ્રનાથ શીલ એવું સંમાન માગી લે છે. આ અંકમાંના એમના ચરિત્ર દ્વારા એ સર્વતોભદ્ર પ્રતિભાની ઓળખ જરૂર સાધજો. ◖રહેમદિલીની બૂ સરખી યે જ્યાં નથી એવું સંગદિલ આફ્રિકા! એનો અફાટ વિસ્તાર કેટકેટલાં રંગરહસ્યોમાંચથી ભરપૂર છે? એની સાખ તો એક જિદ્દી શિકારી ને મદમત્ત માતંગનો મુકાબલો આલેખતી આ અંકની વાર્તા 'માતંગનું વેર' પૂરે છે. ◖ ત્રિપુરીની આ મહાસભા જે અનેક રીતે ચિરસ્મરણીય બની છે તેની ન્યાયી આલોચના સાથે તેના ઇતિહાસ-ભૂગોળ પર દૃષ્ટિક્ષેપ કરતા ને ઠેઠ પ્રાગૈતિહાસિક કાળની તેની મહત્તા મૂલવતા બંને સચિત્ર લેખો હજુ યે નવીન અને તાઝગી ભર્યા જણાશે. ◖ અને આપણા રાષ્ટ્રપ્રાણના સૌથી મોટા પુરસ્કર્તા સાગરના ખેડાણની તવારીખ તો એક દર્દનાક કિસ્સો જ બની રહે છે. કઇ કઇ તરકીબો પૂર્વક એને આજ સુધી દબાવી દેવામાં આવ્યું છે એ જાણવા 'હિંદી સાગરના નિસાસા' સાંભળજો. ◖ સૂર્યની આસપાસ નવ ગ્રહો ફરે છે એ આપણે જાણીએ છીએ, પણ એ મોટા ગ્રહો સિવાય મંગળ અને ગુરુની વચ્ચે વિવિધવિચિત્રખાસીઅત ધરાવતા હજારો નાના નાના ગ્રહો રહ્યા છે એ ખબર છે? નહિ, તો આ અંકમાંના 'નાનકડા સૂર્યપુત્રો' વાંચજો. ◖'વનવગડાના વાસી'માં આ વખતે અશેષ ગુજરાતમાં સર્વત્ર નજરે પડતાં સોહામણાં પક્ષી ઝડપાયાં છે ને હરિકૃષ્ણ વ્યાસની 'નવી નજરે' પણ અનેક ખૂણાખાંચરા ખોળી કાઢ્યા છે. ◖ 'જીવનનું પરોઢ', 'પંચતંત્રની વાર્તાઓ' વગેરે અન્ય લેખો ઉપરાંત આ વખતે તો વિભાગોનું વૈવિધ્ય પણ કમાલ આવ્યું છે. ◖ અને છતાં યે, અંકની સમૃદ્ધિના પ્રમાણમાં આ સામૈયું કદાચ લૂખું લાગે તો નવાઈ નહિ.

કુમાર
એપ્રિલ ૧૯૩૯
અંક ૧૮૪

મુદ્રક • બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક • રવિશંકર રાવળ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ: વાર્ષિક રૂ. ૬. બ્રહ્મદેશના રૂ. ૬||. પરદેશના ૧૨ શિ.: મુંબાઇના ખાસ કૅન્વાસિંગ એજન્ટ અને જાહેરખબરના સોલ એજન્ટ શિષ્ટ સાહિત્ય ભંડાર પ્રિન્સેસ સ્ટ્રીટ: બીજા એજન્ટો: આર. આર. શેઠની કં. સી. જમનાદાસની કં. રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ.

કુમાર

આવતી કાલનાં
નાગરિકોનું
માસિક

એપ્રિલ • ૧૯૩૯



કલિકાલસર્વજ્ઞ હે!*

• પૃથ્વી •

‘સુણો જગજનો, દુખ્યાં રખડતાં ન લંકા વિષે
દુખે જ હનુમંતનાં ઢિંચણ એ અહીં ચાલતાં’.
પ્રશસ્ત હતું એવું પટ્ટણ સુલાડીલું હેમનું.
હતું? હજી ય એ રહ્યું! હતું કહેવું તો યે રહ્યું.

ગવાક્ષસુભગા નદી ચિરકુમારિકા વ્હેતી, જ્યાં
તટે કૃપિકકન્યકા મધુર પંખી ટોયાં કરે;
પુરે ગૃહની કુંજ સૌમ્ય પડઘા પડે સૌખ્યના.
શમ્યા જ! પડઘા સ્ફુરંત પડઘા તણા માત્ર હ્યાં!

વિલુપ્તસલિલા છતાં વહી સરસ્વતી પ્રાજ્ઞનાં
પ્રફુલ્લ પ્રતિભાજલે સભર કાળવેળુ વીંધી.
વિલુપ્ત સમી એ ય; ને નવલ રાજ્યરંગો ચગ્યા,
ક્ષણાર્ધ ટકીને શમ્યા, શમી સમૃદ્ધિની પૂર્ણિમા.

શું એ સહુ ય જાણ્યું’તું જ, કલિકાલસર્વજ્ઞ હે,
અમારી વળી અર્ચના અફલ અજ્ઞ–અલ્પજ્ઞની?

ઉમાશંકર જોષી

કલિકાલસર્વજ્ઞને

(પૃથ્વી • વશસ્થ)

વહ્યો પ્રથમ ના પ્રકાશ ગુજરાતનો જે હતો,
પ્રમુક્ત પુરપાટ સિદ્ધ જયસિંહના પૌરુષે
વહ્યો ભરતભોમ સર્વદિશ અક્ષ–રેખાંશપે,
અને ગુજરરાષ્ટ્ર આસ્ય ભરભર્ગપૂર્યું લસે.
શુરાતન હતું, હતું ધન, ઉદાત્તતા યે હતી,
હતાં નહિ પરંતુ ઐક્ય અવિભાજ્ય ને શારદા.


તદા મટી જ સોમ હેમ થઇને, પુરુષર્ષભ!
કર્યું જ ગુજરાત ઠાઠ સહ હેમવંતું ખરે;
ભગીરથ સમાન શારદપ્રવાહ વ્હેતો કર્યો,
અને સુભગ આળખી જ અવિભાજ્ય એકાત્મતા;
સુસંહત સમર્થ મૂકી ગુજરાતને આથમ્યા.
નિશા ઉતરી રાષ્ટ્ર, કર્મભીરુ યે પછી ભોમ થૈ
શમ્યા સહુ ય ઘોષ શારદ તણા, અસિ મ્યાન થૈ,
ગઇ, ગઇ જ પ્રાણજ્યોત, ગઇ તે ન ચેતી ફરી.

આ સિદ્ધપોષ્યા ગુજરાતપ્રાંગણે
શહૂરનાં પ્રાગડ શું ન ફૂટશે?
વિજીગિષા અંકુરશે ન શું ફરી?
કહો, કહોને કલિના મશાલચી!

અશોક હર્ષ

* ‘લંકા ભમતાં જે હનુમાનના પગ ન દુખ્યા તે જો અમારા પાટણમાં આવે તો ચાલીચાલીને એના યે પગ દુખવા આવે એવું વિશાળ અમારૂં પાટણ છે’ એ ભાવની આ કાવ્યની પહેલી બે લીટી શ્રી હેમચંદ્રાચાર્યના ગૌરવગ્રંથ ‘દ્વયાશ્રય’માંથી અવતરણ છે. પછીની લીટીઓમાં ગાએલી પાટણની પ્રશસ્તિમાં ‘હેમ’ અને ‘સરસ્વતી’ શબ્દો ઉપર શ્લેષ છે. પ્રશસ્તિને અંતે કવિ ટોચનો પ્રશ્ન પૂછે છે કે તમે કલિકાલસર્વજ્ઞ હતા તો આ બધું શુ જાણતા હતા?

[કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના સ્મરણમાં તા. ૭–૮–૯ એપ્રિલે પાટણમાં ઉજવાએલા હેમસારસ્વતસત્રને અનુલક્ષીને લખાએલાં કાવ્યો]



સ્વ. નર્મદાશંકર દેવશંકર મહેતા

● ગુજરાતમાં આજકાલ વર્તમાનપત્રોની કીર્તિ જ્યારે દીવાળીનાં દારૂખાનાં જેવું અજવાળું ફેલાવી રહી છે તે વખતે કોઇ-ખૂણે જ્ઞાન અને સંસ્કૃતિના દીપકો બુઝાય છે તેની ખોટ કે કિંમત સમજવા જેવી જાગૃતિ બહુ જ થોડામાં હશે. સ્વ. નર્મદાશંકર મહેતા ગુજરાતનું જ નહિ પણ સમસ્ત ભારતનું એક- વિદ્વદ્રત્ન હતા એ બીના તેમના સતત કારભારો અને જવાબદારીથી ભરેલી પ્રવૃત્તિ પાછળ છુપાઈ રહેતી. છતાં સ્કૉલરોમાં એમની છાપ અને પ્રતિષ્ઠા એટલી પ્રગાઢ હતી કે વિદ્વાનોની ગણત્રી વખતે એમનું નામ મોખરે જ રહેતું. વેદાંત, પ્રાચીન કે અર્વાચીન સાહિત્ય, રાજપ્રકરણ, વ્યવસ્થા કે મહાન યોજનાઓમાં એમની ગતિ સ્થિર અને પ્રકાશવંત રહેતી. તેમણે સરકારી ઉચ્ચ દરજ્જા ઉપરાંત અમદાવાદ અને મુંબઇ મ્યુનિસિપાલિટીઓનાં કારભારીપદો ભોગવ્યાં, અને ખંભાતની દીવાનગીરી શોભાવી તે સાથે તેઓ સાહિત્યગંગામાં યે પુષ્પાંજલિઓ આપી ચૂકયા છે. બૌદ્ધ કે શૈવ સંપ્રદાય ઉપર તેમનું જ્ઞાન પ્રમાણભૂત મનાતું. પ્રખર પંડિતો અને શાસ્ત્રીઓ તેમની બુદ્ધિની તેજસ્વિતા અને નિર્ણયાત્મક દર્શન આગળ વિનમ્ર બનતા.

ભારતીય કલાના પરમ ભક્ત ડૉ. કઝિન્સ ઈ. ૧૯૨૨માં અમદાવાદમાં પહેલવહેલા આવ્યા ત્યારે તેમની સાથેના વાર્તાલાપ પ્રસંગે પ્રમુખપદેથી શ્રી નર્મદાશંકરભાઇએ ઉપસંહાર કરતાં ગુજરાતની કલાની લાક્ષણિકતા ઉપર જે વચનો કહ્યાં હતાં તે હમેશને માટે નોંધવાયોગ્ય ગણાશે.



પ્રત્યેક પ્રાંત પોતાની ભાવનાનુસાર કળાનાં સ્વરૂપો સર્જે છે અને પૂજે છે. બંગાળમાં કાળી પૂજાય છે, કોઇ ઠેકાણે અન્ય દેવી દેવતા ભક્તિ પામે છે, તેમ ગુજરાતમાં સૌમ્ય દેવતાઓ પૂજાયા છે. દ્વાદશ જ્યોતિર્લિંગોમાં ગુજરાતના સોમનાથ પ્રસિદ્ધ છે; અને ગુજરાતના અધિષ્ઠાત્રી દેવી અંબિકા છે. એ રીતે ગુજરાત 'સૌમ્ય' રસનું ઉપાસક છે. આ વાકયોમાં જે સનાતન સત્ય કહેવાયું છે એ આજે મહાત્મા ગાંધીજીના રાજકારણમાં રહેલા સૌમ્ય પ્રકારથી પણ સિદ્ધ થાય છે.

એઓ આવા અજબ સાહિત્યોપાસક હોવા છતાં એમની પ્રવૃત્તિઓએ એમને સાહિત્ય સર્જક થવા ન દીધા. પણ એમણે ખંભાતના દીવાનપદેથી 'ખંભાતનો ઇતિહાસ' જેવો ઉપયોગી મહામૂલો ગ્રંથ તૈયાર કરવા એ રાજ્યને પ્રેરણા કરી એક અચૂક સ્મારક મૂકયું છે.

એમના સ્મૃતિપટમાંથી સંસ્કૃત કે ગુજરાતી કાવ્યોની ધારાઓ છૂટતી ત્યારે ભાષા કેવી શોભે છે તેનો ખરો ખ્યાલ મળતો. એમના મુખમાં શબ્દો કોઇ નવીન રોનકભર્યા અને રણકાર કરતા નીકળતા. એમની વિદ્વત્તા માત્ર ચમકારભરી જ નહોતી; ચાંદની રાતનો આનંદ અને શીતળતા ફેલાવનારી હતી.

પણ વિધાતાની કેટલીક વિચિત્રતાનો ભોગ એ પુરુષ બની ગયા. જીવનના છેલ્લા સમયમાં તેમને લકવો લાગ્યો અને જે વાક્‌સિદ્ધિ કે વિદ્યા 'અચૌર્ય' ગણાતી તે અલોપ થઇ ગઇ અને સ્મૃતિ તેમજ વાચાની અશક્તિએ એમનો જગત સાથેનો વ્યવહાર મૂક બનાવી દીધો.

પણ જ્ઞાનના અનંત વિશ્વમાં તો તેમના આત્માએ શાંતિ જ મેળવી હશે.

હેમસારસ્વતસત્ર

● આ માસની તા. ૭-૮-૯ના દિવસોમાં પાટણમાં સાહિત્ય પરિષદની પ્રેરણા વડે હેમસારસ્વત સત્ર ઉજવાયું. ઇતિહાસનાં આઠસો વર્ષો વીત્યા પછી આજ ગુજરાતની એ અદ્વિતીય પ્રતિમાનું હેમચંદ્ર જ્ઞાનમંદિર રૂપ સ્મારકનું ઉદ્‌ઘાટન થયું. આ પ્રસંગની પાછળ કામ કરતાં પ્રેરણાબળોમાં મુનિશ્રી કાન્તિવિજયજી તથા તેમના શિષ્ય મુનિશ્રી પુણ્યવિજયજીનાં તપ અને શ્રદ્ધાને પહેલો અર્ઘ્ય ઘટે છે. જૈન કોમે આજ સુધી દ્રવ્ય અને જ્ઞાનને કોમના હવાડા બનાવી દીધા હતા તેમાંથી મુક્ત કરી તેમણે સમસ્ત જનતાનાં કલ્યાણ ને જ્ઞાનપ્રસાર માટે શ્રી મોહનભાઇના વારસોને અગ્રભાગી બનાવ્યા એટલો એમનો ગુરુમંત્ર. અને કલ્પના તેમજ પ્રતિભાની આંખે શ્રી હેમચંદ્રસૂરિનું વ્યક્તિત્વ પરખી એમનું જ નામ આવા સ્મારક અને જ્ઞાનસત્ર સાથે જોડી સમકાલીન

સંસારમાં ઇતિહાસમૂર્તિને પ્રજા પાસે ઘટતું સ્થાન અને સન્માન અપાવી રાષ્ટ્રની પૂજા અર્પવી એવો એ ધન્યવાદનો બીજો ભાગ શ્રી કનુભાઈ મુનશીજીનો. વિસારે પડેલું પાટણ આજની દુનિયામાં ફરી વાર ગુજરાતનું જીવતું તીર્થ ગણાશે અને પ્રાચીન મહત્તાની સાખ પૂરતા સહસ્રલિંગના ઉઘડેલા ઓવારા અને રાણીવાવનાં હાડો જોવા જનારાને પુરાતન પાટણના સંસ્કૃતિ–અવશેષો સમા કળા અને સાહિત્યના ભંડારોનાં દર્શન સુલભ થશે. રૂઢિબદ્ધ શ્રદ્ધાએ સાહિત્યને કપડાંના અસ્તરો અને ભંડારોના અંધારા વડે છાવરી રાખ્યું હતું અને જૈન જનતા છતી સામગ્રીએ આજસુધી જ્ઞાન-ભિખારી લાગતી હતી. તે જ પાટણની કળાલક્ષ્મી સમી શિલ્પમૂર્તિઓ અને સ્થાપત્ય ચડાઈ કરનારાં લશ્કરોની ધૂળના ટીંબા નીચે પૃથ્વીના ગર્ભમાં ચંપાએલાં પડ્યાં હતાં એને પાતાળમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કરનાર વિષ્ણુની જેમ વડોદરા રાજ્યે ધૂળનાં અસ્તરો ઉઘાડીને ખુલ્લાં કરી, વર્ણનોમાં સાંભળેલા પણ અગમ્ય અને અકલ્પ્ય વિસ્તારના એ સરોવરની ખ્યાતિ દૃષ્ટિ સન્મુખ સિદ્ધ કરી બતાવી છે.

પણ ગુજરાત હવે શું ભૂતકાળને અર્ઘ્યો જ આપી બેસી રહેશે? શ્રાદ્ધો અને પૂર્વજોની પૂજા જો જીવતી પ્રજામાં પૂર્વની પ્રતિભા અને સંસ્કૃતિનો સંચાર ન કરી શકે તો એ માત્ર વેવલાપણું બની જશે. સિદ્ધરાજે જે રીતે પાટણની સંસ્કૃતિ અને કીર્તિ અર્થે વિદ્વાનો અને સાહિત્યને સમાશ્રય આપ્યો, શ્રી હેમચંદ્રસૂરિ જેવા સાહિત્યસમ્રાટને અગ્રપદે પૂજ્યા અને પાટણ, પંચાસર, ડભોઇ, ઝીંઝુવાડાનાં અપ્રતિમ શિલ્પ-મહાલયો બાંધ્યા એ રીતે કળા અને સાહિત્ય–પ્રજાના સંસ્કૃતિવિહારની ઉભય પાંખો–ને એકસર સંભાળી તેનું દૃષ્ટાંત આજના શ્રીમાનો રાજ્યકર્તાઓ અને વિદ્યાપીઠો નહિ અનુસરે? ગ્રંથો અને પુસ્તકોના સમુદ્ધાર અને સંરક્ષણ માટે જેટલી પ્રવૃત્તિઓ ચાલી રહી છે એના શતાંશ પ્રમાણમાં પણ, અસંખ્ય શિલ્પાચાર્યોના હાથે ઘડાએલી, જગતને આશ્ચર્ય પમાડતી મૂર્તિઓ સ્તંભાવલિઓ જે આડે વગડે ધૂળ ફાકતી પડી છે તેની કાળજી કોઇ કરતું નથી. એ બધાંનો સંગ્રહ અને અભ્યાસ કરવાની સગવડ તેમજ તે ઉપરથી નવાં રૂપ નિર્માણ કરનારા કલાકારોને સમાશ્રય આપવાનો વિચાર પણ હવે સદ્ય થવો ઘટે છે, નહિં તો યુરોપીઅન સંસ્કૃતિએ આપણી કળાવૃત્તિ પર જે દાસત્વ અને મૂઢતા છાવરવા માંડ્યાં છે તેનું નિવારણ કોઇ પુસ્તક પણ નહિ કરી શકે. ર.મ.રા.




પાટણમાં માનનીય શ્રી કનૈયાલાલ મુનશીને શુભ હસ્તે ખુલ્લું મુકાએલું શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર. ઉપર: જ્ઞાનમંદિરની મૂળ પ્રેરણા કરનાર જૈન મુનિશ્રી કાન્તિવિજયજી મહારાજ અને તેમના આદેશ અનુસાર પોતાના પિતાના સ્મરણાર્થે તે બંધાવી આપનાર શ્રીમાન હેમચંદ્ર મોહનલાલ ઝવેરી; નીચેના ચિત્રમાં માનનીય શ્રી મુનશી અને આ કાર્યમાં પોતાના ગુરુ પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી જેટલી જ પ્રેરણા સીંચનાર વિદ્વાન મુનિશ્રી પુણ્યવિજયજી (ફોટો·શ્રી બાબુભાઇ ભાવનગરી–અમદાવાદ)

એક તૃષ્ણામાંથી જન્મતી અનેક તૃષ્ણાઓ સંતોષવા કરતાં મૂળ તૃષ્ણાને દાબી દેવી એ વધુ સહેલું છે.
શૌર્ય કરતાં ધૈર્યનો વિજય હમેશાં વધુ ગૌરવભર્યો હોય છે.
ગુલાબમાં કાંટા જોઇને દુઃખી થવું તેના કરતાં કાંટાળા છોડ પર પણ ગુલાબ ખીલતા જોઇ કાં હર્ષિત ન થવું?

જગતકીર્તિ વરેલા જ્ઞાનયોગી

સર વ્રજેન્દ્રનાથ શીલ



જેના વિના વિપિનચંદ્ર પાલમાં રાષ્ટ્રીયતાનાં અંકુરો ફૂટવા ન પામી હિંદની રાજકીય પ્રવૃત્તિ એટલી ખોરંભે પડી હોત, જેના વગર પ્રફુલ્લચંદ્ર રાય એમના 'હિંદુ રસાયનશાસ્ત્રનો ઇતિહાસ' વડે જગત સમક્ષ હિંદની વૈજ્ઞાનિક મહત્તા પેશ કરી શક્યા ન હોત, કે રાધાકુમુદ મુકરજી એમનો વિખ્યાત 'હિંદી વહાણવટાનો ઇતિહાસ' સરજી શક્યા ન હોત, અને જેનાં વિના આશુતોષ મુકરજી કેળવણીવિષયક ક્રાન્તિમાં પ્રવૃત્ત થવા ન પામ્યા હોત એવા પ્રેરણા-ભાવી હિંદી મહાપુરુષ સર વ્રજેન્દ્રનાથ શીલના ગઈ તા. ૨૭ ડીસેમ્બરના રોજ થએલા અવસાનથી હિંદે પોતાની રાષ્ટ્રીય ને સાંસ્કૃતિક જાગૃતિનો એક મહાન પુરસ્કર્તા ગુમાવ્યો છે. જ્ઞાનના સઘળા જ પ્રદેશો એમના અભ્યાસક્ષેત્રમાં સમાઈ જતા ને એ સઘળા જ પ્રદેશોના છેલ્લામાં છેલ્લી વિગત સુધી અદ્યતન વાકેફ રહેવાનો એમનો પ્રોત્સાહ પણ એટલો ભારે રહેતો કે એમાં રોકાએલા રહેવાને કારણે એમની કૃતિઓ રૂપી સ્થૂલ વારસો જોઈએ તેટલો મેળવવા આપણે ભાગ્યશાળી નથી થયા. જીવનમાં એમણે ચિંતનને જ ખાસ મહત્ત્વ આપેલું; જ્યારે સર્જનને ગૌણ-પદે સ્થાપેલું. એને લઈને તો ઠેઠ ૧૮૯૨માં લખાએલું એમનું 'The Eternal Quest' નામનું કાવ્ય-પુસ્તક રહીરહીને ૧૯૩૭ની સાલમાં જ બહાર પાડેલું.

સર વ્રજેન્દ્રનાથની સામાન્યતઃ ફિલસૂફ તરીકે જ સવિશેષ પ્રસિદ્ધિ હતી, પણ એ વ્યાખ્યાની સાંકડી સીમાંથી એમનો વિહાર પ્રમુક્ત હતો. જગતભરમાં ગૌરવ અપાવનારો એમનો મહામૂલો ગ્રંથ 'હિંદુઓનાં વિધાનાત્મક વિજ્ઞાનો' (Positive Sciences of the Hindus) એમણે આપણને આપેલો અનન્ય વારસો છે. વળી 'વિવેચન પર નવા નિબંધો' પણ આપણને એ આપતા ગયા છે. ગણિતનો તો એમને ખાસ શોખ હતો. અને મ્હૈસુર વિદ્યાપીઠના ઉપ-કુલપતિને પદેથી મ્હૈસુર રાજ્યને માટે પ્રાથમિક શિક્ષણથી તે પોસ્ટ ગ્રૅજ્યુએટ શિક્ષણ સુધીનો શિક્ષા-ક્રમ યોજી આપીને તથા નવું રાજ્યબંધારણ ઘડી આપીને શિક્ષણશાસ્ત્રી ને રાજનીતિજ્ઞ તરીકે એમણે જે કાબેલિયત બતાવી આપેલી એટલી જ કાબેલિયત એમણે રાજ્યાશ્રયે મ્હૈસુરના ઉદ્યોગો વિકસાવી આર્થિક ને ઔદ્યોગિક ક્ષેત્રોમાં બતાવી આપેલી. આમ, અનેકવિધ પ્રદેશોમાં એમની પ્રતિભા પ્રકાશી ગઈ છે.

ઇ. ૧૮૬૪માં એમનો જન્મ થએલો. એમના પિતા ખાનગી મિલકત ધરાવવાની વિરુદ્ધ હતા, પણ તે સાથે સર્વોચ્છેદક ક્રાન્તિથી યે વિરુદ્ધ હતા. વકીલ તરીકે જમીનદાર અસીલો પાસેથી એ જબરી ફી વસુલ લેતા. પણ એમાંથી પોતાને માટે માત્ર નિર્વાહ પૂરતું જ રાખી બાકીનું બધું દાન કરી દેતા. એશઆરામ તરફ એમને ખાસ ચીડ હતી ને તે એટલે દરજ્જે કે પોતાનાં સંતાનોને કદી મિઠાઈ સુદ્ધાં એ ખાવા ન દેતા!

આવા સિદ્ધાંતચુસ્ત પિતાના હાથ નીચે તાલીમ પામેલા વ્રજેન્દ્રનાથે કુમારજીવનમાં જ જીવનના ત્રણ મુદ્રાલેખો ઘડી લીધા હતા; (૧) વિદ્યાસંપન્ન બન; (૨) એકી વખતે એક જ વિષયને હાથ કર; અને (૩) એમાંથી તારા જીવનને અનુરૂપ તારતમ્ય ખોળી

જેણે પોતાની સર્વતોભદ્ર પ્રતિભા વડે જ્ઞાનનો એકેએક પ્રદેશ ઉજાળ્યો

કાઢ. એ કહેતા તે મુજબ આ ત્રણ મુદ્દાઓમાં સ્વયં-શિક્ષણનું સઘળું સત્ત્વ આવી જાય છે.

સ્વામી વિવેકાનંદ (એ વખતે નરેન્દ્રનાથ દત્ત)ના એ સહપાઠી હતા. જનરલ ઍસેમ્બ્લીઝ ઇન્સ્ટીટ્યૂશન (જે હાલ સ્કૉટિશ કૉલેજ ચર્ચ નામે ઓળખાય છે તે)માં અભ્યાસ કરીને એમણે ઇ. ૧૮૮૪માં કલકત્તાની સિટી કૉલેજના પ્રોફેસર તરીકે વ્યવસાયી કારકિર્દીની શરૂઆત કરી. ભારતવર્ષની સારસ્વત પ્રવૃત્તિમાં આજે મોખરે રહેલી અનેક વ્યક્તિઓ એમના જ્ઞાનાર્ણવનો પ્રસાદ પામેલી છે. આ ઇરાદાપૂર્વક લખેલા 'જ્ઞાનાર્ણવ' શબ્દમાં રખે કોઇને અતિશયોક્તિનો ભ્રમ થાય; કારણ આંતરરાષ્ટ્રીય ખ્યાતિના લેખક શ્રી વિનયકુમાર સરકાર જેવાએ પણ એમને 'Walking Encyclopaedia of Indian Sciences' ગણાવેલા છે. શ્રી ટાગોરની વિશ્વભારતીની સ્થાપનાના પુરોહિત પણ એ જ બન્યા હતા.

પ્રથમ પંક્તિના ફિલસૂફ તરીકે તો એમણે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી હતી. એમનું 'હિંદના વિધાનાત્મક વિજ્ઞાનો' આજે જગતની શારદાપીઠોમાં ભારતીય તત્ત્વજ્ઞાનની ઉત્કૃષ્ટ કૃતિ તરીકે આદરપાત્ર બન્યું છે. સંસારભરના બુદ્ધિવૈભવમાં એમણે આજીવન આગળપડતો હિસ્સો આપેલો. ૧૮૯૯માં રોમ ખાતે ભરાએલી આંતરરાષ્ટ્રીય પૌર્વાત્ય મહાસભામાં હિંદી પ્રતિનિધિ તરીકે એમની વરણી થએલી. માનવવિકાસ ને સંસ્કૃતિ-વિકાસ ઉપર પણ એ એટલા પ્રમાણભૂત મનાતા કે ૧૯૧૧માં લંડનમાં ભરાએલી પ્રથમ આંતરરાષ્ટ્રીય જાતિપરિષદની ઉદ્ઘાટનક્રિયા એમને જ હાથે થએલી.

પરંતુ પૌર્વાત્ય ને પાશ્ચાત્ય તત્ત્વચર્ચાના એમના ગ્રન્થો ને નિબંધો કરતાં પણ શ્રી શીલના સમર્થ વ્યક્તિત્વનું સાચું પ્રતિબિંબ તો એમની આત્મકથા જ પાડે છે. તાજેતરમાં જ એ બહાર પડી છે. અફસોસ એટલો જ કે એ જીવતાં એને પુસ્તકરૂપે ન જોઇ શક્યા.

એમના અવસાન પહેલાં, ઇ. ૧૯૩૫માં શ્રીયુત રવીન્દ્રનાથ ટાગોરે એમના પર લખેલું આ ઉદ્બોધન એ કલ્યાણયાત્રીના જીવનનો સાચો મર્મ સમજાવે છે.

On the inaccessible heights of knowledge
Thou art soaring in supreme majesty,
O thou Pilgrim
In regions where ridges of self-realization
Embrace thy far-reaching vision,
Where from deep caverns emerge
The ocean-going Message in rock-clearing current
Building over new banks of Pilgrimage.

અનાહત રહ્યો તું રાજી ગિરિ-જ્ઞાન-ઉત્તુંગ પે
મહત્તમ સુગૌરવે અમિત-ધી મહાયાત્રી ઓ!
જહીં પરમ આત્મલબ્ધિ તણી માળ એ વિસ્તરી
રહે ક્ષિતિજ ચૂમતી ગહન આર્ષદૃષ્ટિ તણી,
જહીં વિવરથી ઊંડાં ફૂટી અનેક સોહામણા
પખાળી ખડકો, અને નવકિનાર યાત્રા તણા
રચી અવનવા વહે ઉદધિગામી આદેશ કો.

અશોક હર્ષ

માતંગનું વેર (અનુસંધાન પૃષ્ઠ ૧૫૨થી ચાલુ)

અને અહીં હાથી ઉછળી ઊઠ્યો. ચીસો મારતાં તેણે આમતેમ હવામાં સૂંઢના સપાટા વીંઝ્યા, કમાઉના મુડદાને તેણે વધુ ભીંસી નાખી દૂર ઘા કરી દીધો ને ત્યારે જ તેને ભાન આવ્યું કે દુશ્મન પોતાને આબાદ છક્કડ આપી છટકી ગયો હતો. એ ભાન થતાં જ એનો રોષ અમર્યાદ બન્યો. બમણા જોરથી ઉછળતો ને ચીસો પાડતો, પવનની દિશા પકડી તે જલ્લાદ શો ધસમસ્યો.

હવે જ વાર્ગાને સાચી હાશ વળી. પહેલાં કરતાં યે બરૂમાં વધુ ઊંડા પેઠેલા તેના કાનોને ઝાડડાંખળાંનો કડેડાટ સાવ દૂર ગએલો લાગ્યો ત્યારે જ તે બહાર નીકળ્યો. તેના આ બચાવનું કારણ પોતાની જાતને સંતાડવામાં આ વખતે તેણે વાપરેલી ચોકસાઇ હતી કે પવનની પ્રતિકૂળતા, તેનો તાર્કિક નિર્ણય કરવાનો તેને વખત ન હતો. તેણે તો સીધી અવાજની વિરુદ્ધની દિશામાં દોટ મૂકી દીધી.

ખુશહાલ તે પોતાને મથકે પહોંચ્યો ત્યારે કોઇ પણ ઉપાયે ઝટ વતન ભેગા થઇ જવાની એકમાત્ર ઇચ્છા તેને રહી હતી. આફ્રિકા આવવામાં તો તેણે ભૂલ કરી જ હતી, પણ એથી યે મોટી ભૂલ તેણે હાથીઓના શિકારના લોભમાં પડવામાં કરી હતી એમ હવે તેની ખાતરી થઇ ગઇ હતી.

(અંગ્રેજી ઉપરથી) **'રેનિન'**



વાર્ની ખંધાઈથી સરી છૂટવાનો ઘણો યે પ્રયત્ન કરતો; પણ બીજી જ પળે હાથી તેને ટાંટિયે ઘસડી પોતાના પગ વચ્ચે લાવી મૂકતો.

દુનિયાની ધમાલમાંથી છૂટી નીકળી ટેડ વાર્નીએ વર્ષેક થયાં આફ્રિકાના અંતરાળની રખડપાટ આદરી હતી. અચૂક નેમવાળો એ રીઢો શિકારી દુનિયાના અનુભવે ઠીકઠીક ગઢાયો હતો અને ખાધે-પીધે સુખી હતો. પરંતુ કૉંગોની હદમાં પ્રવેશ્યા પછી તો તેને એકદમ હાથીદાંતોમાંથી માલેતુજાર બની જવાની મહેચ્છા જાગી ઊઠી. મોટા દંતૂશળવાળા જંગી હાથીઓના શિકાર કરી તેમાંથી લક્ષ્મી મેળવવાની એના અંતરમાં ધૂંધવાતી એ આગ આજે ઓચિંતી ભભૂકી ઊઠી અને બગલથેલો ને જેફરી બંદૂક ખભે નાખી તે તરત જ પોતાના સ્થાનિક શિકારી દોસ્ત સ્ટ્રિકલૅંડ પાસે જવા ઉપડી નીકળ્યો.

તેની ચાલ ઝડપી હતી. માઇલોનાં માઇલો તેની સામે ખેતરવા બની જતા. વધતી અધીરતા તેના પગોમાં વધુ ને વધુ જોશ પૂરવા લાગી હતી. પગલે પગલે ભૂતકાળની યાદ તાજી થતાં વાર્નીને આ કાળીધાકોર ભૂમિમાં પગ મૂકવા બદલ પોતાની જાત તરફ કંઇક ક્રોધ ઊપજ્યો ને એથી યે વધુ તેનો રોષ આફ્રિકા પર ઢળ્યો: 'યા ખુદા! આ આફ્રિકા! અને આ તેનું સંગદિલ બેલ્જિયન કૉંગો!' એણે નિસાસો નાખ્યો. પણ . . . પોતે ઉઠાવેલા સાહસના પરિણામની આશાએ પાછો તેને તંદ્રામાં નાખી દીધો ને પગલે પગલે સીસોટીનો તાલ પૂરતે તે આગળ વધી રહ્યો.

ત્રીજે દિવસે તે સ્ટ્રિકલૅંડના કાફલા પાસે જઇ પહોંચ્યો. સ્ટ્રિકલૅંડ તો ત્યાં નહોતો. પણ એની સફરીના વ્યવસ્થાપક કમાઉને વાર્ની બરાબર પિછાનતો હતો. સ્ટ્રિકલૅંડ આવી પહોંચે એટલા વખતમાં એકાદ હાથી પાડી આવવાની એની અધીરાઇ ઝાલી રહી નહિ અને તેણે કમાઉને પોતાની સાથે ચાલવાનો હુકમ કર્યો. કમાઉ તરત પોતાની સ્પ્રિંગફીલ્ડ બંદૂક ખભે નાખી વાર્ની સાથે ચાલી નીકળ્યો.

થોડી જ વારે દિવસ આથમ્યો અને દૂર દૂર સુધી પથરાએલી કેળ ને બરૂની ઝાડીઓની પાર્શ્વભૂમિ જેમ ઊભેલી ટેકરીઓ ક્ષિતિજમાં અવનવાં છાયાચિત્રો રચવા લાગી. થોડી વારમાં તો આફ્રિકાની ઝડપી રાતે એ બધાં પર કાળી ચાદર પાથરી દીધી. એક સરસ આરામસ્થાન શોધી વાર્ની ને કમાઉએ બંદૂક ઓશીકે મૂકી બીજા દિવસની રાહ જોતાં લંબાવી દીધું.

હજુ પરોઢ પણ નહોતું ફાટયું ત્યાં કમાઉએ વાર્નીને ઓચિંતો હલગલાવી ઉઠાડ્યો: 'ટેંબો, બાના! ટેંબો કતી કાંઇઝી!' સામેની ઝાડી તરફ આંગળી ચીંધતો તે બોલ્યો ને એ સાંભળતાં જ વાર્ની બંદૂક ઉપાડતો ઉછળી ઊઠ્યો. કેળની ઝાડી તેણે જોઇ. ઝડપી વંટોળિયો ફરી વળ્યો હોય તેમ જડમૂળમાંથી ઉખડી નીકળેલાં ઝાડોના ઢગલા પણ તેણે એકીટશે નિહાળ્યાં.

કમાઉએ ઇશારત કરી અને તરત બંને ઉપડ્યા.

થોડી વાર તો પગેરૂં ટોળેબંધ જણાયું, પણ જેમ જેમ આગળ વધતા ગયા તેમતેમ જુદીજુદી દિશાએ

આફ્રિકાના કાળાધાકોર અંતરાળમાં એક પ્રમત્ત ગોરા શિકારીનો મદ ઉતારનાર

માતંગનું વેર

નોખાં પડતાં પગલાં જણાતાં ગયાં.

'પંજો, બાના પંજો!' એક પગલા તરફ આંગળી ચીંધતાં કમાઉ બોલ્યો. વાર્નીને પણ એ જોતાં લાગ્યું કે એ કોઇ જેવાતેવાનું નહિ પણ પુખ્ત ને કદાવર હાથીનું પગલું હતું. હજુ સુધી તેણે કદી હાથીનો શિકાર કર્યો ન હતો, પણ તેથી શું! તેની વીંધ અફર હતી ને હરકોઇ પ્રસંગે મગજનું સમતોલપણું જાળવી રાખવાની તેનામાં ધીટતા યે હતી. એટલે જ પોતે આફ્રિકામાં નવો હોવા છતાં તેણે આટલું સાહસ વહોર્યું હતું.

આગળ વધતાં ઝાડી એવી તો ગીચ આવતી ગઇ કે તદ્દન પડોશમાં આવી ઊભેલા પ્રાણીની યે જલદી સૂઝ ન પડે! ને એમાં કદાચ હાથી જ સામે આવી લાગે તો? વાર્નીએ થોડીવાર માથું ખંજવાળ્યું, પણ પછી તરત સ્ટ્રિક્લૅંડે વારંવાર કહેલું યાદ આવ્યું કે મગજ પરનો ઘા હાથીને વધુમાં વધુ જીવલેણ નીવડે છે. પણ ચાલતા હાથી પર એ નેમ સફળ નીવડે ખરી? ગમે તેમ, તેને પોતાની જેફરી બંદૂકમાં વિશ્વાસ હતો ને એ વિશ્વાસે તેને કુશંકાઓમાં આશ્વાસનનું કામ આપ્યું.

ત્રણ કલાક થયાં તે અને કમાઉ આગળ વધી રહ્યા હતા. ઘણી વાર પગેરૂં મૂકી દઇ તેઓ આડરસ્તો પણ લેતા ને ક્યારેક ઓચિંતા અટકી પડી જમીનપર કાન પણ માંડી જોતા.

પરસેવો લૂછતા તે રાતના આરામની વાત ઉપાડતા હતા ત્યાં તો થોડે જ દૂરનો ઓચિંતો કડેડાટ તેમના કાને પડ્યો. આડી અવળી ગૂંથાએલી જાળીઓ વચ્ચેથી નજર દોડાવતાં બંનેને એક ફફડતો કાન નજરે પડ્યો ને ભયથી બંને જણ થોડાં પગલાં પાછા હટી ગયા. નીચે હજુ ઝાંખું અંધારૂં હતું. પણ ઝાડીની ટોચ પર પ્રકાશની રેલ રેલાતી જતી હતી. પંખીઓનું સંગીત શરૂ થયું હતું ને જંગલી ફૂલો પણ ખીલી નીકળ્યાં હતાં.

એ માટે તો નીકળ્યા જ હતા; ત્યારે 'કર્યું તે કામ'-ની નીતિવાળા વાર્નીને ઝાઝો વખત જવા દેવો મુનાસિબ ન લાગ્યો. તેણે બંદૂક તૈયાર કરી રાખી ને ઝાડીની બીજી બાજુએથી શિકારની સારી સોઇ થાય એમ હોય તો તે નજરાવવા કમાઉને તેણે તે તરફ મોકલ્યો.

થોડીવાર ગઇ ત્યાં તો, અરે રે! હાથીએ પણ પાછા જવા માંડ્યું. વાર્નીની બંદૂક તો તૈયાર હતી, પણ એકલા કાન પર તેની નેમ કામ આવે તેમ ન હતું; ને હવે તો હાથી યે અદૃશ્ય થયો. કમાઉ? એની પાસે સરસ સ્પ્રિંગફીલ્ડ બંદૂક તો હતી, પણ...! વાર્ની દિઙ્મૂઢ બની ઊભો રહ્યો. તેનાં અંગોમાંથી શક્તિ જાણે નીચોવાવા લાગી હતી!

'યા ખુદા!' વાર્નીને કાને કમાઉની તીણી ચીસ અથડાઇ અને તે ફફડતો બોલી ઊઠ્યો. એ ચીસ એના કાનોમાં પૂરી ઝીલાઇ ન ઝીલાઇ અને તે દોડ્યો. પણ સૂકા ઘાસ અને બરૂઓમાં થતા તેના પગોના ખખડાટ કરતાં યે જબરો ખખડાટ પાછળથી તેને કાને પડ્યો. તોફાનમાં હીંચતી નાવ જેવો, ઝનૂની ક્રોધે સળગતો હાથી ઘમસાણ મચાવતો તેની જ પાછળ પડ્યો આવતો હતો! અને હાથીએ પકડેલી પૂંઠ જમથી યે વધુ જક્કી હોય છે એ વાર્ની જાણતો હતો. થઇ રહ્યું; આવી બન્યું!

પણ ગમે તેવો તો યે વાર્ની શિકારી હતો; ને હજુ હાથી પણ કંઇ એટલો નજીક આવી લાગ્યો ન હતો. એણે મોરચો ફેરવ્યો ને ઝાડની ઓથે રહી મોજા જેમ સર્યો આવતા હાથી સામે પોતાની માનીની જેફરીની નેમ તાકી. તેનો ઇરાદો તો પોતાનું નામોનિશાન મિટાવી દેવા તલપાપડ બનેલી હાથીની આંખો જ વીંધી નાખવાનો હતો. પણ શું નસીબ? વીંધ નિષ્ફળ ગઇ!

વાર્ની કંપી ઊઠ્યો, પણ તરત તેણે મગજ હાથ કરી લીધું. બાર થતાં જ હાથી પળવાર અટક્યો ને એ એક પળનો, સાબૂત દિમાગવાળા વાર્નીએ તોળીતોળીને લાભ લીધો. બીજો બાર તેણે એ જ ખૂની આંખો પર તાક્યો.

ચોટ પાર ઊતરી. પરંતુ એની સાથોસાથ જ જાણે જ્વાળામુખી ફાટી નીકળ્યો હોય તેમ ધરતી પર ધમધમાટ ને વાતાવરણમાં કંપ ફેલાઇ રહ્યો. જિંદગીમાં વાર્નીએ કદિ હાથીને આવો ગાંડો બનેલો જોયો ન હતો. તે મૂઠીઓ વાળી નાઠો ઊડતી રેતી તેના હાંફતા

મોંમાં પેસી જતી તેની યે તેને દરકાર ન હતી. એક જ ભાન તેને રહ્યું હતું ને તે પોતાની કયામત ઘડી-પળમાં આવી લાગવાનું.

હાથીને પોતાની નજર બહાર જોતાં જ, શિકારીના હાથમાં સપડાએલા શાહમૃગ જેમ, વાર્નીએ કશી ગતાગમ વગર કેડપૂર બરૂઓનાં સાંઠા વચ્ચે પોતાની જાતને ઢાંકી દીધેલી. પણ ભયથી મુક્તિ મેળવી હોવાનું હજુ તેનું હૃદય ના પાડતું હતું. થાક અને ભયથી અંધારાં વળતી તેની આંખો દરેક પળે નવી છાયાછબીઓ ઊભી કરતી હતી: 'એ હાથી આવ્યો; આ તેની સૂંઢ પોતાનું ગળું દબાવી દેવા ફાંફાં મારે છે...ઓહ, ભરડો વળ્યો: ગળું રૂંધાતું જાય છે, ચીસ નીકળતી નથી, . . . ઓ... યા પરવરદિગાર!'

વાર્નીએ પોતાની આંખો આડા હાથ દઇ દીધા. ઠંડા પરસેવામાં તેનું શરીર નીતરી રહ્યું. પણ એ લૂછવા તેના હાથ લંબાય તે પહેલાં તો તેના કાને એ જ દિશાએથી આવતો એક ધીમો ધબકાર સાંભળ્યો. સાબર-સસલાંના શિકારીને ક્યાંથી ખ્યાલ હોય કે હાથીની વેરલાલસા કેવો ઠંડો ને ધીમો છતાં કારમો ને અચૂક માર્ગ શોધે છે? મુક્તિનું હજી કંઇ બારૂં હોય તો તે નજરાવી લેવા એ ઊંચો થયો; પણ સીધી તેની નજર એક આંખે તેને જ શોધી રહેલા હાથીની નજરમાં પરોવાઇ ગઇ ને તે અદ્ધર ને અદ્ધર પત્થર જેમ સજ્જડ થઇ ગયો.

પણ તેના આશાવાદી પુરુષાર્થે ફરી ઉછાળો માર્યો. હાથીની જમણી આંખ તો ફૂટી ગઇ હતી ને? અને નાસીને ઉગરી જવાની આશા વેગળી જ હતી, તો મોતની શરતમાં ઊતર્યા પહેલાં તેની બીજી આંખનો યે ફેંસલો શા માટે ન આણી દેવો?

તેનો નિશ્ચય થઇ ગયો, પણ બંદૂક બગલમાંથી તે હજુ બહાર કાઢવા જાય છે ત્યાં બરાબર એ જ વખતે તેને પોતાની ઘૂંટી પર ઠંડો લીસો સળવળાટ થતો જણાયો. તે કૂદવા ગયો, પણ ભરડો જામી ગયો હતો. તુર્ત જ તે પટકાઇ પડ્યો. તેની બંદૂક પણ દૂર ઉછળી પડી. બીજી જ પળે તેને સૂંઢમાં અદ્ધર લટકતો ઉપાડી હાથી ચાલતો થયો. આવી તોતીંગ કાયા છતાં હાથી આટલો નીરવ કેમ ચાલી શકે છે એ વાર્નીને હજુસુધી કોઇએ સમજાવ્યું ન હતું.

હાથી થોડી વાર તો એને એમ ને એમ લઈ ચાલ્યો, પણ પછી એક જરા મોકળાશવાળી જગ્યાએ કશી ઇજા કર્યા વગર પોતાના પગ વચ્ચે તેને મૂકી દીધો. વાર્નીની નજર તરત બીજે પડખે દોડી. કમાઉનું જ એ લોહી નીંગળતું શબ હતું. રોમેરોમે જાણે સખત આંચકો લાગ્યો હોય એવી દબાએલી ચીસ તેના મોઢામાંથી નીકળી પડી. ને એ સાથે તો હાથીએ તેને ફરી કેડમાંથી ઉપાડ્યો. થોડી વાર હવામાં અદ્ધર ઝુલાવ્યો ને વળી પાછો દાનવી ચણુતર જેવા પોતાના પગ પાસે તેને પહેલાંથી યે વધુ નજીક લાવીને મૂક્યો.

'શું? આવું કમબખ્ત મોત?' વાર્નીને કંપ છૂટ્યો. બિલાડી ઊંદરને રમાડે તેમ હાથીએ તેને રમાડવું શરૂ કર્યું હતું. ભવિષ્યનો પૂર્વખ્યાલ આપવા જ કમાઉના મુડદા પાસે એ તેને ઘસડી લાવ્યો હતો. ઉકળાટ, ગુસ્સા ને અવશતા વચ્ચે તે ધુંવાંપૂંવાં થવા લાગ્યો.

અને હાથીએ તો ખરી આદરી. થોડી વાર વાર્નીને મૂકી વળી તે કમાઉની કચરાએલી લોથનો વધુ કચ્ચરઘાણ વાળવા મંડતો ને વાર્ની ત્યારે બંધાણથી સરી છૂટવાનો પ્રયત્ન પણ કરતો. પરંતુ હાથી બીજી જ પળે તેને ટાંટિયે ઘસડી પાછો પોતાના પગ વચ્ચે મૂકી દેતો!

પણ આગળ કહ્યું તેમ વાર્ની એક ઉટાંગ ભેજાબાજ હતો. એણે જાણી લીધું હતું કે હાથીની જમણી આંખ ફૂટી ગઇ હતી. કિસ્મત પણ દીવા જેવું સ્પષ્ટ હતું. તો પછી હાથ રહેલી કરામત એ અંતિમ પળોમાં કાં ન અજમાવી જોવી? કિસ્મતનાં પાસાં અણધાર્યાં જ ફરે છે ને? ને એ ફેરવવાની શકયતા ઊભી કરતી આવડત તો એનામાં હતી જ. ખરેખર, એ કરામતી ભેજાને એ યોજના આબાદ સૂઝી આવી. બ્રીચિસના ખીસામાંથી એણે સિગારેટ લાઇટર સેરવી કાઢ્યું ને બીજીવાર હાથીની સૂંઢ તેને વીંટળાઈ તેવું જ તેણે એના પર એ ચાંપી દીધું. હાથીએ લાગલી સૂંઢ ઊંચી લઇ લીધી ને હવામાં તેના ઝાટકા મારવા લાગ્યો.


પળ પણ ગુમાવ્યા વિના તરત વાર્ની તેના પગ વચ્ચેથી સરી નીકળ્યો ને સીધી તેની આંધળી બાજુએ દોટ મેલી દીધી. બસ; આ છેલ્લો જ પાસો હતો. એમાં નાસીપાસી એટલે મોતનો ભેટો. (અનુસંધાન પૃષ્ઠ ૧૪૯મે)



કલકલિયો

એક જાપાની ચિત્ર

અવકાશને આવરી લેતી તાલબદ્ધ રેખાઓના આવેગ અને સંવેગનો બહુ યુક્તિભર્યો સુંદર પ્રયોગ એ જાપાની ચિત્રકામનું મુખ્ય લક્ષણ છે. વસ્તુ અથવા પાત્ર કોઇ કથા, વાર્તા કે ઇતિહાસ સાથે જરા યે લેવાદેવા ન ધરાવતું હોય, પણ તેના નૈસર્ગિક બંધારણમાં તે જેટલા પ્રકારે સૌંદર્યવિધાન આપી શકે તેનો પ્રયોગ કરવામાં જાપાની કલાકારોની નિપુણતા સર્વોપરી છે. આ ચિત્રમાં પાણીની શાંત સપાટી પર ડોલતી ડાળી પર આવી બેઠેલું પક્ષી (કલકલિયો), અને પાણીમાંના શિકાર પરની તેની નજર એ કુદરતમાં બનતા રોજનો પ્રસંગ હોવા છતાં એ સર્વ આપણી આંખને આ રેખાવિધાનના બળથી જ જૂદું આકર્ષણ કરી રહ્યાં છે.



ભૌમિતિક ચિત્રણાનું અશબ્દ શિક્ષણ આપતું **જાપાની ચિત્રપોથીનું એક પાનું** વિસ્તૃત સમજણ માટે જુઓ પૃષ્ઠ ૧૭૬મું

ત્રિપુરીની રાષ્ટ્રીય યાત્રા



પ્રાંતીય સ્વરાજ ભોગવતા હિંદનો નકશો. જેમાં ત્રાંસી લીટીની છાયા-વડે દર્શાવેલો લગભગ અરધો દેશ મહાસભાના અમલ હેઠળ છે. ટપ-કાંવાળા પ્રદેશો બીનમહાસભાવાદી અમલ અને સફેદ ભાગ દેશી રાજ્યો નો અમલ દર્શાવે છે. (I.W.MAP)

હિન્દી રાષ્ટ્રીય મહાસભાની બાવનમી બેઠક, જેના દર્શન માત્રથી પવિત્ર થવાય છે એવી નર્મદા નદીને કિનારે, ત્રિપુરી ગામની પાસે, વિષ્ણુદત્તનગરમાં મળી હતી.


અરધી સદીથી આ દેશે પોતાના સર્વે ધર્મોને સ્વ-દેશધર્મમાં સમાવી દીધા છે અને પોતપોતાના દેવોને હિન્દમાતામાં મેળવી લીધા છે. મહાત્માજીની મહત્ત્વા-કાંક્ષા હતી કે આપણા કુંભમેળા જેવો જનસમાજનો ભવ્ય મેળો મહાસભાનો પ્રસંગ બનવો જોઇએ. હરિપુરા મહાસભા વખતથી એમની એ મનોકામના સિદ્ધ થઇ છે.

રાષ્ટ્રપતિના રથનું બાવન હાથીનું સરઘસ જોવા એ મહાકોશલ દેશનાં ગામડાં અને શહેરોમાંથી આ-બાલવૃદ્ધ લાખો લોકો આવ્યા હતા. વિષયવિચારિણી સભા કેવા ઠરાવો ઘડે છે તેની એમને કંઇ પડી ન-હોતી. એ તો એટલું જ જાણતાં હતાં કે મહાત્મા ગાંધી અવતારી પુરુષ છે. હિન્દને સ્વરાજ્ય અપાવ-વાનો આ મેળો છે અને ખેડૂતો તથા મજૂરોનું ક-લ્યાણ કરવા દેશના દેવતાઇ પુરુષો અહીં આવ્યા છે.


મહાભારતમાં કોઇ નગર રચવાનાં હોય કે યજ્ઞ સમારંભ કરવાના હોય ત્યારે મય દાનવને બોલાવ-વામાં આવતા, અને એ મય દાનવ તથા એનું ગોત્ર મળીને માયાવી નગરો ઝડપથી રચી આપ્યાનાં વર્ણનો આવે છે. મહાસભા માટે પણ આધુનિક મય દાનવો મળી રહે છે. હરિપુરામાં નન્દબાબુ, રવિશંકર રાવળ અને કનુ દેસાઇએ કમાલ કરી હતી. અને જણાવતાં આ-નંદ થાય છે કે, ત્રિપુરીમાં એ મહાકોશલદેશ સુધી પણ ગુજરાતના જ સ્થપતિની કાર્યરેખા ઝળકી ઊઠી હતી. શ્રીયુત વીરેન્દ્રરાય મહેતા જેઓ નાગપુર નગર-રચના ખાતામાં અધિકારી છે એમણે ત્રિપુરીના એ વિષ્ણુદત્ત નગરની માયાવી રચના કરી હતી.

નર્મદાના કિનારે, વિન્ધ્યાચળ પર્વતોના વનમાં, ભવ્ય દરવાજા, મિનારા, મંડપો, સભાગૃહો, ઝંડા-ચોક, નેતાનિવાસ, પ્રાન્ત પ્રાન્તના ઉતારા, બજારો, રસ્તા, સ્વયંસેવકો અને સ્વયંસેવિકાઓનાં રહેઠાણો, દવાખાનાં, અને છેવટે ભપકાદાર રોશની તેમજ સુંદર રોનકથી શોભતો ખૂણાખૂણા~~ઓ, એક લાખ મા-~~ણસો સમાઇને સાંભળી શકે એવો મહાસભાનો મં-ડપ ઇત્યાદિથી જંગલમાં મંગલ થઇ ગયું હતું. આઠ દિવસ માટે બધે રંગરાગ, ગીત–વાદ્ય, ભાષણો, કથા-ઓ, પૂજા–વાર્તાલાપ, મોટરોની દોડાદોડી, યાત્રીઓની હાર ને હાર—આવો અનેકવિધ, સુવ્યવસ્થાભર્યો ઉત્સવ, આનન્દ અને કલ્લોલ વ્યાપી ગયો હતો.

પ્રદર્શન પણ સરસ હતું. ખાદીની આ વર્ષ દર-મ્યાન કેટલી બધી ઉન્નતિ થઇ છે તે જોઇને દેશની



લેખક
ડૉ. હરિપ્રસાદ
વ્રજરાય
દેસાઇ



ત્રિપુરી મહાસભાના સ્વાગતાધ્યક્ષ શેઠ ગોવિંદદાસ
અને પંડિત જવાહરલાલ નહેરૂ

કળા અને બુદ્ધિકૌશલ્યને માટે ગૌરવ થતું હતું. રેશમ, ઊન, સુતર, કસબ ઇત્યાદિમાંથી તરેહ તરેહનાં અદ્ભુતરંગી વસ્ત્ર ખાલી ઊઠ્યાં છે. સુરુચિ અને સૌંદર્યનો અપાર વિકાસ થયો છે. આ ઉપરાંત ગ્રામ્યઉદ્યોગો, કેળવણીનાં સાધનો, કાગળ, ચર્મ, ધાતુનાં વાસણો, રમકડાં, મૂર્તિઓ, ચિત્રો, ગૃહશૃંગારની વસ્તુઓ, સંચા, ઇન્ડીપેનો, હાડકાં દાંત અને મિનાકારીનો સામાન ઇત્યાદિ ઘણી ચીજો દેશમાં સોંઘી અને સારી બની રહી છે તે પ્રદર્શનમાં પ્રત્યક્ષ થતું હતું.

આ મહાસભામાં પહેલાં કોઇ સ્થળે નહિ થએલી એવી નવી રચના શહીદ ચોકની હતી. પ્રાન્તપ્રાન્તના શહીદો જેમણે દેશને માટે જાન આપ્યા છે એમના માનમાં ત્યાં સમાધિઓ અને સ્તંભો ઊભા કર્યા હતા. દરરોજ સાંજનાં ત્યાં કોડીઆમાં દીવા થતા અને પુષ્પો ચડાવવામાં આવતાં. મને ત્યાં રોજ એક ક્રાંતિકારી કવિનું ગીત સાંભરી આવતું. ફાંસીએ ચડતા એક દેશભક્તના ઉદ્‌ગાર દર્શાવતાં કવિએ લખ્યું છે કેઃ

યે ખૂન કો હમારે યારો ન ભૂલ જાના
યારો! ન ભૂલ જાના;
સુની પડી કબર પર, સુની પડી કબર પર
દો ફૂલ તો ચ્હડાના
યારો! ન ભૂલ જાના.

બીજા એક ગીતમાં આવે છે કે, 'હે દેશબાન્ધવો, અમારી હાડ્ડી સ્મશાનમાં લઇ જાઓ ત્યારે તે પર આપણી માતૃભૂમિની થોડી માટી નાખજો! શહીદ ચોકના દીવા અને ફૂલો જોઇને મહાસભાનો કોઇ પણ યાત્રી આંસુ પાડ્યા વગર ભાગ્યે જ રહ્યો હશે.

ઝંડાચોક પાસે બૌદ્ધ સાધુઓ, આખો યે વખત મોટો ઢોલ વગાડ્યા કરતા અને પ્રસંગની પવિત્રતા તેમજ ભવ્યતામાં વધારો કરતા હતા. ઢોલ વગાડવાનો હેતુ એમના મત પ્રમાણે આવા માંગલિક અવસરને કોઇ વિઘ્નો ન નડે એ હતો. અને ખરે જ, આ વખતની મહાસભાને જોકે ઘણાં વિઘ્નો નડેલાં, પરંતુ દેશની દૈવીસંપત્તિનું બળ એ સૌ વટાવી શક્યું.

જેલોમાંથી છૂટેલાઓની એક પરિષદ ઝંડાચોકમાં મળી હતી. એ પરિષદમાં કાળાપાણીએથી આવેલા, જન્મટીપમાંથી છૂટેલા, દેશવટા ભોગવેલા અને સ્વદેશને માટે સર્વસ્વ ગુમાવી બેઠેલા ઘણા મહાપુરુષો હતા. એ બધા તો આપણા કહેવાતા દેશનેતાઓની મશ્કરીઓ કરતા, ઠરાવોના શબ્દો માટે લડનારાઓને ધિક્કારતા, થોડીથોડી જેલો ભોગવી આવીને નામો



ત્રિપુરી મહાસભાના વિષ્ણુદત્તનગરનું વિહગ દૃશ્ય




રાષ્ટ્રપતિના રથને જોડવામાં આવેલા બાવન હાથીઓના સરઘસમાંના કેટલાક—તેમના અલંકારો તથા શોભનો સાથે


જમણી બાજુઃ ઉપર-શહીદ ચોક, જેમાં દેશને કાજે શહીદ થએલાઓના સ્મરણમાં સમાધિસ્તંભો ઊભા કરી તેમાં રોજ રાત્રે દીપક પેટાવવામાં આવતા હતા. નીચેઃ ડાબી તરફ રાષ્ટ્રપતિના સરઘસ માટેનો ગજરથ; જમણી તરફ-ત્રિપુરી પાસેનું સૌથી પુરાતન સ્થાપત્ય-ચોસઠ જોગણીનું મંદિર











ધુંવાધારનો જલધોધ (જુઓ પૂઠા ઉપરનું ચિત્ર) વટાવીને આગળ જતાં ભેડાઘાટના ઊંચા આરસના ખડકો વચ્ચે ધસમસતી વધતી નર્મદાનાં સો સો ફૂટ ઊંડા પાણી.

માગનારાઓને ગાળો ભાંડતા અને ભાષણો કે ઠરાવોથી સ્વરાજ્ય નથી મળવાનું એમ છાતી ઠોકીને કહેતા હતા. એમનાં ભાષણોમાંથી અગ્નિ ઝરતો હતો.

મહાસભામાં થએલા ઠરાવોમાં દેશીરાજ્યોની પ્રજાને મદદ કરવાનો ઠરાવ અને મહાત્માજીની મરજી મુજબ વહીવટદારો નીમવાનો ઠરાવ મુખ્ય હતા. ઇજિપ્તના પ્રતિનિધિ મંડળનું ત્યાં આવવું, એમનો સત્કાર, એમનાં ભાષણો, સરોજિની દેવીનું છેલ્લું ભાષણ, વન્દેમાતરમ્ ગીત વગેરે બહુ જ અસરકારક હતાં.


પંડિત ગોવિંદવલ્લભ પંત આ મહાસભાના પીઠનાયક થઈ પડ્યા. પંડિત જવાહરલાલે સાચા વીરનું કામ કર્યું અને મૌલાના અબુલ કલામ આઝાદે પોતાની નાજુક તબિયતને ન ગણકારતાં અવેજી પ્રમુખનું સ્થાન શોભાવ્યું. સ્ત્રી સ્વયંસેવિકાની પ્રથા હરિપુરાએ શરૂ કરી હતી તે મધ્યપ્રાન્તે ખીલવી.


મહાકોશલનું દર્શન પ્રેરક હતું. સુજલામ્ સુફલામ્ માતૃભૂમિનો એ પ્રદેશ વિન્ધ્યાચળ અને સાતપૂડાની પર્વતમાળાથી શોભતો હતો. સત્કાર મંડળના પ્રમુખે જ્યારે કહ્યું કે 'ધનધાન્યથી ભરપૂર ગુર્જર દેશ જેવી સાધનસામગ્રી અમારી પાસે નથી, પરન્તુ અમારા જ દેશની શબરીએ રામચંદ્રજીને બોર ખવાડ્યાં હતાં એવો ભાવ અમારી પાસે છે' ત્યારે શ્રોતાજનોને બહુ અસર થઈ હતી.

જબલપુરનું નામ જાબાલિ ઋષિના આશ્રમ પરથી પડ્યું છે. નર્મદાનો વિખ્યાત ભેડાઘાટ પાસે જ છે. ત્યાં હોડીમાં બેસીને, આરસપહાણના ૧૦૦–૧૦૦ ફૂટ ઊંચા પહાડોની વચમાં થઈને વહેતી નર્મદાનાં ઊંડા જલમાં વિહાર કરવો એ જિંદગીનો એક લ્હાવો બની રહ્યો છે. સૃષ્ટિસૌંદર્ય અહીં અદ્ભુત છે, અને કહેવાય છે કે પૃથ્વીમાં આવું સ્થાન બીજે ક્યાંયે નથી. દૂધ જેવા સફેદ, ગુલાબી, પીળા અને ભૂરા રંગની છાંટવાળા આરસના પહાડોમાં થઈને વહેતી નર્મદા નદી આ સ્થળે ૧૦૦–૧૦૦ ફૂટ ઊંડી છે. પાસે જ નર્મદા અને બાણગંગાનો સંગમ છે.


નૌકાવિહાર પછી અમે નર્મદાના ધોધનાં દર્શન અને સ્નાનનો લાભ લીધો. પાસે જ આવેલું ચોસઠ જોગણીઓનુ મંદિર જોયું અને દેવીઓની મૂર્તિઓના લાલિત્યભર્યા શિલ્પથી મુગ્ધ થયા.

ત્રિપુરીનો ઇતિહાસ પણ જાણવા જેવો છે. આ દેશ પર રામચંદ્રજીનું રાજ્ય હતું. એમણે પોતાના પુત્ર કુશને











ત્રિપુરીના મહાસભાનગરના ગુજરાતી સ્થપતિ શ્રી વીરેન્દ્રરાય મહેતા (જમણી તરફ) અને તેમની કલાના થોડા નમૂનાના આલેખ: ડાબી તરફ ઉપર: વિષયવિચારિણી સમિતિના મંડપનું પ્રવેશદ્વાર; નીચે—મહાસભાની ખુલ્લી બેઠક તથા પ્રદર્શનના મંડપનું પ્રવેશદ્વાર; જમણી તરફ—ઉપર: શહીદ-સમાધિ માટેના દીપસ્તંભનો નમૂનો; તેની બાજુમાં: મંડપના સ્થાપત્યમાંના સ્તંભની કારીગરી દર્શાવતો આલેખ

રાજ્યનો જે ભાગ આપ્યો તે કોશલ કહેવાયો એવી દંતકથા છે.


તે પછી મહાભારતમાં જે હૈહયવંશી રાજાઓનો વૃત્તાંત આપે છે તે આ દેશ પર રાજ્ય કરતા હતા. સહસ્રાર્જુન હૈહય હતો. એણે રાવણને હરાવેલો એવી કથા છે. સૂર્યવંશના સગર રાજાને પણ આ જ સહસ્રાર્જુને માર્યો હતો. એ પછી પરશુરામે એનો નાશ કર્યો.

પૌરાણિક કાળમાં આ પ્રદેશ દંડકવન તરીકે ઓળખાતો અને પાછળના સાહિત્યમાં એને ચેદિ દેશ કહ્યો છે. દશાર્ણ તરીકે આ દેશને વર્ણવતાં અહીં એક કાળે ગણરાજ્યો એટલે પ્રજાસત્તાક રાજ્યો પણ હતાં એવો ઉલ્લેખ છે.

જબલપુરની પાસે રૂપનાથ છે, ત્યાં અશોકનો એક શિલાલેખ છે. એ ઉપરથી અશોક અને મૌર્ય વંશે પણ અહીં રાજ્ય કરેલું સિદ્ધ થાય છે.

મૌર્યો પછી અહીં આંધ્રોનું રાજ્ય થયું તે ઈસવી સનની ત્રીજી સદી સુધી ચાલ્યું. તે પછી નાગ વંશ અને પછી ગુપ્ત વંશ આવ્યા. ગુપ્તો પછી કાળચુરી થયા અને પછી મહાપ્રતાપી હર્ષવર્ધન થયો. પણ એની સત્તા મહાકોશલ પર ઝાઝી હોય એમ લાગતું નથી.

હ્યુએનસંગના સમયમાં અહીં ૧૦૦ બૌદ્ધ મઠો હતા અને દસ હજાર બૌદ્ધ સાધુઓ તેમાં રહેતા. એ ઉપરાંત ૭૦ બીજા ધર્મનાં મંદિરો અહીં હતાં એવો એણે ઉલ્લેખ કર્યો છે.



ત્રિપુરી પ્રદેશમાં રાજ્ય કરી ગએલા ગોન્ડ રાજા મદનશાયે બંધાવેલા મદનમહાલના ઐતિહાસિક કિલ્લાના અવશેષો (ઉપર) અને (નીચે) ટેકરી પર તોળાઇ રહેલા ખડકનું એક દૃશ્ય

અહીંના કાળચુરી રાજાઓમાં ઇ.સ. ૮૭૫માં કોકલ્લ મહારાજા થએલો. એનો કનોજ, ચિત્રકૂટ, રાષ્ટ્રકૂટ વગેરે રાજ્યો સાથે સંબંધ હતો. એને ૧૮ પુત્રો હતા. ગાંગદેવ કાળચુરી તો બહુ પ્રતાપી હતો. ઉત્તરે નેપાળ સુધી અને પૂર્વે અયોધ્યા તથા બનારસ સુધી એની આણ વર્તતી. એને વિક્રમાદિત્યનું બિરુદ મળ્યું હતું. પોતાના જીવનનો છેવટનો કાળ એણે અલ્લાહાબાદના ત્રિવેણીસંગમ પર અક્ષય વડની નીચે ગાળ્યો હતો. એનો પુત્ર કર્ણદેવ પિતાના કરતાં પણ અધિક નીવડેલો. કાળચુરીઓની સત્તા અહીં છેક ઇસવી સન ૧૨૦૦ સુધી ચાલી.

તે પછી ગોન્ડ એટલે અસલી ભીલ લોકોનું રાજ્ય થયું. એનો પહેલો રાજા જદુરાય અને એનો પુત્ર મદનરાય. જે મદનમહાલ સ્ટેશને થઇને મહાસભા નગરમાં જવાનું હતું ત્યાં એણે બાંધેલા મદનમહાલનાં અવશેષો હજી ઊભાં છે સ્થળે સ્થળે જણાતાં તળાવો અને આંબાનાં ઝાડ જે માઇલો સુધી સડકો ઉપર ઉગેલાં છે તે ગોન્ડ રાજાઓના વખતના છે.

ઇ.સ. ૧૫૬૪માં વીર રાણી દુર્ગાવતીએ અકબરના સરદાર આસફખાન સાથે યુદ્ધ કર્યું હતું તે અહીંઆં. રાણી દુર્ગાવતીએ ૧૫ વર્ષ સુધી અહીં બહુ જ બહાદુરીથી રાજ્ય કરેલું છે. એની પાસે ૧૪૦૦ તો હાથી હતા. અને આસફખાન સામેના યુદ્ધમાં તે હાથી પર બેસીને જ લડી હતી. એ વેળા નદીમાં ક'દહાડે પૂર આવ્યું. મહાવતે બહાદુરીથી પાછા હટવા રાણીને ખૂબ સમજાવી, પણ એ તો સામી છાતીએ લડીને વીરગતિને પામી. એ પછીનો ઇતિહાસ તો છેક હમણાંનો ગણાય.

આમ ત્રિપુરીનો ઇતિહાસ અને એની ભૂગોળ બંને રસભર્યાં અને પ્રેરક છે.

ગુજરાતીઓ ત્યાં પણ નામાંકિત થયા છે. અમદાવાદના ગોમતીપુરના બીડીવાળા નામાંકિત વેપારી મોહનલાલની પેઢી તરફથી ગુજરાતીઓ માટે ત્યાં ઉતારાની, ભોજનની અને સૂવા વગેરેની બહુ જ ઉત્તમ સગવડ કરવામાં આવી હતી. કોઇ પણ ગુજરાતી ત્યાં જાય એને માટે ઉતારાપાણીની સુંદર સગવડ વિના મૂલ્યે હમેશને માટે છે. એમને ત્યાં ૧૦,૦૦૦ માણસોને રોજી મળે છે. એમના ધંધાની શાખાઓ છે અને ૮૦ લાખ રૂપીઆની મૂડી એમાં રોકી છે. રાજ્યમહેલ જેવું એમનું મકાન છે. એ લાયબ્રેરી, અન્નક્ષેત્ર અને શાળા ચલાવે છે. આ પ્રસંગે એમણે ૨૫ હજાર રૂપીઆ ખરચીને પોતાનાં દેશભાઇઓનો સુંદર સત્કાર કર્યો હતો; અને કૉંગ્રેસફંડમાં પણ એમની મદદ સૌથી વધારે હતી.

આમ ત્રિપુરીની રાષ્ટ્રીય યાત્રા પૂરી થઇ. અને રાષ્ટ્રીય યાત્રા આખરે તો નિરર્થક જ થઇ પડે, જો આપણે એમાંથી કાંઇ કાયમની પ્રેરણા ન મેળવીએ. ઘણાં યે ધર્મઘેલાં લોક ચારે ધામની યાત્રા કરે છે, પણ એમાંથી કેટલાંયનાં જીવન વધારે પવિત્ર અને ઉન્નત નથી થતાં. આ રાષ્ટ્રીય યાત્રાઓ પાછળ પણ હવે તો વર્ષોવર્ષ પાંચ લાખ રૂપીઆ ખર્ચ થાય છે અને લોકોનાં ગાડીભાડાં તથા બીજાં ખર્ચ થાય છે તે જુદાં. એ બધાં ખર્ચ તો ઊગી નીકળે જો આપણે એને પરિણામે વધારે સ્વદેશભક્ત થઇને દેશસેવા માટે પોતપોતાના પ્રાપ્ત ધર્મને નિષ્કામ ભાવે બજાવીએ અને સમગ્ર જીવન દેશાર્પણ કરીએ.

સંસ્કારસેતુ ત્રિપુરી


જ્યાંની ઇતિહાસપૂર્વેના કાળની દાનવી સંસ્કૃતિ આર્યાવર્તમાં લોપ પામ્યા પૂર્વે છેક પાસિફિક મહાસાગરને પેલે પાર પહોંચેલી

મહાસભાની તાજેતરની બેઠકથી પ્રખ્યાત બનેલું ત્રિપુરી, અથવા આજે ગામડી ભાષામાં ઓળખાતું 'તેવર' પ્રાચીન કાલનું બહુ પ્રખ્યાત નગર હતું ને વૈદિક સાહિત્યમાં તક્ષશિલા પ્રાગ્જ્યોતિષ વગેરે સાથે એક દૈત્યનગર તરીકે તેનો ઉલ્લેખ થએલો છે.

પુરાણ કાળથી તે દસમી સદી સુધીનો ત્રિપુરીનો ઇતિહાસ અંધારામાં જ રહે છે. દસમી સદીમાં ગુર્જર પ્રતિહારોના રાજ્યનો નાશ કરી કાળચૂરી રજપુતોએ જે આઠ રાજ્યો સ્થાપ્યાં તેમાંનું એક ત્રિપુરી યે હતું. આ ત્રિપુરીથી કરણબેલ સુધી રાજગૃહ જેવો જ દાનવી સ્થાપત્યનો કોટ મળી આવ્યો છે અને કહેવાય છે કે એ વૈદિક કાળનો છે.

બિહારમાં પટણા પાસે લાઉરિયાનંદનગઢ મુકામેથી પણ વૈદિક સંસ્કૃતિની કેટલીક સમાધિઓ (Burial mounds) મળી આવી છે. એમાં હાથ લાગેલી કેટલીક આશ્ચર્યજનક વસ્તુઓ પાસિફિક મહાસાગરની પોલીનેશિયન જાતિની કળા અને સંસ્કૃતિને મળતી આવે છે એમ ડૉ. પંચાનન મિત્ર તથા બીજા વિદ્વાનોનું માનવું છે. આ આંતર સંબંધને રાજગૃહ, ત્રિપુરી અને હાબ નદીના બંધનું સ્થાપત્ય વધુ દૃઢ બનાવે છે. શ્રી આનંદ કુમારસ્વામી પણ લખે છે કે, 'તેમની શૈલી નમૂનેદાર હિંદી કરતાં પોલીનેશિયન વધારે પ્રમાણમાં છે.'

સ્થાપત્યકલામાં ચૂના માટીના ઉપયોગ વગર મોટા પાષાણખંડોના આવા ગઢ ખાસ સ્થાન ધરાવે છે. ગ્રીસના સૌથી પ્રાચીન નગરો મીસેની અને ટિરીન્સના ગઢ પણ આપણા અહીંના ગિરિવ્રજ જેવા હતા. ઇ. પૂ. ૩૦૦૦ની આસપાસ તે બંધાયાં ગણાય છે. ગ્રીક કવિ હોમરે એના મહાકાવ્ય 'ઇલીઆડ'માં સાઇક્લોપ નામે એક આંખવાળા જે દાનવોનું વર્ણન કર્યું છે એ દાનવોએ જ એ ગઢો બાંધેલા હોવાની લોકમાન્યતા પરથી એ દાનવી નિર્માણને 'Cyclopean Masonay'નું નામ અપાયું છે.



ગ્રીસ, હિંદુસ્તાન અને પાસિફિકમાંના પૉલીનેશિયા ટાપુઓ—જ્યાં એક જ સરખા દાનવી સ્થાપત્યના અવશેષો મળે છે તેને એક નજરે દર્શાવતો નકશો.

નવાઇની વાત તો એ છે કે આપણા રાજગૃહ અને ગ્રીસના મીસેનીના દાનવી કોટો દરેક રીતે પરસ્પર મળતા આવે છે. એ કળા હિન્દથી ત્યાં ગઇ કે ત્યાંથી અહીં આવી એ અત્યારે કહી શકાય નહિ. હિન્દ અને ગ્રીસની વચ્ચે એશિયા માઇનોર, ઇરાક અને ઇરાન એ ત્રણ દેશો છે. એશિયા માઇનોરમાં એકબે ઠેકાણે એવા કોટો ભાંગેલી સ્થિતિમાં દેખાયા છે ખરા. ઇરાકમાં તો પત્થરના અભાવે તે ન સંભવે. ઇરાનમાં હજુ પૂરતી શોધખોળ નથી થઇ. પણ બલુચિસ્તાનમાં હાબ નદીનો પુરાતન બંધ એ શૈલીનો જ છે ને રાજગૃહમાં ગૃદ્ધકૂટ પર્વત પર જવા માટેનો રસ્તો ને પૂલ પણ એ જ પ્રકારના છે.

હિંદુસ્તાનની આ પ્રાચીન સંસ્કૃતિનો સંબંધ પોલીનેશિયા સાથે હોવાનો અભિપ્રાય અનેક વિદ્વાનોએ આપેલ હોઇ આપણે એના પ્રમાણભૂત મુદ્દા તપાસીએ. પોલીનેશિયન પુરાતત્ત્વની વિશેષ વસ્તુઓ આ છેઃ

(૧) મોટા મોટા પાષાણખંડોના ચણતર વગરના સ્તૂપો (Step-pyramids) અને એમની ચારે બાજુ દાનવી શૈલીનો કોટ. આ સ્તૂપો 'મારી' (Marae) નામે ઓળખાય છે. દેવની ઉપાસના અને મુડદાંની છેલ્લી ક્રિયા માટે એ વપરાતા.

(૨) ઘણા સ્તૂપો પર 'હોહા-હાકા-નાના-ઇઓ' દેવની રાક્ષસી કદની મૂર્તિઓ મળી આવે છે. એમનાં અંગો પર પક્ષીઓ અને બીજી જાતની આકૃતિઓ કોરેલી હોય છે જે ઘણા વિદ્વાનોના મતાનુસાર હિંદી શૈલીની છે. પણ હિંદ સાથે પોલીનેશિયન સંસ્કૃતિને નિર્વિવાદ સાંકળે છે તે તો,

(૩) ઇસ્ટર ટાપુઓ પર મળી આવેલી ચિત્ર-લિપિ, જે મોહેં જો ડેરોની સિન્ધુ લિપિ સાથે બહુ જ મળતી આવે છે. વિદ્વાનોએ એ વાત સ્વીકારી છે. પ્રો. ગ્રિફિથ ટેલરે લખ્યું છે, કે 'ઇસ્ટરની લિપિ વિષે મોહેં જો ડેરોનો સિદ્ધાંત મને પણ પ્રમાણિક અને ઉપયુક્ત જણાય છે.'

મારી માન્યતા પ્રમાણે તો, મૌર્યકાળની પૂર્વે, કદાચ વૈદિક કાળ પછી તરત જ, ભારતવર્ષમાંથી આર્યોનાં જૂથનાં જૂથ પ્રશાંત (પાસિફિક) મહાસાગરની સફરો ખેડતા થયા હશે. 'મારી'ની ઢબની ઇમારતો તથા પોલીનેશિયન સંસ્કૃતિની બીજી વસ્તુઓ એવી જગ્યાએ મળે છે, જ્યાં નજીકમાં જ મોતી કાઢવાનું સ્થળ હોય, અગર કોઇ કીમતી ખનિજની ખાણ હોય. આ પરથી જણાય છે કે હિંદીઓ મૂલ્યવાન વસ્તુઓની પ્રાપ્તિ અર્થે ત્ય આવજા કરતા; એટલું જ નહિ. એ કાર્ય માટે તેમના મજૂરો ને કારીગરો યે મોટી સંખ્યામાં ત્યાં કાયમી વસી ગયા ને એ રીતે પ્રશાંત મહાસાગરમાં પોલીનેશિયનોના પૂર્વજ હિંદીઓના ઉપનિવેશો સ્થપાયાં.

પુરાતત્ત્વ ઉપરાંત ધર્મ અને સંસ્કૃતિની દૃષ્ટિએ પણ પોલીનેશિયનો હિંદીઓના વંશજો ગણાય છે. તેઓ મોટે ભાગે શાકાહારી હોય છે; માછલાં ખાય છે પણ બીજાં પ્રાણીઓનું માંસ નહિ. સામોઆ દ્વીપના સભ્ય અને બુદ્ધિશાળી વતનીઓ પોતાને સૌથી જૂના પોલીનેશિયનો તરીકે ઓળખાવે છે. એમની ઘણી ધાર્મિક માન્યતાઓ આપણા બ્રાહ્મણ ગ્રંથો સાથે મળતી આવે છે. એમની ઘણી કથાઓ ને લોકગીતો પણ હિંદના તત્કાલીન સાહિત્યને મળતાં આવતાં હોઇ એ દૃષ્ટિએ એમનું સાહિત્ય ખાસ અભ્યાસયોગ્ય છે.

આદિમાં સર્વત્ર અંધકાર હતો; સર્વ પ્રથમ પાણી ઉત્પન્ન થયું ને પાણીમાંથી સઘળો સૃષ્ટિક્રમ ઊપજ્યો એમ વૈદિક તત્ત્વજ્ઞાન માને છે. મિસરના ચોથા અને પાંચમા રાજવંશના કાળ (ઇ. પૂ. ૩૦૦૦)ના પિરામિડોમાંથી મળેલા સાહિત્યમાં લખ્યું છે કે સર્જનનો દેવ પત્તા પૃથ્વીને પાણીમાંથી ઉપર લાવ્યો તે પહેલાં આકાશને પૃથ્વી જુદાં હતાં. પોલીનેશિયન માન્યતા પણ એવી જ છે. એ સાંસ્કૃતિક તથા ધાર્મિક સમાનતાના માત્ર પરિચયને માટે આ એક દાખલો આપ્યો છે.

પોલીનેશિયન સાહિત્યની કથાઓ બહુ આકર્ષક છે. 'સૃષ્ટિગીત', 'આનંદગીત', 'હુલા' વગેરે એ સાહિત્યનાં અમર રત્નો છે ને એમાં કાવ્ય અને સંગીતમાં નિરૂપેલા ભાવનાભર્યા વિચારો પર હિંદુ ધર્મની સ્પષ્ટ છાપ જણાય છે.

એમની ભાષામાં સ્વરોનું પ્રાધાન્ય હોવાથી તેમાં સંગીત જેવી મીઠાશ જણાય છે. એમના ઉચ્ચારના અનુકરણમાં યુરોપિયનો અસમર્થ નીવડ્યા છે. એમના પુરોહિતો સૃષ્ટિગીત આલાપે ત્યારે જાણે સામગાન જ ન ગાતા હોય એવું આપણને લાગે.

વિશાલ ભારતના સંશોધકને હવે પ્રશાંત મહાસાગરમાં પગ લંબાવવાનો વખત આવી પહોંચ્યો છે એના નિર્દેશ પૂરતો જ આ પરિચયાત્મક લેખ છે. ભારતના ગૌરવસીમાડાઓનો વિસ્તાર એ પણ રાષ્ટ્રધર્મની એક પૂર્તિ જ ને?


અમૃત વસંત

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી થતી
ગુજરાતી સાહિત્યની વાર્ષિક સમીક્ષા

૧૯૩૯ના વર્ષના ગુજરાતી સાહિત્યની સમીક્ષા કરવાનું કાર્ય શ્રી પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી અને શ્રી પ્રો. મજરાય મુકુંદરાય દેસાઇને સોંપવામાં આવેલ છે; તો સૌ પ્રકાશકો અને લેખકોને વિનતિ છે કે સમીક્ષા માટે તેઓ પોતાનાં પ્રકાશનો નીચેના સરનામે મોકલી આપી સભાને આ કામમાં સહકાર આપે:

પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી, એમ. ટી. બી. કૉલેજ, અઠવા લાઇન્સ સુરત

હિંદી સાગરના નિસાસા



શ્રી કૃષ્ણે શા માટે દ્વારિકાને રાજધાની બનાવેલી? એના પ્રાકૃતિક સૌન્દર્યથી આકર્ષાઇને? એની કુદરતી ઉત્પન્નથી લોભાઇને? એમાંની એકે વિશિષ્ટતા દ્વારિકામાં ન હતી. પરંતુ, તેની એક અદ્વિતીય મહત્તા હતી; અને તે એ કે, મથુરાથી નજીકમાં નજીકનો દરિયાકિનારો તેનો હતો. અરબી સમુદ્રનું આગળમાં આગળનું નાકું તે હતું. છેલ્લે બન્યું તેમ, ભારતની પડોશવાસી જાતિઓએ તેના પર ખુશ્કી આક્રમણો કર્યાં તે અગાઉનાં સઘળાં આક્રમણો પશ્ચિમથી સાગરમાર્ગે જ આવતાં, અને કૃષ્ણની દ્વારિકાની પસંદગી પાછળ, તેને એ આક્રમણો સામેનો સુવ્યવસ્થિત મોરચો બનાવવાની જ કુનેહ રહેલી. તમામ યદુવંશીઓને એણે દ્વારિકામાં બોલાવી લઇ તેને હિંદનું સફળ સબળ નૌકેન્દ્ર બનાવી દીધું હતું.

પરંતુ, 'कृण्वन्तु विश्वमार्यम्'ની ધગશ ધરાવતા ભારતવાસીઓનું સાગરખેડાણ તો કૃષ્ણથી યે સદીઓ-જૂનું છે. સમુદ્રમંથનમાં દાનવોને પછાત પાડ્યા પછી જગતને ધર્મે ને સંસ્કારે આર્ય બનાવવા અર્થે કુંભસંભવ અગસ્ત્યના વારસોએ દરિયાનો એકે ખૂણો અગોચર નહોતો રાખ્યો. સાંચીના સ્તૂપો પર પણ ભારતીયોનો એ સાગરવિજય અંકિત થએલો જ છે. પાશ્ચાત્યોની કલમો જે ગ્રીકો ને ફીનિશિયનોના સાગરખેડાણ પર વારી જાય છે તેમનું યે ઉત્તર આફ્રિકા ને ઇથીઓપિયાથી આગળ વધતાં જિગર ન ચાલતું ત્યારે હિંદીઓ આખું દક્ષિણ ગોળાર્ધ ફરી વળેલા. યુરોપથી દરિયો ડોળવા નીકળેલા કોલંબસ, ડાયેઝ કે વાસ્કો ડા ગામાના ખલાસીઓના એક મહિનો સુધી જમીન ન દેખતાં છક્કા છૂટી જતા ત્યારે, એ વખતે પણ ભારતના સાગરપુત્રો તરતા ફૂલ જેમ ચચ્ચાર મહિના તેની છાતી પર વીતાવતા. યુરોપિયનોની ગંધ પણ નહોતી પહોંચી ત્યાર પહેલાં એમણે હિંદી મહાસાગરની આખી કંઠાર આરપાર વસાહતો સ્થાપી દીધેલી. અને છેક ગઇ કાલ સુધી મુગલોની અને ત્યાર પછી છત્રપતિ શિવાજીની આપણી નૌસેના પણ ઇતિહાસમાં તાજી જ છે.

તમે જાણો છો?

શ્રીકૃષ્ણે દ્વારિકાને રાજધાની બનાવેલી—એ કયા દૃષ્ટિબિંદુએ?

આદિકાળથી માંડીને તે હમણાં શિવાજીના વખત સુધી અણનમ રહેલા હિંદના સાગરપ્રાણને ઇ. સ. ૧૭૯૬ની સાલથી તરકીબો-પૂર્વક કચડવામાં આવ્યો છે;—શા માટે?

ઈંગ્લંડ કરતાં પંદરગણો મોટો આપણો દેશ, એને લિથુઆનિયા ને લૅટ્વિયા જેવડાં યુરોપનાં અંગુઠિયાં રાજ્યો જેટલાયે સાગરહક્કો લીગ ઑફ નેશન્સની જગતકચેરીમાં નથી;—કયે કારણે?


આપણે દર વર્ષે માલના નૂર અને ઉતારુઓનાં ભાડાના રૂપમાં પચાસ કરોડ (અરધો અબજ) રૂપિયાનો ચાંલ્લો પરદેશી વહાણવટાંને કરીએ છીએ;—કયે લેખે?

આપણાં બંદરોમાં નાંગરેલા એકપણ જહાજ ઉપર આજે આપણો પોતાનો વાવટો નથી લહરતો;—કઇ કમનસીબીએ?

આપણું એ પુરાણું અને જગવિખ્યાત સાગરસાહસ લુપ્ત થઈ આજે એ કલા પશ્ચિમના બહારવટિયાઓ પાસેથી શીખવાનો વારો આપણો આવ્યો;—કયે પાપે? કોને પાપે?

આના ઉત્તર, આ લેખ વાંચીને, તમારા અંતરને પૂછી જોજો.

પરંતુ, પછી તો પશ્ચિમની એક પછી એક ગોઝારી જાતિઓ જેમ આપણે કાંઠે ઉતરતી ગઇ તેમ તેણે પહેલું ધ્યેય આપણી એ અસ્મિતાનો નાશ



છેક હમણાં સુધી આપણું વહાણવટું કેટલું સાબૂત હતું તેનાં આવાં અનેક ઉદાહરણો આપણી પ્રાચીન શિલ્પકળામાંથી અને ગ્રંથોમાંથી મળે છે. (બ્લૉક: સારાભાઇ નવાબના સૌજન્યથી)

કરવાનું જ સ્વીકાર્યું. હિંદ આવેલા એકેએક પોર્ટુગીઝ ગવર્નરનો અમલ એની સાક્ષી પૂરે છે. પરંતુ પોર્ટુગીઝો જે બળથી ન કરી શક્યા તે તેના ઉત્તરાધિકારી અંગ્રેજોએ છળથી સાધ્યું છે, અને પરિણામે રાષ્ટ્રીય જાગૃતિના આ કાળે ભારતના સંતાનોને એ કળા સાગરના એ બહારવટિયાઓ પાસેથી શીખવાનો વારો આવ્યો છે. દેશના લાંબા સમયના પોકાર પછી ડફરિન નામનું એક જ જહાજ હિંદીઓને કેળવવા રાખવામાં આવ્યું છે ખરું, પરંતુ હિંદીનૌકાનો નાશ કરનાર એડવર્ડ બોનાવેંચરે ને હેક્ટરે, ડેગને ને ઓસાએન્ડરે કરેલું પાપ એ એકની એક શિક્ષાનૌકાથી નહિ જ ધોવાય.

હજુ ગઇ કાલની આપણી નૌસમૃદ્ધિ પર ડબ્લ્યુ. એચ. લિંડસે લખે છે: 'ઇ. ૧૭૮૯માં પોર્ટુગીઝ લોકો જ્યારે પૂર્વના વેપારમાં પડ્યા હતા ત્યારે કંતાન શહેરમાં તેમની માલિકીનાં માત્ર ત્રણ વહાણો હતાં. ડચ લોકો પાસે પાંચ, ફ્રેંચો પાસે એક, ડેન્માર્કના લોકો પાસે એક, અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો પાસે પંદર અને અંગ્રેજ ઇસ્ટ ઇંડીઆ કંપની પાસે ચાળીસ વહાણો હતાં; જ્યારે એ સમયે આ બધી પ્રજાઓનાં કુલ વહાણો જેટલાં વહાણો અંગ્રેજી મુલકમાં વસતી ભારતીય પ્રજા પાસે હતાં. ઉપરાંત એશિયાનો લગભગ સમસ્ત વેપાર ભારતમાં બનેલાં વહાણો મારફત ચાલતો હતો. આ વહાણોની માલિકી પણ ભારતના જ લોકોની હતી. કેપ ઑવ ગુડ હોપના રસ્તાની શોધ થયા પહેલાંથી આ વહાણો ભારતથી ચીન અને મલબાર કિનારાથી ઈરાનના અખાત તથા રાતા સમુદ્ર સુધીમાં ફરતાં હતાં.'

પણ પછી તો ધીમે ધીમે અંગ્રેજ સત્તા આ દેશમાં સાર્વભૌમ બની ને એને લઇને હિંદી માલ હિંદી વહાણોમાં જ જ્યારે ઇંગ્લંડને કિનારે થોકબંધ ઊતરવા લાગ્યો ત્યારે ત્યાંના વેપારીઓએ એ માલ નીપજાવતા ઉદ્યોગો સાથે જ હિંદી વહાણવટા સામે યે પોકાર ઉઠાવ્યો ને શાસક સત્તાએ એ બંનેનો સાથે જ અંત આણ્યો. ઇ. ૧૭૯૬માં કંપની સરકારને ફરી પટો કરી આપવામાં આવ્યો તેમાં એ કલમ ઉમેરવામાં આવી, કે 'ઇંગ્લંડના, ભારતના કે કંપનીના પોતાના નોકરો માલની જે કંઇ લાવલઇજા કરે તેઓ માત્ર કંપનીનાં ભાડે રાખેલાં વહાણો મારફત જ તેમ કરી શકે.'

છેક ઇ. ૧૮૫૭માં યે હિંદી વહાણોની સંખ્યા ૩૪,૨૮૬ હતી. પરંતુ હિંદી રાષ્ટ્રોત્થાનને કચડી અંગ્રેજ સત્તા સુદૃઢ બનતાં જ સઘળો પરદેશી વેપાર બ્રિટિશ જહાજોમાં થાય એવી આડકતરી કાળજી લેવાવા માંડી. પરિણામે અંગ્રેજ કંપનીઓ માતબર થતી ચાલી. સિત્તેર જ વર્ષ બાદ, ઇ. ૧૯૨૭માં હિંદી વહાણોની સંખ્યા માત્ર ૮,૬૪૦ની થઇ રહી ને જે વહાણ વડે નેલ્સને ટ્રફાલગરનું યુદ્ધ જીત્યું એ 'વિકટરી' જેવાં વહાણો નીપજાવવા સમર્થ એ હિંદી ઉદ્યોગના આજ તો કોણ જાણે કેટલા યે આંકડા કપાઇ ચૂક્યા હશે. કચ્છી માંડવીની બનાવટનું એ વિકટરી જહાજ ઇંગ્લંડે હજી જાળવી રાખ્યું છે. "એનું કલેવર જર્જરિત બન્યું છે, પણ એનો આત્મા હજુ અભય છે. હિંદી વહાણવટાના ખમીરવંત પ્રતીક સમા એ જહાજ સમી જ હિન્દી વહાણવટાની આજે દશા છે. હજી પ્રાણ છે, હજી ભાવના છે, હજી ખમીર છે; પણ આજે વહાણવટાનું કલેવર નથી."

અને જગતના વહાણવટામાં હિંદનું આજે સ્થાન પણ ક્યાં રહ્યું છે? બ્રિટિશ જહાજો પારકા કિનારાનાં પાણી ડોળે એ તેમની રાષ્ટ્રભક્તિ ગણાય; હિંદી વહાણવટું પોતાની જિજીવિષા અર્થે મથે એ તેનો





ડાબી તરફ: સિંધિયા સ્ટીમ નેવીગેશન કંપનીના આદ્યસ્થાપક સ્વ. શેઠ નરોત્તમ મોરારજી; વચ્ચે એ કંપનીનું હમણાં ખુલ્લું મુકાએલું નવું મકાન 'સિંધિયા હાઉસ'; જમણી તરફ કંપનીના મૅનેજિંગ ડાયરેક્ટર શેઠ વાલચંદ હીરાચંદ

બ્રિટન પ્રત્યે અનુપકાર ઠરે! લૅટવિયા, લિથુઆનિયા જેવાં અંગૂઠા જેવડાં રાજ્યોને લીગ ઑવ નૅશન્સ પાસેથી બંદરી હક્કો અપાવનાર બ્રિટને હિંદ પ્રત્યે એવો એખલાસ બતાવવાની નૈતિક હિંમત પણ નથી કરી. પરાયા કિનારા ખેડવાનું સદ્‌ભાગ્ય તો મળે ત્યારે પણ પોતાની માતૃભૂમિનાં બંદરોમાં પણ હિંદી નૌકાઓની આવજા બ્રિટનને સદા અરૂચિકર લાગી છે. બ્રિટિશ વહાણવટાએ એવા હિંદી સાહસોનું ઊગતે જ ગળું દાબી દેવાનો પ્રયાસ કર્યો છે. જાણે પર્શિયા કંપની, આરબ સ્ટીમ નેવિગેશન કંપની તથા ઍંગ્લો ઈન્ડીઆ સ્ટીમ નેગિવેશન કંપની તેનાં ઉદાહરણો છે.

આમ ઇતિહાસમાં પુરાણામાં પુરાણું હિંદનું સાહસ હિંદને કિનારે જ ગૂંગળાવી નાખવામાં આવ્યું છે, જ્યારે પરદેશી સ્ટીમર કંપનીઓ તેને કિનારે કોસ્ટલાઇનનાં વધુ ને વધુ જાળાં ગૂંથતી જાય છે. એક રાષ્ટ્રના અન્ય રાષ્ટ્ર પ્રત્યેના અહિંસક છતાં કાતિલમાં કાતિલ વિદ્વેષનું આવું કરુણ ઉદાહરણ કદાચ બીજે કશે નહિ મળે.

છેલ્લાં પંદર વરસોમાં કેટલાક હિંદી સાહસિકોએ ઇન્ડીઅન મર્કન્ટાઇલ મરીન બાંધવા તનતોડ પ્રયાસો આદર્યા છે પણ એ સઘળા ઊગતા જ સૂતા છે. મૂડી કે સાધનોને અભાવે નહિ, નિપુણ ભેજાંના અભાવે પણ નહિ; બ્રિટિશ ચાલબાજીથી પોષાએલા એ વિષવૃક્ષનાં મૂળ વધુ ઊંડાં ને અટપટાં છે.

આ બધી વિશીર્ણ કંપનીઓમાંથી કોઇ હિંદી કંપની પોતાની કરોડ સાબૂત રાખી શકી હોય તો તે એક માત્ર સિંધીઆ સ્ટીમ નેવિગેશન કંપની. સોએ સો ટકા હિંદી એ કંપની આજે કોઇ પણ બ્રિટિશ કે ફોરેઇન શિપિંગ કંપનીની હરોળમાં સબળ દાવાસર ઊભી રહી શકે તેમ છે. એ સિવાયનીમાં તાજી જન્મેલી ઇસ્ટર્ન સ્ટીમ નેવિગેશન કં. લિ., મલબાર સ્ટીમશિપ કં. લિ. તથા મર્ચન્ટ સ્ટીમ નેવિગેશન કં. ગણાય, પણ એમની દોડ મર્યાદિત ને એમના વિકાસનું વર્તુલ પણ સાંકડું છે.

ત્યારે આપણી એકની એક વિકાસાપન્ન નૌસંસ્થા તો સિંધીઆ કંપની જ રહી. ગત મહાયુદ્ધ બાદ આપણા રાષ્ટ્રમાં જે નૂતન સ્વદેશી ભાવના જન્મી તેના અનુક્રમે મુંબાઇના શેઠ નરોત્તમ મોરારજીએ શ્રી કીલાચંદ દેવચંદ, સર લલ્લુભાઇ શામળદાસ અને શ્રી વાલચંદ હીરાચંદની સહાયે તેનો પાયો નાખ્યો. આમ નરોત્તમ શેઠે જે નવી જ દિશામાં સ્વદેશી ભાવનાનો પુરસ્કાર કર્યો એને લઇને એમનું નામ આપણા ઇતિહાસમાં કાયમનું યાદગાર પ્રકરણ મૂકી જશે.

પરંતુ આપણી આ કંપનીને પણ વિરોધી હિતોવાળા તરફથી તોડી પાડવાની પ્રત્યક્ષ કે પરોક્ષ એકે તક જતી કરવામાં નથી આવી. બ્રિટિશ વહાણવટાના હિતોએ એને હમેશ ધાકમાં રાખી છે. એના સામેની કાતિલ હરીફાઇ ક્યારેક તો એટલી હદે પહોંચેલી છે કે હજ ટ્રેડ માટે વધુ સગવડો ને ગોઠવણોવાળી બે નવી સ્ટીમરો તૈયાર કરાવી આ કંપનીએ દોડાવવા માંડી ત્યારે મોગલ લાઇને ૧૭૨ રૂપિયાનો દર તોડી રૂા. ૨૦ પર લાવી મૂક્યો. આને પરિણામે તેને દર ઉતારૂ દીઠ રૂા. ૨૭ ગાંઠના જોડવાના આવતા. આ તો એવા અનેકમાંનું એક જ ઉદાહરણ છે.

પોતાની સામેના દ્વેષે જ્યારે હદ ઓળંગી ત્યારે આ કંપનીએ સરકારને કાને ધા નાખી. ૧૯૩૨ના મેથી હિંદી સરકારના ઓન. કૉમર્સમેમ્બર પર લખાણો પર લખાણો જવા લાગ્યાં. ઑક્ટોબરમાં તે માટે એક ડેપ્યુટેશન વાઇસરૉયને મળ્યું. ત્યાર પછી ૧૯૩૩ના ઑગસ્ટમાં પાછું લખાણ કરવામાં આવ્યું, પણ કાગળના ચીંથરાથી તેની વધુ કીંમત ન અંકાઇ.

એ આખો ઇતિહાસ લખવા બેસીએ તો તો એક દર્દનાક કિસ્સો બની રહે. રીટ્રેન્ચમેન્ટ કમિટિના પ્રમુખ લૉર્ડ ઇન્ચકેપને સર લલ્લુભાઇએ જ્યારે કહેલું કે, 'અમારી માતૃભૂમિના કાંઠા પર અમારી જ સ્ટીમર દોડાવવાનો અમને હક છે,' ત્યારે એ લૉર્ડ સાહેબ બ્રિટિશ મનોદશાનું નગ્ન પ્રદર્શન કરતા બોલી ઊઠેલા, 'માતૃભૂમિ ? કોની માતૃભૂમિ ? અમને આ દેશના કાંઠા પર આવવાનો તમારા જેટલો જ હક છે. અને જ્યાં સુધી બ્રિટિશ સામ્રાજ્ય કાયમ છે ત્યાં સુધી દુનિયાભરમાં એવી કોઇ પણ સત્તા નથી જે અમને અહીં આવતા અટકાવી શકે.'


આમ આપણાં દુઃખો પ્રત્યે સરકારે ઇરાદાપૂર્વક ઉપેક્ષા સેવી છે. કોઇ પણ દેશની સરકાર પોતાના શાસિત પ્રદેશના આવા કાયદેસરના હકની ન કરે એવી એણે આપણા હકની અવહેલના કરી છે. દુનિયા ભરનાં સાગરરાષ્ટ્રોનો વેપાર રાષ્ટ્રીય વહાણો માટે અબાધિત રાખવામાં આવ્યો છે, ત્યારે એક આ જ દેશનો કિનારો સઘળા વાવટા માટે ખુલ્લો રાખવામાં આવ્યો છે. આપણાં જ બંદરોમાં નાંગરેલાં જહાજો પર આપણો વાવટો જોવા જતાં આજે નિરાશા મળે છે. દેશી રાજાઓના યે બંદરી હકો ઝૂંટવી લેવામાં આવ્યા છે. એ સામે માથું માંડનાર સ્વ. પટ્ટણીજી માટે તો સરદાર વલ્લભભાઇએ કહ્યું છે કે, 'બ્રાહ્મણના પુત્ર તરીકે જો એમના શાપ લાગતા હોય તો તો એ શાપ વરસાવતા હશે એટલી દુઃખદ સ્થિતિ એમને અનુભવવી પડી હતી.'

વેપારી કાફલા—મર્કન્ટાઇલ મરીનનો આદર ન કરતો હોય એવો એકે દેશ દુનિયામાંથી શોધ્યો નહિ જડે. પ્રત્યેક દેશે પોતાના કાંઠાનો વેપાર પોતાના જ હાથમાં રાખવાનું તત્ત્વ પ્રજાસંઘે યે માન્ય રાખ્યું છે. વેસ્ટમિન્સ્ટર કાયદા પ્રમાણે ઈંગ્લંડનાં સંસ્થાનોને યે એ હક મળે છે ને ઑસ્ટ્રેલિયા, કૅનૅડા વગેરે દેશો આજે તેનો પૂર્ણ ઉપયોગ કરી રહ્યા છે. બીજા દેશોથી થતા વેપારી કરારોમાં યે પ્રત્યેક દેશ પોતાના જહાજોનો હક અબાધિત રાખે છે. ૧૯૩૪માં બ્રિટને રશિયા સાથે જે કરારો કર્યા તેમાં ચોકખું જણાવ્યું છે કે રશિયાનું લાકડું બ્રિટિશ વહાણોમાં જ ચડાવવું. કમનસીબ તો એકલા હિંદનું જ છે કે તાજેતરમાં જાહેર થએલા હિંદ-બ્રિટન કરારોમાં હિંદી વહાણોના હકનું નામનિશાન સુદ્ધાં નથી નજરે પડતું.

આ પરિસ્થિતિમાં સિંધીઆ કંપની આપણા સાગરપ્રાણનું એકમાત્ર પ્રતીક બની રહી છે. એણે સિદ્ધ કરેલી મહત્ત્વાકાંક્ષાઓ કરતાં સિદ્ધ થવા મથતી એની મહત્ત્વાકાંક્ષાઓ અનેકગણી છે. વહાણો બાંધવાનાં ને મરામત કરવાનાં યાર્ડ તેને ઊભાં કરવાં છે. હિંદી નાવિક અધિકારીઓનો સંગીન સમૂહ ઊભો કરવાના એને કોડ છે. એ આપણું પોતાનું સાહસ છે, આપણી સ્વરાજપ્રાપ્તિના યે પ્રમુખ સાધનોમાંનું એક છે. એ કેવી રીતે? સરદાર વલ્લભભાઇએ એ કંપનીમાં રામાયણના રામ જેવા જેમને ગણાવ્યા છે એ શ્રી વાલચંદ હીરાચંદના આ શબ્દો તે પર સંપૂર્ણ પ્રકાશ પાડે છે:

'માલના નૂર ને ઉતારૂઓના દર રૂપે હિંદુસ્તાન દર વર્ષે રૂા. ૫૦ કરોડ જેટલી નાદર રકમની ખંડણી પરદેશી વહાણવટાને નજર કરતું રહ્યું છે. આ નાદર રકમનો થોડોક ભાગ પણ જો રાષ્ટ્રીય વહાણવટાને હાંસલ કરી શકાય તો દેશને કેટલો લાભ થાય તે કહેવું બીનજરૂરી છે. જ્યાં સુધી દેશની પાસે તરીજંગની આરમારી ન હોય, એ તરી આરમારીની પડખે સરંજામ પૂરો પાડનારી બળવાન સોદાગરી આરમારી ન હોય, ત્યાંસુધી હિંદુસ્તાન દેશ આઝાદીની નેમ કદી બર પા નહિ કરી શકે.'

નાણાંથી જ દુનિયાની હરેક વસ્તુની કીમત આંકતા બ્રિટિશ સોદાગરો તરફથી આ કંપનીને કહેવામાં આવેલું કે કરોડ ઉપરાંતનું ડિવિડન્ડ લઇ આ સાહસ તે છોડી દે. એમને નહિ ખબર હોય કે આપણા રાષ્ટ્રના નવચણતરનું જ એ યે એક પ્રારંભિક પગથિયું છે અને એક સુડોળ ઇમારત તરીકે તેની પ્રતિષ્ઠા થશે ત્યારે તો કદાચ જગત પણ આપણું નાજનત સાગરતોરણ જોઇ તાજૂબ બનશે. **અશોક હર્ષ**




સૂર્યમાળાના ઉપરના ચિત્રમાં મંગળ અને ગુરુની કક્ષા વચ્ચે જે ધોળો પટ્ટો દેખાય છે તે સૂર્યના નાનકડા પુત્રો સમા હજારેક ઉપગ્રહોની કક્ષાનો માર્ગ દર્શાવે છે. એ બધા એ પટ્ટામાં એક જ સરખી પરિક્રમા કરતા નથી, પરંતુ તેઓ એકબીજા સાથે એવીરીતે સંકળાએલા લાગે છે કે, એમને જો આપણે ધાતુની વીંટીઓ જેવા કલ્પીએ અને એ રીતે એમાંના એકને ઉપાડીએ તો બધા જ એકસાથે ઉપડી આવે. *(World of Wonder)*

નાનકડા સૂર્યપુત્રો


સૂરજના પરિવારમાંના નાનામોટા ગ્રહો, ઉપગ્રહો વગેરે સંતાનોની ને ધૂમકેતુઓ, ઉલ્કાઓ જેવા કપૂતોની જે આલોચના આપણે 'કુમાર'ના આજ સુધીના અંકોમાં કટકેકટકે કરી ગયા તે મંગળ ને ગુરુ વચ્ચે વિલસતી તેની આ બાલસૃષ્ટિ વિના અધૂરી જ રહે. સૂરજનો પરિવાર કંઇ તેની આસપાસ ફૂદડી ફરતા નવ ગ્રહોથી જ સંપૂર્ણ નથી. એ મોટા ગ્રહો સિવાય મંગળ ને ગુરુ વચ્ચે બીજા હજારો નાના ગ્રહો એમની માફક જ સૂરજની પરિક્રમા કર્યા કરે છે. માણસને બહુ મોડી મોડી એમના અસ્તિત્વની શંકા આવી-૧૭૭૨માં.

તારાગણિતના મહાન વિજ્ઞાની યૉહાન કેપ્લરના સમકાલીન ટિશિયસે ગ્રહો વચ્ચે રહેતા અંતરના બાંધેલા સિદ્ધાંતનો એ સાલે ઉહાપોહ થયો. એ ચાલુ હતો ત્યાં ઇ. ૧૭૮૧માં સર વિલિયમ હર્શેલે યુરેનસ શોધી કાઢ્યો ને તે શનિ પછીના તુલનાત્મક અંતરને બરાબર બંધ બેસતો આવ્યો. આમ બુધથી યુરેનસ સુધીના ગ્રહો ગણિતથી નિશ્ચિત સ્થાને આવી રહેતાં મંગળ ને ગુરુ વચ્ચે વિસ્તરેલા અવકાશમાં કોઇ ગ્રહ હોવાની આશંકા વધી ને ૨૪ નિષ્ણાત ખગોળશાસ્ત્રીઓની એક સમિતિ બૅરન દ ઝાકના પ્રમુખપણા નીચે એ ખાલી અવકાશનું નિરીક્ષણ કરવા નિમાઇ.

પણ એ સમિતિ કંઇ કરે એ પહેલાં જ સ્વતંત્ર રીતે પાલર્મો વેધશાળાના ડિરેક્ટર જોસફ પિયાઝીએ ૧૮૦૧ના જાન્યુઆરીની ૧લી તારીખે એ ગુમ મનાતો ગ્રહ શોધી કાઢ્યો ને તેને સીરીસનું નામ આપ્યું. એની વળતી જ સાલે ડૉ. ઓલ્બર્સે વળી એનો સાથીદાર પેલાસ શોધી કાઢ્યો ને એણે જાહેર કર્યું કે કોઇ ફાટી પડેલા જબરા ગ્રહના અનેકમાંથી આ બે અવશેષો જ છે. હજુ એવા બીજા અવશેષો અવકાશમાં હોવા જોઇએ. વળી પાછી દૂરબીનો આકાશ તરફ મંડાઇ ને ૭ જ વર્ષમાં એમાં 'જૂનો' અને 'વેસ્ટા' એ બે નવા સભ્યો ઉમેરાયા.



સૂર્યના ટચુકડા પુત્રો જેવા એ ઉપગ્રહોનાં કદ એટલાં તો નાનાં છે કે આપણા ચન્દ્રમાં પણ કેટલાક સમાઈ જાય. પ્રમાણ દર્શાવવા સારૂ ઉપરના ચિત્રમાં એમાંના મોટામાં મોટા ઉપગ્રહોને ચન્દ્રના બિમ્બમાં મૂકી બતાવ્યા છે.



સૂર્યની આસપાસ ફરતા ગ્રહોને તેમના ક્રમમાં ગોઠવીએ તો અજબરીતે ઉપલા ચિત્રમાં બતાવ્યા મુજબ તેમના કદ એકસરખા વેલણના આકારમાં ગોઠવાઈ રહે છે. તેમાં મંગળ અને ગુરુની વચ્ચે પડતી મોટી ખાલી જગ્યા વિષે જૂના ખગોળશાસ્ત્રીઓને શંકા હતી જ; તે સૂર્યપુત્રો (ઉપગ્રહો)ની શોધથી ટળી ગઇ છે. વેલણના જેવા એ એકસરખા આકારને આધારે કેટલાક વૈજ્ઞાનિકો માને છે કે સૂર્ય પાસે થઇને પસાર થએલા કોઇ મહાન તારાના આકર્ષણને લીધે સૂર્યમાંથી તેનો અમુક ભાગ બહાર ખેંચાઈ આવેલો અને તે આ ગ્રહો-ઉપગ્રહો રૂપી લચકાઓના આકારમાં ઠરીને સૂર્યની આસપાસ ફરવા મંડ્યો.

આ અવશિષ્ટ કુટુંબના સૌથી મોટા સભ્યો આ ચાર. એમાં સીરીસ સૌથી મોટો છે ને તેની ઉદરરેખા (Diameter) ૪૮૭ માઇલની છે, જ્યારે પૅલાસની ૩૦૪ માઇલની. વેસ્ટાની ઉદરરેખા તો સીરીસથી યે અરધી છે; છતાં એ સૌથી ચકચકિત છે ને કયારેક તો નરી આંખે પણ દેખાય છે.

આ ચારેની નજીક નજીકની કક્ષાએ એટલું સૂચિત કર્યું કે એ બધાયને સમાવતી કક્ષા પર કોઇ મોટો ગ્રહ ફાટી પડેલો હશે. એ કાળે તો એ ચાર કકડાથી જ એ શોધ સંપૂર્ણ માની લેવામાં આવી. પણ ત્યાર પછી પંદર વર્ષની સતત મહેનત બાદ ઇ. ૧૮૩૦માં હેન્કેએ એ કુટુંબનો વળી નવો સભ્ય ઍસ્ટ્રેઇ શોધી કાઢ્યો એટલે એ શોધશૃંખલા આગળ લંબાઇ જેનો આજ સુધી હજી છેડો નથી આવ્યો! ઇ. ૧૮૯૦ સુધીમાં લગભગ ૩૦૦ જેટલા ઉપગ્રહો શોધાયા; પણ તે પછી આજ સુધીમાં તો એ સંખ્યા હજારની યે ઉપર ગઇ છે, ને એવા બીજા અનેક હોવાની આશંકા હજુ ચાલુ છે!

આ બધા યે ઉપગ્રહો સૂરજનાં સીધાં જ બાળકો છે. એમાંથી ડઝનેક ઉપગ્રહો ૩૦૦થી૧૦૦ માઇલના, દોઢસોએક ૫૦થી વધુ માઇલના, જ્યારે બાકીના મોટા ભાગના ૫૦થી૧૦ માઇલની લંબાઇના ને બીજા એથી યે નાના છે; જેમાં કેટલાક તો એટલા નાના છે કે એકાદ ઉન્મૂલ થએલા પર્વત ('Mountain broken loose') જેવા જ ગણાય. એવા નજીવા કદને લઇ આ ઉપગ્રહો બીજા ગ્રહો જેમ જ ગોળ હશે કે કેમ એ સવાલ રહે છે. વળી એ ખડકમય બંધારણના છે કે ધાતુમય બંધારણના એ પણ નક્કી નથી કરી શકાયું.

ડૉ. રસેલ, ડગન ને સ્ટુઅર્ટના અભિપ્રાય મુજબ આ સઘળા યે ઉપગ્રહોનો એકત્રિત સમૂહ આપણી પૃથ્વીના ત્રણ હજારમા ભાગનો જ થવા જાય ને એમાંથી યે અરધો સમૂહ તો માત્ર સીરીસ ને પૅલાસને જ ફાળે જાય. વધુમાં વધુ છૂટ મૂકી બીજા આશંકિત સભ્યોનો યે તેમાં ઉમેરો કરીએ તો યે પૃથ્વીના પાંચસોમા ભાગથી તો એ સમૂહ ન જ વધે!

એમના ઉદ્ભવ વિષે જેફ્રિસે વળી બીજી કલ્પના બાંધી છે. તેના કહેવા મુજબ, ગુરુનો કોઇ પ્રાથમિક ચંદ્ર તેના આકર્ષણમાંથી છટકી ભાગ્યો હશે ને રેડીઓઍકટિવ પદાર્થથી તેનું ઉષ્મામાન અનેકગણું વધી જતાં તે ફાટી પડ્યો હશે. એના થએલા ટુકડા વળી પાછા ફાટ્યા હશે ને એને લઇને એમની જુદી જુદી કક્ષાઓ નિયત થઇ હશે. હજુ વિજ્ઞાનીઓ આ બાબત પર સંમત નથી થયા.

આ સમગ્ર બાલસૃષ્ટિમાં સૌથી રસપ્રદ સભ્યને પણ હવે આપણે હાથ લેવો પડશે, અને તે ઇ. ૧૮૯૮ ના ઑગસ્ટની ૧૩મીએ બર્લિનના ડૉ. જી. વિટે શોધી કાઢેલા 'ઇરૉસ'ને. આપણે જાણી જોઇને અત્યાર સુધી એને હાથમાં નહોતો લીધો, કારણ સામાન્યતઃ પણ એ પરિવારથી એનું વ્યક્તિત્વ નિરાળું ગણવામાં આવે છે. કદમાં તો એ બહુ નાનો માત્ર ૧૭ માઇલની ઉદરરેખા ધરાવતો જ ટુકડો છે, પણ એના બીજા સહયોગીઓના મુકાબલે એનું રમતિયાળપણું અનેક રીતે અવિસ્મરણીય છે.

એક તો એની કક્ષા એના બીજા કુટુંબીઓ કરતાં જુદા જ કોણે આવેલી હોઇ, કયારેક કયારેક તો સૂર્ય આસપાસની પ્રદક્ષિણામાં મંગળ અને પૃથ્વી વચ્ચે એ આવી જાય છે. વળી મંગળથી પણ એ પોતાની પરકમ્મા

વહેલી પૂરી કરી લે છે. મંગળને ૬૮૭ દિવસ લાગે છે જ્યારે ઇરૉસને ૬૪૩. એ પરકમ્મામાં ચંદ્ર સિવાય બીજા કોઇ પણ આકાશચારી કરતાં પૃથ્વીની એ વધુમાં વધુ નજીક આવી જાય છે. નજીકમાં નજીક હોય ત્યારે ૧,૩૫,૦૦,૦૦૦ માઇલ અને દૂરમાં દૂર હોય ત્યારે ૨૬,૦૦,૦૦,૦૦૦ માઇલ પૃથ્વીથી દૂર રહે છે. વળી એના પર પ્રકાશના પણ ઝડપી ફેરફારો થયા કરે છે.

ઇરૉસનું કદ આપણી પૃથ્વીના માત્ર ૧૬૭ લાખમા ભાગનું જ છે, જ્યારે એનું ઘટત્વ આપણા ચન્દ્ર સરખું. પૃથ્વીથી એ દૂરમાં દૂર હોય તેના કરતાં નજીકમાં નજીક હોય ત્યારે ૪૦૦ ગણો પ્રકાશિત લાગે છે. લગભગ દર પાંચ કલાકે તેના પર પ્રકાશના ફેરફારો થતા રહે છે.

આ ઉપગ્રહોની શોધ માટે હજુ વિજ્ઞાનીઓ આકાશમાં એટલી જ ખાંખાંખોળ કરી રહ્યા છે. છેલ્લે ઈ. ૧૯૩૬ના ફેબ્રુઆરીની ૧૨મીએ બેલ્જીઅન ખગોળ-શાસ્ત્રી મૉ. ડેલપોર્ટે આપણા ચન્દ્ર કરતાં યે પૃથ્વીથી છગણો દૂર એવો એક ઉપગ્રહ શોધી કાઢ્યો છે. એની હસ્તી ફોટોગ્રાફિક પ્લેટ પરથી જ સાબિત થઇ, કારણ, એ છે માત્ર એક જ માઇલની લંબાઇનો.

આ શોધ ઉપર છેલ્લે છેલ્લે બહુ ઉહાપોહ થવા માંડ્યો છે. હાર્વર્ડ વેધશાળાનો પ્રોફેસર શૅપ્લે કહે છે કે એનું નાનું કદ જોતાં ચાર આંતર ગ્રહોના ગુરુ-ત્વાકર્ષણનું પ્રબળ કદાચ એને સૌરમંડળની બહાર હડસેલી દે. એમ હડસેલાઇને તેનું કોઇ બીજા ગ્રહ સાથે અથડાઇ પડવું પણ અસંભવિત નથી. કદાચ આપણી પૃથ્વી સાથે યે અથડાઇ પડે, પણ એ અથડામણથી કંઇ બહુ ખુવારી થવા ન પામે. **'અનિકેત'**

મોટા માણસોની નાની વાતો

આપણા સુપ્રસિદ્ધ સાક્ષર ગોવર્ધનરામભાઇને એક સગાને ત્યાંના જમણવારને પ્રસંગે એક સરકારી અમલદારને તેડી લાવવાનું કામ સોંપાયું. ત્યાં ખબર કાઢતાં અંદરથી હુકમ થયો કે 'તેમને બહાર બેસાડો ને કહો કે ભાઇ પધારે છે.' પછી પરવારીને અધિકારી સાહેબ આવ્યા ને તેમને ગાડીમાં લઇ ગોવર્ધનરામભાઈ ચાલ્યા. ગાડીમાં અમલદારી તોરથી એ અધિકારીએ પૂછ્યું, 'કેમ, કાંઇ અંગ્રેજી બંગ્રેજી ભણ્યા છો કે?'

'જી હા.' ગોવર્ધનરામભાઇએ જવાબ દીધો. 'મેટ્રિકમાં પાસ થયો છું.'

'ત્યારે એફ. વાઇ. એ. માં હશો.'

'જી, તેમાં પણ પાસ થયો છું.'

'ત્યારે તો બી. એ. નો અભ્યાસ કરતા હશો.'

'જી, એમાં પણ પસાર થઇ ચૂક્યો છું.'

સાંભળતાં જ અધિકારીનું મો ઊતરી ગયું ને એમની માફી માગી.

❖

ઇંગ્લંડનો વડો પ્રધાન ગ્લૅડ્સ્ટન અવસાન પામ્યા પછી તેના કાગળપત્રોમાંથી એક કવર મળી આવેલું. એના પર લખેલું હતું: 'જે લોકોને મારી સાથે મતભેદ છે'. એ કવરમાં તેની સામે મતભેદ ધરાવનારાઓની આખી યાદી હતી ને તેને છેડે લખ્યું હતું, 'વાહ વાહ! આટલા બધા મહાન પુરુષો સાથે મારે મતભેદ છે, એનું સ્મરણ પણ સુખદાયી છે!'

❖

એક વખત સરદાર વલ્લભભાઇને એક જ્યાફત-માં જવાનું થયું. ત્યાં કોઈ ચોખલિયાએ રસોયાને પ્રશ્ન કર્યો, 'તું કઇ નાતનો છે?'

વલ્લભભાઇએ વચ્ચે જ જવાબ આપી દીધો: 'વલ્લભભાઇની નાતનો!'

❖

જાણીતી અંગ્રેજ લેખિકા જેઇન ઍડમ્સના ઘરમાં એક વાર કોઇ ચોર ઘૂસી આવ્યો. એ પોતે તો બીતી નહોતી પણ પોતાનો નાનો ભત્રિજો સૂતો હતો એ જાગી જાય એવો ડર લાગતાં એણે ધીમેથી ચોરને કહ્યું, 'બિલકુલ અવાજ કરીશ નહિ.' ચોર તો ચોંક્યો ને જે બારીમાંથી આવ્યો હતો તે બારી તરફ વળ્યો, એટલે જેઇને કહ્યું, 'એ રસ્તે કૂદકો મારીશ તો વાગી બેસશે; બહારના દાદરા પરથી ઊતરી જા.' ને ચોર દાદરો ઊતરી ગયો!


❖

અલ્લાહાબાદની કોર્ટમાં ચાલતા કેસે પંડિત મોતીલાલ નહેરૂની કોઇ ટીકા પર ન્યાયાધીશ સાહેબ ઉશ્કેરાઇ ગયા ને દમ માર્યો, 'તમે જાણો છો, કોણ છું?'

પંડિતજીએ ઠંડે કલેજે જવાબ આપ્યો, 'યસ મી લૉર્ડ, હું સારી રીતે જાણું છું કે આપ એક કમજોર જજ છો.'

વીજળીના સહેલા અખતરા—ઘેર થઈ શકે એવા










વીજળીના ઘણા યે અખતરા આપણે ઘેર બેઠાં કરી શકીએ. દાખલા તરીકે હવા સૂકી હોય ત્યારે બિલકુલ કોરા વાળ આપણે વલ્કેનાઇટ કાંસકાથી ઝડપથી ઓળતાં તેમાંથી વીજળીના ઝીણા તણખા ઝરશે ને તેમનો તડતડાટ પણ સંભળાશે (ચિત્ર ૧) બિલાડીની પીઠ પર અવળી રુંવાડીએ ઝડપથી હાથ ફેરવતાં પણ એમ જ બને છે (૨) વળી સીલ કરવાની લાખને ફલાલીનના ટુકડાથી ઘસતાં તે વીજળીમય બને છે ને માથા ઉપર મૂકતાં આપણા વાળને આકર્ષે છે (૩) એવી જ રીતે ઘસીને માથું ઓળેલા વલ્કેનાઇટ કાંસકા વડે કાગળના ઝીણા ટુકડા આકર્ષી શકાય છે (૯) પ્રાચીન ગ્રીકોએ અંબરના ઘર્ષણથી વીજળી શોધી કાઢેલી અને એને મળેલું 'ઇલેક્ટ્રિસિટી' નામ અંબર માટેના ગ્રીક શબ્દ ઉપરથી જ આવ્યું














છે. અંબરના ટુકડાને ખૂબ ઘસી કાન પર મૂકતાં તેમાંથી તણખો ઉદ્‌ભવશે (૪-૫) કાચના ટંબ્લર પર માટીની ચૂંગી ટેકવી, રે-







શમથી ઘસેલો બીજો ટંબ્લર ચૂંગીના છેડા નજીક લાવવાથી તેને આમથી તેમ ફેરવી શકાય (૧૧) બે જાડી ચોપડીઓ વચ્ચે એક મોટો સાદો કાચ દબાવી રાખીને તેની નીચેના પોલાણમાં કાગળની ઝીણી પૂતળીઓ મૂકી પેલા કાચ પર રૂમાલ ઘસશો એટલે નીચે પૂતળીઓ નાચવા લાગશે. (૧૦) એકાદ બૂચમાં ઊભી સોય ખોસી તે પર જાડા કાગળનો કોતરેલો ક્રૉસ ટેકવી તેના પર ટંબ્લર ઢાંકશો ને બહારની બાજુ રેશમ વડે ઘસવા માંડશો તો અજબ રીતે પેલો ક્રૉસ અંદર ઘર્ષણની બાજુએ ફરવા માંડશે (૬) સામાન્ય બ્રાઉન પેપરને યે આપણી બાંય પર ઘસી નાક આગળ ધરતાં તેમાંથી તણખો ઝરશે, અને એ વિદ્યુન્મય કાગળ ભીંત પર કશા જ આધાર વિના ચોંટી પણ રહેશે. (૭ ૮)



કલકલીઆ અને ચાષ

કલકલીઆ અને ચાષનો જ પ્રસંગ હાથ ધરીએ, કારણ બીજાં કરતાં આ બંને લોકમાં વધુ પ્રમાણમાં જાણીતાં છે.

નદી તટે આરામ લેતાં કાબર-ચીતરાં કલકલીઆ નર-માદા

બહુ શાસ્ત્રીય ન ગણાય છતાં પંખીને ઓળખવાનું અત્યંત સરળ છતાં સફળ સાધન તે, 'બાહ્ય રૂપરંગ અને અંગ વિશિષ્ટતાના આધારે પંખીઓનું વર્ગીકરણ' કરવાની રીત. આ રસ્તે, 'ચ્હડી શકે એવા પગવાળાં' (Zygodactyle) પંખીઓનો પરિચય આપણે કર્યો. ફરીથી એ જ રીતનો આશ્રય લઇને એક વધુ વર્ગની વાત કરીએ.

એ વર્ગ છે 'પહોળા મ્હોંફાડવાળાં' પંખીઓનો: Fissirostres. ચાંચ હોવાને લીધે, સાધારણ રીતે જ પંખીઓનાં મ્હોં અન્ય પ્રાણીઓની સરખામણીમાં અત્યંત પહોળાં ગણાય. છતાં પંખીઓમાં પણ કેટલાંક એવાં છે કે જેમનાં મ્હોંની વિશાળ ફાડની તુલનાએ બાકીનાં પંખી ય ન ચ્હડી શકે. આવાં પંખી તે અબાબીલ (સ્વૉલો અને સ્વીફ્ટ), દશરથીઆ, લીલા નીલકંઠ, કલકલીઆ, ચાષ અને ચિલોત્રો. એ બધાંય રૂપેરંગે અને સ્વભાવમાં પરસ્પરથી ભિન્ન છતાં એમનો સમાન ધર્મ તો 'પહોળી મ્હોંફાડ' જ. એમના અભ્યાસની વધુ સરળતા માટે જો રૂપરંગના સાધારણપણાને લીધે અવાન્તર ભેદ પાડવા હોય તો એમ પણ કરી શકાય. જેમકે, પાતળી ઝીણી કોમળ ચાંચવાળાં અબાબીલ અને લીલા નીલકંઠનો એક વર્ગ. તે જ પ્રમાણે જરદ અને દીર્ઘ ચાંચવાળા કલકલીઆ અને ચાષનો અન્ય વર્ગ બાકી રહ્યો તે દશરથીઆ અને ચિલોત્રાની ચાંચો, નથી પરસ્પર સામ્યવાળી કે નથી બીજા કોઇ પંખી સાથે મેળ ખાતી. એટલે એમનો એક ભેળો સ્વતંત્ર વર્ગ. આ ત્રણ ભેદોમાંથી બીજાની વાત આવતા અંક ઉપર રાખી, અહીં માત્ર

[૧] કલકલીઆ

પક્ષિજીવનના અભ્યાસીને હમેશાં એક વાતનો ભારે અંદેશો રહે છે કે પ્રત્યેક પંખીના જીવનવ્યવહારને સર્વાંશે અનુકૂળ સાધનરૂપ એનું શરીર ઘડાયું હશે કે જેવું શરીર એવી જ એના જીવનવ્યવહારની પૂરી જોગવાઇ કુદરતે કરી મૂકી હશે. આ સમસ્યાના ઉકેલ સાથે આપણને અહીં નિસ્બત નથી. આપણે તો એટલું જ જાણવાનું છે કે આહારોપાદાન, પ્રજનનકર્મ, વગેરે જીવનસંગ્રામ નભાવવા સારૂ પંખીને જે મહેનત કરવી પડે છે અને જે જાતનાં કષ્ટ વહોરવાં પડે છે એ બધાંને પહોંચી વળે એવી વિશિષ્ટ શરીરરચના એટલે કે અંગ ઉપાંગાદિ સાધન સામગ્રી પ્રકૃતિએ એને બક્ષેલી હોય છે. કદી કદી એમાં વિસંવાદ પણ દેખાય છે છતાં અંગસંભાર અને જીવનવ્યવસ્થા વચ્ચેનો અનિવાર્ય સંબંધ બધાંય પંખીઓમાં સારા પ્રમાણમાં સચવાએલો નજરે પડે છે. કોઇમાં પણ આ સંબંધ પરાકાષ્ટાએ પહોંચ્યો હોય તો કેવળ કલકલીઆ (અને લક્કડફોડા જેવાં દ્વિત્રિ પંખીઓ)માં જ. કારણ કલકલીઓ એટલે જીવતું જાગતું અત્યંત અદ્‌ભુત કેવળ (શરીર) યંત્ર જ. એના શરીરમાં, શરીરની પ્રત્યેક ક્રિયાશક્તિમાં કેવળ નિરર્થક અને નિષ્ફળ કશું જ નહિ જડે.

એ આ રીતે. કલકલીઆનો આહાર છે મત્સ્ય. એની પ્રાપ્તિ અર્થે એને પાણીની નિકટ રહેવું પડે છે તેમ પાણીમાં પેસવું પણ પડે છે. એનો શિકારવિધિ કંઇક આવો હોય છે. પ્રથમ કલકલીઓ પાણીની સપાટીથી પંદર વીસ ફૂટ જેટલી ઊંચાઇએ ભમતો ફરે છે અને ઊડતાં ઊડતાં પાણીમાં નજર નાખે જાય છે. અમુક સ્થળે માછલાં સપાટી નજીક જુએ એટલે તરત ઊડતો થંભી જઇ એ સ્થળે નીચી ચાંચ કરી, જાણે નિશાન સાધતો હોય તેમ થોડી વાર ઉઘાડી પાંખ ઉપર તર્યાં કરે છે. પછી અંગ સંકેલી નીચે મ્હોંએ, જેમ ગોફણ-



વિવિધ નીલ-વર્ણની છોળ્યો ઉરાડતો ઉન્મત્ત ચાષ

માંથી ગોળો છૂટે એમ, તીર પેઠે એ વેગથી પાણીમાં ઝંપલાવે છે અને ઘણુંખરૂં ચાંચમાં માછલી સાથે જ બહાર આવે છે. પાણીમાંથી નીકળ્યો કે તરત પાંખ ઉપર અને પાંખ ઉપર જ માછલી આરોગી પુનઃ એ શિકાર પ્રવૃત્તિમાં મશગુલ બની જાય છે. કદાચ ઝંપ-લાવવાનું શરૂ કર્યા પછી, વચ્ચે જ માછલાંને વીખરાઇ ગએલાં દેખે છે તો તરત સરળતાથી અધોગમન અટ-કાવી, પાણીમાં પેઠા સિવાય અધવચથી પાછો ઊડી જાય છે. કેટલી અપ્રતિમ નિપુણતા! કેવું પ્રચંડ સામર્થ્ય અને અમોઘ ક્રિયાશક્તિ!

એના આ લોકોત્તર વ્યવહારનાં ઉત્પાદક વિવિધ અંગો લ્યો. પહેલી એની મ્હોંફાડ: માછલું ગળતાં વાર ન લાગે એવી સહેતુક રચનાવાળી, વિશાળ. પછી આવે ચાંચ: ભાલા જેવી લાંબી અને અણીદાર છતાં અત્યંત દૃઢ અને કઠોર; મૂલમાં સ્થૂલ; માછલું પકડવા, પકડીને મ્હોંમાં ગોઠવી દેવા માટે પૂરેપૂરી અનુકૂળ; અને આ બધું ય મોટે ભાગે ઊડતાં ઊડતાં જ કર-વાનું તે એની મદદથી જ. પછી એની પાંખો: મોટી, વિશાળ; ઝડપથી ઊડવાને, ઊડતાં ઊડતાં જ પાણી ઉપર અદ્ધર સ્થિર તરવાને, સીધા જતાં વચ્ચેથી ઝડપથી ફંટાવાને અને બંધ પાંખે ભુસ્કો માર્યા પછી જરૂર પડ-તાં, વચ્ચેથી જ પડવાના પ્રચંડ વેગને રોકી, ગતિ-ભંગ થવા છતાં સમતોલપણું સાચવી રાખી ઝડપથી પાછા ઊંચે ઊડી આવવાને સંપૂર્ણ સમર્થ. એના પગ: ટૂંકા, નિર્બળ; ઊડતી વખતે અને ડૂબકી મારતાં પેટ સાથે દબાઇ ચંપાઇ રહે અને રજ પણ ઉપસેલા ન રહે તેવા. એની પૂછડી: ટૂંકી, નાની; પાંખ પર જ સમતોલપણું સાચવવાનું હોવાથી, પૂછડીના મોટા ભારાનો ઉપ-યોગ નહિ; વળી લાંબી હોય તો ડૂબકી મારતાં કે વચ્ચેથી પલટો ખાતાં આડી આવે કે નડતરરૂપ થાય. એની દેહયષ્ટિ: શંકુ આકારની: પાંખો બંધ કરી, પગને પેટ સાથે દબાવી દીધા એટલે જાણે ટૉર્પીડો જ; એ સ્થિતિમાં ચાંચની અણીથી પૂછડીના અગ્ર સુધી એનું સમગ્ર શરીર સરળ, સપાટ, રજ પણ ખર-બચડું નહિ એવું, બે છેડે અણીદાર ગોઇ જેવું, Stream-lined બની જાય છે. ટૂંકમાં એના શરીરનો એક પણ ભાગ વધારે પડતો, નકામો કે નિરર્થક નથી. બધાં અંગો સપ્રમાણ છે. એ અંગોની એક પણ ક્રિયા વિસંવાદી નથી હોતી.

અદ્ભુત શરીરયંત્ર અને લોકોત્તર જીવનવ્યવહાર વચ્ચેનો આવો અત્યંત સુમેળ જેનામાં દેખાય છે એ કલકલીઆની ઓગણીસ જાતો ભારતવર્ષમાં થાય છે. એમાંની માત્ર ત્રણ જ—નાનો કલકલીઓ, રંગબેરંગી કલકલીઓ અને કાબરચીતરો કલકલીઓ—આપણા ગુજરાતમાં બારે માસ નજરે પડે છે. એમને અનુક્રમે લેતાં પહેલો આવે



૧
નાનો
કલકલીઓ

Commn Indian Kingfisher.[1] ચકલી જે-વડું છતાં સવા આંગળની ચાંચવાળા આ પંખીની સમગ્ર ઘાટી એના વર્ગનાં અન્ય પંખીઓ જેવી જ હોય છે. શરીરનો વાન મુખ્યત્વે લીલાશ પડતો વાદળી. માથું તથા ગરદન મેલાં, ધુમાડા જેવાં. એ પરનાં પીંછાંના અગ્રભાગ વાદળી રંગે. નાકથી ખભા સુધી ઘેરો લાલ પટો. એ પટાને છેડે ખભા ઉપર શ્વેત પટો. ખભા મેલા લીલા રંગે. પીઠ, કમર, પૂછડીનાં પીંછાં આછા ફિક્કા વાદળી રંગનાં. પાંખો અને પૂછડી મેલા લીલાશ પડતા વાદળી રંગે. પાંખનાં પીંછાં ઉપર વાદળી ટપકાં. દાઢી તથા ગળું શ્વેત. હેઠળનો બાકીનો ભાગ ચળકતો ઘેરો લાલ.

૧ Alce lo Bengalensis

ચાંચ: કાળાશ પડતી અને હેઠળના પડખે નારંગી રંગની. આંખ: ઘેરી બદામી. પગ: નારંગી રંગે.

એનો આહાર: નાનાં માછલાં, જળની જીવાત, વગેરે. એને લીધે જ એ પંખી હમેશાં પાણી ઉપર રહેતું નજરે પડે છે અને બીજે ક્યાંય દેખાતું નથી. એના જાતિ સ્વભાવ પ્રમાણે એ પણ પાણીમાં ડૂબકી મારી આહાર પકડે છે: માત્ર એ ડૂબકી ઉપરથી નીચે સીધી નથી મારતું પણ તીરછી મારે છે.

આ સુકુમાર અને રૂપે રંગે અત્યંત મનોહર પંખી જ્યાં બારે માસ પાણી રહેતું હોય એવાં મોટાં તળાવ, નદીઓ અને કવચિત્ ખાડીમાં પણ જોવામાં આવે છે. કાંકરીઆમાં નગીનાવાડીના બંને પડખે એ પંખી અવારનવાર નજરે પડે છે.

વસંત અને ગ્રીષ્મ એનો ગર્ભાધાન કાળ. એ વખતે નદીનાળાંની ભેખડોમાં હાથેક ઊંડું દર ખોદી અંદર વેંત પહોળો ગાળો કરે છે અને એને તળીએ સુંવાળી રેત ઉપર, ચમકારા મારતા નિર્મળ શ્વેતવર્ણવાળાં સુંદર પાંચથી છ ઈંડાં મૂકે છે.

ત્યાર બાદ આવે—



૨

રંગબેરંગી કલકલીઓ

આનું બીજું નામ 'શ્વેતવક્ષા કલકલીઓ:' White Breasted Kingfisher.[૨] કદમાં કાબર કરતાં મોટો, દસથી અગીઆર આંગળ લાંબી દેહલતાવાળો આ કલકલીઓ આપણા ત્યાં સૌથી વધુ પરિચિત કલકલીઓ ગણાય. રેલવેના કે ટેલિફોનના તાર ઉપર અથવા ઝાડની ટોચે કે અગાશીની પાળે, સફેદ છાતી અને આસમાની અને ઘેરા લાલ રંગના દેહવાળું, કાબર જેવડું, લાંબી ભાલા જેવી કઠોર લાલ ચાંચવાળું પંખી જુઓ તો તે આ કલકલીઓ જ.

એનો સમગ્ર વાન વાદળી અને લાલ. માથું, મ્હોં, ગરદન, પડખાં, પેટ, પૂછડી હેઠળનાં પીંછાં ચળકતા ઘેરા લાલ રંગનાં. ખભા આછા મેલા વાદળી કે લીલાશ પડતા. પીઠ, કમર, તથા પૂછડી પરનાં પીંછાં ચળકતા મેલા આછા આસમાની રંગે. પાંખો ઘેરી લાલ. એમાં સફેદ પટો. દાઢી, ગળું, છાતી તથા પેટ સ્વચ્છ ધવલ વર્ણનાં. પૂછડી વાદળી. આવા રૂપવિન્યાસને લીધે એ ઊડે છે ત્યારે આખા વાતાવરણને આસમાની પ્રભાથી ભરી નાખે છે.[૩]

૩ શ્વેતવક્ષા કલકલીઆના ચમકતા રંગોના આવિર્ભાવ સંબંધમાં અત્યંત અદ્‌ભુત દંતકથાઓ પ્રચલિત છે. કહે છે કે ગતિના સ્વામિ વાયુદેવ અને સપ્તરંગી ઇન્દ્રધનુના સંયોગથી એક કન્યા જન્મી. એનું નામ આલ્સીઑન. મુગ્ધાવસ્થામાં એ ગ્રીક નાવિક સેઇકસ સાથે પ્રેમમાં પડી. કાલાન્તરે દરિયાના તોફાનમાં સેઇકસનું નાવ ભાગ્યું અને અન્ય ખલાસીઓ ભેગો એ પણ ડૂબી મૂઓ. એના મરણના આઘાતથી આલ્સીઑન ઝૂરતી ઝૂરતી અન્ત્યાવસ્થાએ પહોંચી. એવે વખતે ભગવાન વાયુદેવે આલ્સીઑનને, એના પતિના રૂહને ભેટવાની સગવડ કરી આપવા, બનાવી દીધું પંખી. એ પંખી તે આ શ્વેતવક્ષા કલકલીઓ જ. આજે પણ પાણીમાં ફરતા એના પતિના આત્મા સાથે હૃદય મિલાવી, એ નદી–સરોવર–સમુદ્રના જળ પર ત્વરાથી ફર્યા કરે છે.

બીજી દંતકથા છે પૃથ્વીના આદિ પ્રલયકાળથી. જ્યારે સમગ્ર વિશ્વ જળજળાકાર બની ગયું હતું ત્યારે આદિ પિતામહ નોઆહ, પ્રત્યેક યોનીનાં નરમાદાના એક એક જોડાને પોતાની સાથે વહાણમાં લઇને નીકળ્યા. ફરતાં ફરતાં યુગાન્તર વીતી ગયા. અંતે જળના પ્રાન્તદેશની ભાળ લેવા એમણે મોકલ્યો પ્રથમ તો ચાણાક્ષ કાગડાને. એ તો ગયો તે ગયો જ. પાછો શેનો આવે. વાટ જોતાં થાક્યા એટલે બીજો મોકલ્યો હોલાને. એને પણ આવતાં વાર થઇ એટલે છેવટે મોકલ્યો કલકલીઆને. કલકલીઓ હતો રૂપહીન પણ જળનો ભોમીઓ. એટલે એણે તો મૂકી દોટ અને એવો ઊડ્યો એવો ઊડ્યો કે વાદળાંની પાર આસમાનમાં પહોંચી ગયો: જેના સ્પર્શથી એનું વાન સુન્દર સૌમ્ય નીલવર્ણથી રંગાઇ ગયું. એથી હરખાય છે, ત્યાં દૂર દૂર સુદૂર એણે જોયા ભગવાન સવિતાનારાયણ, તેજના રાશિ. એનાથી આકર્ષાઇ એ જેવો સૂર્યને સ્પર્શવા જાય છે ત્યાં તેજના અગ્નિથી દાઝી ગયાં એની છાતીનાં પીંછાં અને થઇ ગયાં સળગતાં અંગારરૂપ. એના અંગારથી બળતો એ પડ્યો હેઠે અને નીચે આવી જળમાં મારી ડૂબકી. શીત સ્પર્શથી ભાનમાં આવીને જલ બહાર ડોકું કહાડી એ આસપાસ નજર કરે છે ત્યાં ન મળે વહાણ કે ન મળે નોઆહ દાદા! બધું ય ગેપ! બન્યું એમ કે કલકલીઓ સૂર્યને સ્પર્શવા જવામાં પડ્યો એ

૨ Halcyon Smyrnensis

ચાંચ: ૩", ઘેરા લાલ રંગની. આંખો: બદામી. પગ: ચણોઠી જેવા લાલ,

એનો આહાર: જીવાત, દેડકાં. ક્વચિત્ કાચંડા. એટલે પાણી નિકટ રહેવાની જરૂર નથી પડતી. એને લીધે જ એ ઘણી વખત પાણીથી અત્યંત દૂર ગામની ભાગોળે કે બાગબગીચામાં દેખાય છે. અમદાવાદ શહેર વચ્ચે પણ રખડતો મેં એને જોયો છે. વસતિ વચ્ચે રહે છે એટલે એ સૌનું પરિચિત પંખી છે. ભીની માટી અને સુકાએલાં ખાબોચીઆંમાં ચાંચથી ખોદીને આહાર મેળવે છે છતાં ક્વચિત્ એ માછલી પકડવા પાણીમાં ઝંપલાવતો પણ કહેવાય છે. જો કે એમ કરતો મારી નજરે એ પડયો નથી.

મનુષ્યના વસવાટનો આટલો રસીઓ હોવા છતાં પ્રજનનકાળે તો એને નદીતળાવની ભેખડો જ શોધવી પડે છે. કવચિત્ કૂવાની ભીંતનાં બાકોરાંનો પણ ઉપયોગ કરી લે છે. માર્ચથી જુલાઇના આરંભકાળ સુધીના વચગાળામાં ચળકતા શ્વેત રંગનાં ૫–૬ ઈંડાં ખુલ્લી જમીન ઉપર મૂકી દે છે.

છેલ્લો અને ગુજરાતી કલકલીઆમાં મોટામાં મોટો તે

૩

કાબરચીતરો કલકલીઓ

શરૂઆતમાં જે પંખીની અદ્ભુત શિકારયાત્રાનું વર્ણન કર્યું છે તે આ જ કલકલીઆને અનુલક્ષીને. કોઇ પણ સજળ નદી, સરોવર કે મોટા તળાવ પર જઇને જુઓ. આખો દિવસ આ કલકલીઆને એવી જ રીતે માછલાં પકડતો જોશો. ક્વચિત્ તો બે ચાર કલકલીઆ એકઠા થઇને ભેગા શિકાર પણ કરે છે. એ વખતનો એમનો યૂથસંચાર આપણી બુદ્ધિને સ્તબ્ધ કરી નાખે છે. આપણો સર્વવ્યાપક કલકલીઓ આ એકલો જ. અશેષ ગુજરાતમાં ખૂબ નજરે પડે છે.

એનું અંગ્રેજી નામ The Pied Kingfisher;[૪] કાગડાથી થોડો નાનો પણ ભરાઉ દેહવાળો. એનો પ્રધાન વર્ણ સફેદ અને કાળાના મિશ્રણથી ચટાપટાવાળો.

માથું અને કાન કાળા; એમાં સફેદ છાંટ. પાંપણ ધોળી. પીઠ, કમર, પૂછડી ઉપરનાં પીંછાં અને પાંખો કાળી; એ પીંછાના છેડા શ્વેત. ગળું તથા હેઠળનાં તમામ ભાગ સફેદ. માત્ર છાતીની બંને તરફ બે આડા કાળા પટા. એ ઉપરાંત નરમાં આખો સળંગ સાંકડો શ્વેત પટો. પૂછડી મૂળમાં શ્વેત, છેડેથી કાળી; પીંછાંના છેડા ધોળા.

ચાંચ: ૩'', કાળી. આંખો: ઘેરી બદામી. પગ: કાળા.

આહાર: કેવળ માછલી.

ફેબ્રુઆરીથી એપ્રિલના ગાળામાં, એ નદી તળાવની ભેખડોમાં દર કરી, ખૂબ ચળકતાં ૪થી ૬ શ્વેત ઈંડાં મૂકે છે.

[૨] ચાષ

દશેરાના દિવસે જેનું પુણ્ય દર્શન કરીને ભાવિક હિન્દુઓ કૃતાર્થ થાય છે, એ પંખી તે ચાષ. ઊભું વરસ એની ઉપેક્ષા કરી માત્ર દીવાળી ઉપર જ સ્વાર્થ પૂરતો એનો પરિચય કરવાનો રીવાજ હોવાથી, આપણા ત્યાં ઘણા લોકો ચાષને પરદેશી (યાયાવર) પંખી ગણે છે. પણ એ વાસ્તવિક નથી. ચાષ આપણે ત્યાં બારે માસ રહેનારૂં પંખી છે; અને તે પણ એટલું વ્યાપકપણે કે અહીં અમદાવાદમાં તો હું એને લગભગ દરરોજ જોઉં છું. એટલું સાચું કે ભર વસતિમાં ચાષ જોવા નહિ મળે. બાકી ગામના પાદરે, બાગ બગીચા અને ખેતર પાદરમાં એ ડગલે ડગલે નજરે પડશે. સાચું કહીએ તો નિવાસની બાબતમાં ચાષ પરમહંસવૃત્તિ સેવે છે. એને કોઇ સ્થળ પ્રિય નથી: કોઇ અકારૂં પણ નથી. શહેર વચ્ચોવચ્ચ એ કદાચ જોવા નહિ મળે; પણ એટલા ઉપરથી માણસનો વસવાટ એણે સમૂળગો તજ્યો છે એમ ન કહી શકાય. ભોં ભોં કરતી મોટરો જતી હોય, સુક્ સુક્ કરતાં એન્જીન આખો દહાડો શંટીંગ કરતાં હોય, કોઇ સ્થળે ગૉલ્ફની રમત રમાતી હોય કે કહીં ફૂટબૉલનો દડો ઉછાળી રમનારા શોરબકોર કરતા હોય; છતાં આ બધાની વચ્ચે, રજ પણ ઉદ્વેગ વિના નિરાંત જીવે સૃષ્ટિને ઉદાસીન ભાવે નીરખતો ટેલિફોનના કે રેલવેના તાર ઉપર અગર લીલા સૂકા ઝાડની ડાળે બેઠેલો એ દેખાશે. બેસશે તે પણ પાંચ

અરસામાં પાણીનો વિસ્તાર માપીને હોલો પાછો ફર્યો અને નોઆહ બધાં પ્રાણીઓને યથાસ્થાને વિદાય કરીને જાતે સ્વસ્થાને પહોંચી ગએલા. કલકલીઆને એ સમાચાર કોણ આપે? એટલે આજે પણ એ આસમાની અને લાલ વાઘા સજીને, નોઆહના વહાણની શોધમાં, ઝડપથી જળપર અહીંથી તહીં આંટા મારતો શોધતો આપણી નજરે પડે છે!

૪ Ceryle Rudis



ચાષ

પંદર મિનીટ નહિ; અરધો કલાકે નહિ. પણ કદી કદી તો બેચાર કલાક! વખતે આખો દિવસ એ લત્તામાં ગાળી કાઢશે. આમ છતાં એની કોઇ વિચિત્ર ખાસીઅત નથી, તેમ એ ધૂની પણ નથી. સ્વભાવે છે અતિ સૌમ્ય. નિરુપદ્રવી. ઝાઝો કલબલાટ કરવાની ટેવ પણ નહિ. માત્ર એનો આ સંયમ છૂટી જાય છે શીતકાલમાં. ફેબ્રુઆરી એનો સંવનન કાલ. એ પ્રસંગે ચાષનો ઉન્માદ અજબ તરેહનો હોય છે. સૂર્યોદય તાજો જ થયો હોય એવે વખતે, એ પાંખો પર ઊંચે ઊડે છે. પચીસ ત્રીસ ફૂટ ઊંચે ચડ્યો કે ત્યાં જ અટકી પાછો હેઠે ઊતરવા માંડે છે. પણ સીધે સીધો નહિ પણ ગુલાંટ ખાતો, ગિરિ કરતો. થોડું પડ્યો કે તરત જ કળ લઇને પાછો ઊંચે ચડે છે અને ફરી પાછો ગુલાંટ પર ગુલાંટ ખાતો હેઠે આવે છે. આ વખતે એના શરીરવર્ણની વાદળી ભભકથી આખું વાતાવરણ રંગાઇ જાય છે. એની આમ ગુલાંટ ખાવા–rolling–ની ટેવને લીધે જ અંગ્રેજો એને Indian Roller[૫] નામથી ઓળખે છે. વળી એના રંગની ભભકથી એનું Blue–Jay એવું નામ પણ પડ્યું છે. એનું સમગ્ર શરીર તો છે વિવિધરંગી, છતાં નીલવર્ણના પ્રાધાન્યથી કદાચ એને Blue કહીએ તો ચાલે. પણ એને Jay તો ન જ કહેવાય; કારણ એ Jay વર્ગનું પંખી નથી.[૬]

ચાષનું અન્ય નામ નીલકંઠ. એને ઉત્તર ગુજરાતમાં 'લીલચા' પણ કહે છે, એ એના નીલ વર્ણને લીધે જ. કદમાં ચાષ એકાદ ફૂટ લાંબો અને ભરાવદાર શરીરવાળો હોય છે. એના માથાનો વચલો ભાગ લીલાશ પડતો વાદળી. કપાળ લાલાશ પડતું. ગરદન, ખભા વચલો ભાગ અને પાંખો મેલાં, ધુમાડા જેવા કાળા બદામી વાદળી રંગનાં. ખભા ચમકતા ઘેરા વાદળી. પીઠ વાદળી. કેડ અને પૂંછડીનાં ઉપરનાં પીંછાં ઘેરા રતુમડા વાદળી રંગનાં. વચલાં બે પીંછાં મેલા લીલા રંગે. બાકીનાં પીંછાં મેલાં વાદળી. દાઢી, ગળું, છાતી આછા રતુમડા વાદળી રંગનાં. પેટ, પડખાં, પૂંછડીનો મૂળ ભાગ અને પૂંછડી હેઠળનાં પીંછાં આછા આસમાની રંગનાં. વાસ્તવિક રીતે તો ચાષનાં અંગો વાદળી રંગની દ્વિવિધ છાયાથી રંગાએલાં છે. એક નીલવર્ણ છે ઘેરો: બીજો આછો ફિક્કો. બંનેની ખરી ખૂબી તો ચાષના ઉડ્ડયન પ્રસંગે જ સમજાય છે. અંગ્રેજો એ બંને રંગને કૅમ્બ્રીજ અને ઑક્સફર્ડ વિદ્યાપીઠોના લાક્ષણિક નીલવર્ણો સાથે સરખાવે છે.

ચાંચ: ૧", કાળાશ પકડતા બદામી રંગની. આંખો: ઘેરા બદામી રંગે. પોપચાં: પીળાં. પગ: મેલા પીળા.

રૂપે રંગે આવો નયનાભિરામ છતાં ચાષ બેઠો હોય છે ત્યારે કેવળ ધૂળીઆ વરણનો દેખાય છે.[૭] એને લીધે જ એ જોનારાની ઉપેક્ષા પામે છે. એના એવા વર્ણવિભ્રમથી છેતરાઇ ઘણા ભણેલા ગણાતા પણ ચાષ અને કલકલીઆ વચ્ચેનો ભેદ પરખી શકતા નથી અને ચાષને કલકલીઓ કે કલકલીઆને ચાષ કહે છે.

---

૫ Coracias Indica

૬ કાગડાના વર્ગનાં પક્ષિવિશેષ

૭ બેઠેલા ચાષનો ધૂળીઓ વર્ણ પણ આપણા પ્રાન્તમાં બધેય એક સરખો નથી હોતો, એવો મારો અનુભવ છે. ગયા ચોમાસામાં હું અને ભાઇ ખરાદી, ગુજરાત પ્રકૃતિ મંડળના સંગ્રહના કામે ઓખાના પ્રવાસે ગએલા ત્યારે જામનગર અને દ્વારકા વચ્ચેના પ્રદેશમાં જે અનેક ચાષ અમારી નજરે ચડેલા તે બધાયનાં વાન અત્યંત ઘેરા બદામી વર્ણનાં હતાં. એથી ઊલટું, ઈડરની ગિરિમાળાના ચાષનાં શરીર, અત્યંત આછા ચટણી કે ફિક્કા મેલા લીલા રંગનાં મેં અનેક પ્રસંગે–સવિશેષ શીઆળાના આરંભમાં–જોયાં છે. આવા રંગફેર ઉત્તર ગુજરાતના ચાષમાં મેં કદી પણ દીઠા નથી. વખતે સ્થળવિશેષનાં હવાપાણીમાં ચાષના Moultingના તો આવા પરિણામ નહિ હોય? કારણ સમગ્ર ભારતવર્ષમાં આવો માત્ર એક જ જાતનો ચાષ થાય છે એટલે આ જાતફેર પણ ન જ હોઈ શકે.

આવી ભૂલ સ્વાભાવિક છે. એક તો આપણે પક્ષીને રસપૂર્વક નીરખવા ટેવાએલા નથી. બીજું, પંખી ઊડે છે ત્યારે જ આપણી નજરે ચડે છે; એ બેઠું હોય ત્યારે સામાન્ય રીતે આપણી આંખમાં એ તરવરતું નથી હોતું. એને લીધે ઘણાંખરાં પંખીઓના રૂપ રંગની આપણી કલ્પના કેવળ એના ઊડતી વખતના રંગસંભાર ઉપર રચાએલી હોય છે. ચાષ ઊડે છે ત્યારે ઝળકતા ભિન્નવર્ણના નીલ વાઘા સજીને. એ વખતે એની પડખે (શ્વેતવક્ષા) કલકલીઓ પણ ન ચડી શકે. પણ પાંખો બંધ થઇ એટલે ખલાસ. ચાષની રૂપસામગ્રી ઢંકાઇ જાય અને એને સ્થાને મેલો ધૂળીઓ અંધાર પછેડો ઓઢી બેસી જાય. આવો બેઠેલો એ નજરે ય શી રીતે ચડે? જ્યારે શ્વેતવક્ષા કલકલીઓ તો બેઠો હોય કે ઊડતો હોય: એના રંગ તો એવા ને એવા ઝબકતા જ. એટલે જ ઊડતા ચાષને જોઇ, તે ઉપરથી 'બેઠેલા' ચાષની કલ્પના કરનાર બીનઅનુભવીઓ, કલકલીઆને ચાષ ગણાવે એમાં એમનો વાંક નથી. વાસ્તવિક રીતે તો આ બંને પંખી વચ્ચે આવો ભ્રમ થવાનું કંઇ જ કારણ નથી. બંનેની દેહરચના ભિન્ન પ્રકારની છે. બંનેના વાન પણ જુદા છે. એ બધું યાદ ન રહે તો પણ એમને ઓળખવાની એક અમોઘ ચાવી છે; અને તે: એમની ચાંચો. કલકલીઆની ચાંચ ભાલા જેવી અણીદાર, માથા કરતાં બમણી લાંબી; ચાષની ચાંચ છેડેથી બુઠ્ઠી અને એના માથા જેવડી જ (કલકલીઆ કરતાં અરધા કદની). કલકલીઆની ચાંચ ઘેરા લાલ રંગની; ચાષની મેલા બદામી રંગની. બીજું બધું ભૂલાઇ જાય છતાં આટલું યાદ રહે તો પણ કલકલીયાનો ચાષ નહિ બની જાય. પણ આટલું જો યાદ ન રહે તો પછી...

ચાષનો આહાર: જીવાત, ઊંદર, વગેરે. ડાળ પર બેઠો હોય છતાં એનું ધ્યાન તો જમીન ઉપર જ હોય છે. જેવું કાંઇ ફરતું દેખાયું કે ઝડપ મારી એને ઉપાડી લે છે અને પાછો અસલ જગાએ સ્થિર થઇ જાય છે. હળ ખેંચતાં બળદના પગલે ફરતો પણ એ નજરે પડે છે.

એપ્રિલથી જુનના અંત સુધીનો સમય એનો ગર્ભાધાનકાળ. એકાદ જીર્ણ વૃક્ષ કે જૂની ભીંતનાં કાણાંમાં અગર અવાવર ઘરના છાપરામાં ઘાસ, તરણાં, પીંછાં અને ચીંથરાં વગેરેનો સાથરો પાથરી તેની ઉપર ચળકતા શ્વેત રંગનાં ચાર ઇંડાં મૂકે છે.

વનેચર

ગણિત–ગમ્મત

લેખક: **મૂળજી જેઠુ જોશી**

[૧]

૩૬ થી ૪૪ સુધીની સળંગ નવ સંખ્યાઓ એવી છે કે એ પૈકીની પહેલી પાંચ સંખ્યાનો દરેકનો વર્ગ જુદોજુદો કરી એ પાંચે વર્ગોનો સરવાળો કરીએ, તો તે સરવાળો બાકીની છેલ્લી ચાર સંખ્યાના દરેકના જુદાજુદા વર્ગોના સરવાળાની બરાબર થાય.

પહેલી પાંચ સંખ્યાઓ	બીજી પાંચ સંખ્યાઓ
(૧) $(૩૬)^2$ = ૧૨૯૬	(૧) $(૪૧)^2$ = ૧૬૮૧
(૨) $(૩૭)^2$ = ૧૩૬૯	(૨) $(૪૨)^2$ = ૧૭૬૪
(૩) $(૩૮)^2$ = ૧૪૪૪	(૩) $(૪૩)^2$ = ૧૮૪૯
(૪) $(૩૯)^2$ = ૧૫૨૧	(૪) $(૪૪)^2$ = ૧૯૩૬
(૫) $(૪૦)^2$ = ૧૬૦૦	. . . .
૭૨૩૦	૭૨૩૦

આવી બીજી પણ જોડી બની શકે; જાણો છો?

[૨]

શ્રી મોહનલાલ પંચોળી તરફથી આ માસિકમાં આ સોળ અંકી સર્વતોભદ્ર યંત્ર વિષે કેટલીક રીતો બેએક વર્ષ પહેલાં સમજાવવામાં આવી છે. આ નીચેની રીત એથી જરા નવી છે.

બીજ ૩૫


૧	૨	૩	૪
૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨
૧૩	૧૪	૧૫	૧૬

સાધ્ય ૩૫

૧૩	૨	૩	૧૬
૧૨	૭	૬	૯
૮	૧૧	૧૦	૫
૧	૧૪	૧૫	૪

ખુલાસો: ૧ અને ૧૩; ૪ અને ૧૬; ૫ અને ૧૨; ૯ અને ૮; ૬ અને ૭; તથા ૧૦ અને ૧૧ સામસામી બદલો જાય છે. અને આમાં દરેક ઊભી, દરેક આડી અને દરેક તીરકસ એમ દસ રીતે સરવાળો ૩૪ આવશે.





પંચતંત્રની વાર્તાઓ

સંજીવકે આવીને સાવજને પ્રણામ કર્યો. સાવજે એને એનો વૃત્તાન્ત પૂછ્યો તે સંજીવકે કહ્યો, એટલે સાવજે એને આઠે પ્રહર પોતા આગળ રહેવા કહ્યું. સંજીવક-પિંગલકની વચ્ચે આમ એવી ગાઢ પ્રીતિ થઈ ગઈ કે બીજા કોઈને સિંહ આગળ ઢૂકવાનું પણ મળે નહિ, એ જોઈને કરટક-દમનક અન્યોન્ય વિચાર કરવા મંડ્યા. ત્યાં દમનક બોલ્યો, ‘ભદ્ર કરટક, આ તો હાથે કર્યાં હૈયે વાગ્યાં જેવું થયું. પિંગલક આગળ મેં જ સંજીવકને આણ્યો પણ એ તો પેધી ગયો, અને આપણો તો ભાવેય પૂછાતો નથી. એટલે હવે તો એ બેની વચ્ચે ભેદ પડાવવો જોઇએ.’

કરટક કહે, ‘તું કાંઇ એવો સમર્થ નથી. કેવી રીતે તું ફૂટ પડાવીશ ?’

દમનક કહે, ‘ભદ્ર, એને નોખા પાડવાનો ઉપાય વિચારવો જોઇએ. કહ્યું છે કે,

ઉપાયોથી બને જે તે નહિ થાય પરાક્રમે।
મારે કનકસૂત્રેથી કાગડી કૃષ્ણ સર્પને ॥ ૨૨૮ ॥

કરટક કહે ‘ એ કેમ ? ’ તે બોલ્યો :

કથા ૭

એક વડ ઉપર કાગડોકાગડી રહેતાં હતાં. કાગડીને પ્રસવ થાય ત્યારે ત્યારે ઝાડની બખોલમાંથી નીકળીને એક કાળો નાગ એનાં બચ્ચાંને ખાઈ જાતો. એટલે દંપતીએ પોતાના પ્રિય મિત્ર એક શિયાળને પૂછ્યું: ‘ભદ્ર, આ સ્થિતિમાં શું કરવું ?’ તેણે કહ્યું, ‘તમે ઉચાટ કરો મા. પણ કાંઇક ઉપાય કર્યા વિના એ દુષ્ટનો નાશ નહિ થાય. કહ્યું છે, કે

માછલાં બહુ ખાઈને ઉત્તમાધમમધ્યમ ।
લોભી બક મુઓ ઝાલ્યું ગળું એનું કુલીરકે ॥ ૨૩૦ ॥



‘કરચલા, આ તો મારી પ્રાણયાત્રા છે,’ બગલો સ્મિત કરી બોલ્યો. ત્યાં કરચલે એનું ગળું ઝાલીને એને મારી નાખ્યો.



બા ળ વિ ભા ગ



પંચતંત્રની વાર્તાઓ

સંજીવકે આવીને સાવજને પ્રણામ કર્યાં. સાવજે એને એનો વૃત્તાન્ત પૂછ્યો તે સંજીવકે કહ્યો, એટલે સાવજે એને આઠે પ્રહર પોતા આગળ રહેવા કહ્યું. સંજીવક-પિંગલકની વચ્ચે આમ એવી ગાઢ પ્રીતિ થઈ ગઈ કે બીજા કોઈને સિંહ આગળ ઢૂકવાનું પણ મળે નહિ, એ જોઈને કરટક-દમનક અન્યોન્ય વિચાર કરવા મંડ્યા. ત્યાં દમનક બોલ્યો, ‘ભદ્ર કરટક, આ તો હાથે કર્યાં હૈયે વાગ્યાં જેવું થયું. પિંગલક આગળ મેં જ સંજીવકને આણ્યો પણ એ તો પેધી ગયો, અને આપણો તો ભાવેય પૂછાતો નથી. એટલે હવે તો એ બેની વચ્ચે ભેદ પડાવવો જોઇએ.’

કરટક કહે, ‘તું કાંઇ એવો સમર્થ નથી. કેવી રીતે તું ફૂટ પડાવીશ ?’

દમનક કહે, ‘ભદ્ર, એને નોખા પાડવાનો ઉપાય વિચારવો જોઇએ. કહ્યું છે કે,

ઉપાયોથી બને જે તે નહિ થાય પરાક્રમે।
મારે કનકસૂત્રેથી કાગડી કૃષ્ણ સર્પને ॥ ૨૨૮ ॥

કરટક કહે ‘ એ કેમ ? ’ તે બોલ્યો :

કથા ૭

એક વડ ઉપર કાગડોકાગડી રહેતાં હતાં. કાગડીને પ્રસવ થાય ત્યારે ત્યારે ઝાડની બખોલમાંથી નીકળીને એક કાળો નાગ એનાં બચ્ચાંને ખાઈ જાતો. એટલે દંપતીએ પોતાના પ્રિય મિત્ર એક શિયાળને પૂછ્યું: ‘ભદ્ર, આ સ્થિતિમાં શું કરવું ?’ તેણે કહ્યું, ‘તમે ઉચાટ કરો મા. પણ કાંઇક ઉપાય કર્યા વિના એ દુષ્ટનો નાશ નહિ થાય. કહ્યું છે, કે

માછલાં બહુ ખાઈને ઉત્તમાધમમધ્યમ ।
લોભી બક મુઓ ઝાલ્યું ગળું એનું કુલીરકે ॥ ૨૩૭ ॥



‘કરચલા, આ તો મારી પ્રાણયાત્રા છે,’ બગલો સ્મિત કરી બોલ્યો. ત્યાં કરચલે એનું ગળું ઝાલીને એને મારી નાખ્યો.

વાયસદંપતી કહે 'એ કેમ?' તે બોલ્યો :

કથા ૮

માલવદેશમાં પદ્મગર્ભ નામે નાનાજલચરસનાથ સરોવર હતું. ત્યાં એક બગલો વૃદ્ધાવસ્થાને કારણે માછલાં મારવા અસમર્થ થઈ ગયો હતો, એટલે તે સરોવરતીરે જઈને મોતી જેવાં આંસુથી ધરાતલને સિંચતો રોવા મંડ્યો. એને રડતો જોઈને એક કરચલો બોલ્યો, 'મામા, પહેલાં કરતા એમ આજ કેમ આહાર નથી કરતા ને રુઓ છો?' બગલો કહે, 'વત્સ, આજ મને મત્સ્યાહાર ઉપર પરમ વૈરાગ્ય આવી ગયું છે.' કરચલે પૃછ્યું, 'એ વૈરાગ્યનૃં કારણ શું?' તે બોલ્યો, 'મેં સાંભળ્યું કે બાર વર્ષ લગી વૃષ્ટિ નહિ પડે, કેમકે શનિ રોહિણીની ગાડી વચ્ચે થઇને મંગળ શુક્ર આગળ જાય છે. વરાહમિહિર કહે છે:

यदि भिनृत्ते सूर्यसुतो रोहिण्याः शकटमिह लोके।
द्वादश वर्षाणि तदा नहि वर्षति वासवो भूमौ ॥ २३३ ॥

વળી આ તળાવમાં તો પાણી જ ઓછું છે એટલે એ ઝટ શોષાઈ જાય, ને તળાવ સુકાય એટલે જેની હારે હું મોટો થયો ને રમ્યો એ સર્વે નાશ પામે. એનો વિયોગ મારાથી કેમ ખમાય? એટલે મેં અનશનવ્રત લીધું છે. હમણા નાનકડા જલાશયવાળા જલચરને એના સ્વજન મોટા જલાશયમાં લઈ જાય છે, પણ આ તળાવવાળા નિશ્ચિન્ત છે તે જોઇને મને વધારે રોવું આવે છે.'

કરચલે જઈને આ વાત બીજા જલચરોને કરી, એટલે મૂંઝાયેલી મતિવાળા એ બધાએ બગલાને પૂછ્યું, 'મામા, એવો કોઈ ઉપાય છે, જેથી અમારી રક્ષા થાય?' બગલે કહ્યું, 'અહિંથી થોડે આઘે પદ્મિનીખંડમંડિત પુષ્કળ જળવાળું અગાધ સરોવર છે, જે ચોવીશ વર્ષના દુકાળથી યે સુકાય નહિ. કોઇ મારી પીઠ ઉપર બેસે તો તેને હું ત્યાં લઇ જાઉં.'

બગલા ઉપર માછલાંને વિશ્વાસ બેઠો, એટલે ભાઇબાપા, કાકામામા કરતાં પહેલાં હું, પહેલાં હું એમ બોલતાં તે એને ઘેરી વળ્યાં. હવે દુરાત્મા બગલો ક્રમે ક્રમે એકએકને પીઠે બેસાડી થોડીક દૂર એક શિલા હતી તેના ઉપર નાખીને ખાઈ જાય, અને પાછો તળાવે આવીને જલચરોનું ખોટા સમાચાર ને સંદેશાથી મનોરંજન કરે એમ બહુ દિવસ ચાલ્યું. પછી એક દિવસે કરચલાએ બગલાને કહ્યું, 'મામા, તારે પ્રથમ સ્નેહસંભાષણ મારી હારે થયું હતું. તો મને તજીને બીજાને કેમ લઈ જાય છે? આજ તો મૃત્યુમુખથી મારો જીવ બચાવ.' એ સાંભળીને બગલાએ વિચાર્યું, કે 'માછલાંનું એકરસ માંસ તો હવે મને અભાખે પડ્યું છે, એટલે કરચલાનો અપૂર્વ સ્વાદ કરું.' એમ કરી કરચલાને પીઠે બેસાડીને વધ્યશિલા ઢાળો ચાલી નિકળ્યો, પણ કરચલે આઘેથી માછલાંનાં હાડકાંનો પર્વત જોઇને એને પૂછ્યું, 'મામા, જળાશય કેટલો દૂર છે? મારા ભારથી તું બહુ થાકયો હઈશ.' બગલો સ્મિત કરીને બોલ્યો, 'કરચલા, બીજો જળાશય કેવો? આ તો મારી પ્રાણયાત્રા છે. એટલે ઇષ્ટદેવતાનું સ્મરણ કરી લે, પછી તને પણ ખાઉં.' આમ વાત કરે છે ત્યાં કરચલે એનું ગળું ઝાલીને એને મારી નાખ્યો. પછી એનું ડોકું લઈને સરોવરે આવ્યો ને વાત કરી, કે 'વિશ્વાસઘાતક બગલાનો અભિપ્રાય હું જાણી ગયો અને એને પૂરો કર્યો.'

એટલે હું કહું છું, 'માછલાં બહુ ખાઇને' ઇત્યાદિ.

(ચાલુ) **દેસાઇ વાલજી ગોવિન્દજી**

જાપાની ચિત્રપોથીઓનાં પાનાં [૬]

આ અંકની ચિત્રપ્લેટમાંના બીજા ચિત્રમાં મથાળાની પહેલી હારમાં બતાવેલી, માત્ર કંપાસથી જ થતી ભૂમિતિની આકૃતિઓનો પાકો પરિચય અને તાલીમ જાપાનના ચિત્ર શિક્ષણમાં આપવામાં આવે જ છે. એ ચાર જ આકૃતિઓ ઉપર જે અનેકવિધ કલ્પનાકૃતિઓનું મંડાણ કરી શકાય છે તેના થોડા દષ્ટાંતો નીચલી હારોમાં આપવામાં આવ્યા છે. સૂચનાઓ અને સમજણોની મોટીમોટી નોંધ વિના ખૂબીપૂર્વકનું જે અશબ્દ શિક્ષણ જાપાની ચિત્રપોથીઓમાં આપવામાં આવે છે તેનો પણ એ અચ્છો નમૂનો છે. એ મૂળ ચિત્રમાં આકૃતિઓના ગાળાઓમાં ત્રણ મૂળ રંગોની જે ગૂંથણી બતાવી છે તે એવી ખૂબીથી કરેલી છે કે તે દ્વારા રંગમિશ્રણોના અનેક પ્રકારનું જ્ઞાન પણ વિદ્યાર્થીઓને મળી રહે. મથાળાની હારની ભૌમિતિક આકૃતિઓમાં જે પંચકોણ દોરવાની પદ્ધતિ દર્શાવી છે તે જાપાનની અનોખી જ હોય એમ લાગે છે, કારણ કે એ રીત યુરોપ અમેરિકાની ચિત્રભૂમિતિઓમાં નજરે પડી નથી. તો પછી હિંદી શિક્ષકોને તો તે કયાંથી જ માલૂમ હોય? છતાં અગાઉ કોઇ ઠેકાણે તે પ્રસિદ્ધ થયાનો દાખલો કોઇ મેળવી આપશે તો લેખકનો ભ્રમ દૂર થશે. **ર.મ.રા.**



જીવનનું પરોઢ

ભાગ બીજો

પ્રકરણ ઓગણીસમું · રૂસ્તમજી શેઠ

સવારથી સાંજ સુધી ફીનિક્સમાં ચાલી રહેલી નાની મોટી દરેક પ્રવૃત્તિનાં સૂત્રો પોતાના હાથમાં રાખવા છતાં, નાના મોટા દરેક ફીનિક્સવાસીની પ્રગતિ અને વિકાસની ચિંતા વહોરવા છતાં, એથી યે વધુ પોતાના આત્માને નિખારવાની મથામણમાં તલ્લીન હોવા છતાં બાપુજી કેવળ ફીનિક્સના સંકુચિત કુંડાળામાં જ પૂરાઈને નહોતા બેઠા. આખા દક્ષિણ આફ્રિકામાં એમની નજર ફરતી હતી. નાતાલ ટ્રાન્સવાલ અને કેપ કૉલોનીમાં વસતા બધા હિંદીઓ સાથેનો મીઠો સંપર્ક તે વધારતા જ જતા હતા. હિંદુ, ઈસાઈ, મુસલમાન કે પારસી; ગુજરાતી, મદ્રાસી, કલકતીયા કે સ્થાનિક; (કલકતીયા એ હિંદી ભાષાભાષીઓનું ત્યાંનું નામ હતું, અને સ્થાનિક એટલે દ. આ. માં જન્મેલા ક્રિશ્ચિયનો) તેમજ મોટા વેપારીઓ, નાનકડા ફેરીઆઓ અને ગીરમીટમાં પડેલા મજૂરો સૌની અંગત મુશ્કેલીઓ દૂર કરવાની મળે તેટલી તક મેળવતા. અને એ રીતે ત્યાં વસતી આખી હિંદી કોમને એક સૂત્રે બાંધતા.

એમાં યે કેટલાક મિત્રો તો બાપુજીની એટલા નિકટ હતા કે ફીનિક્સથી દૂર રહેતા છતાં અમારા કુટુંબી સમા હતા. એમાંના એક તે રૂસ્તમજી શેઠ. અમે જ્યારે ડરબન જતા ત્યારે અમારી સંખ્યા ગમે તેટલાની હોય—પાંચ પચીસ કે પચાસની, વગર સંકોચે એમને ઘેર પહોંચી જતા. એક રીતે તેઓ ફીનિક્સના દ્વારપાળ હતા. કોઈ તેમને વટાવીને ડરબનથી ફીનિક્સ ન આવી શકે. દેશથી આવનારાઓ અને દેશ જનારાઓને એમની મહેમાનગીરી સ્વીકાર્યે જ છૂટકો.

ફીનિક્સમાં એક દિવસ સાંજની પ્રાર્થના પછી એ કોયડાનો બધા ઉકેલ કરવા બેઠા કે રૂસ્તમજી શેઠને સ્ટેશનેથી ઘેર કેમ લઈ આવવા. તેઓ અતિશય માંદા હતા. ૩૨ વર્ષ સુધી એમને તાવ નહોતો આવ્યો, પણ ૩૨ વર્ષ પછી આવેલા આ તાવે એમનાં હાડ ભાંગી નાખ્યાં હતાં. બીજા કોઈ માંદા માણસને તો ઝોળીમાં નાખી કે ખભે બેસાડીને લઈ અવાય, પણ કાકાજીનું તો શરીર એટલું પહોળું અને ભારે કે એ અખતરો ન થઈ શકે. એ વેળા અમારી પાસે ઘોડાગાડી કે ખચ્ચરગાડી પણ ન હતી કે તેમાં ગાદલાંગોદડાં પાથરીને લઈ અવાય. છેવટે એમ ઠર્યું કે પાર્સલો લઈ જવા લાવવાની જે હાથગાડી છે તેમાં એમને છ સાત છોકરાઓએ મળીને લઈ આવવા. ઠરાવ્યા પ્રમાણે અમે બીજે દિવસે સ્ટેશને પહોંચ્યા અને એવા ખરાબ રસ્તામાં પણ ગાડીને બિલકુલ આંચકો આવવા દીધા વિના ટેકરીઓ ચડાવતા અને ઉતારતા એમને લઈ આવ્યા. આથી માંડમાંડ શાબાસી આપે એવા કાકાજી પાસેથી પણ અમે શાબાસી પણ મેળવી.

બાપુજીએ અમને બધાને તાકીદ કરી કે 'પહેલું કામ કાકાજીની સેવાનું છે. એમાં કોઈ પણ જાતની ઉણપ ન આવવી જોઈએ. ભણવાભણાવવામાં અનિયમિતતા આવે તો વાંધો નહિ; સેવામાં ખામી ન રહેવી જોઈએ.' અને થયું પણ તેમજ. એમના આવ્યા પછી અમારી નિશાળ શિથિલ થઈ ગઈ. શિક્ષકો અને મોટા છોકરાઓને વારાફરતી રાતદિવસ કાકાજીની તહેનાતમાં રહેવું પડતું.

રૂસ્તમજી શેઠ છોકરાઓને ઈનામ આપવામાં બહુ ઉદાર હતા. એમની 'પતેતી'નું ઈનામ દર વરસે અમારે સારૂ ડરબનથી આવતું. એ ઉપરાંત હાલતાં ચાલતાં તેઓ નાના મોટાં ઈનામો આપી દેતા. પણ મફતનું એક પણ ઈનામ ન આપતા.

થોડા દિવસમાં તેઓની પથારી છૂટી અને તેઓ હરતા ફરતા થયા. પણ અમારી નિશાળ પાછી પહેલાં જેવી ધમધોકાર ચાલુ ન થઈ, કારણ બાપુજી જોહાનિસબર્ગ અથવા કેપટાઉન ગયા હતા. પાર્લામેંટ બેસવાની હતી તેમાં જનરલ સ્મટ્સે ગોખલેજીને આપેલા વચન સંબંધી કંઈક વાત કરવા તેઓ ગયા છે એટલું અમે જાણતા હતા. કેટલા દિવસ માટે ગયા છે, અને

તેઓ પાછા ક્યારે આવવાના છે એ સિવાયની બીજી તપાસ રાખવામાં અમને ઝાઝો રસ ન હતો. જતી વખતે બાપુજી રૂસ્તમજી શેઠને પોતાની ગાદી સોંપી ગયા હતા. રૂસ્તમજી શેઠ કહે એ પ્રમાણે બધાને કરવાનું રહેતું. વિશેષે સાંજની પ્રાર્થનામાં તેઓજ બધું કરાવતા. તેઓના હાથમાં પ્રાર્થનાનું તંત્ર હોય ત્યારે અમારી ખાતરીજ હોય કે તેઓ 'મને વ્હાલું વ્હાલું વ્હાલું દાદા રામજીનું નામ' ગવરાવશે. આદિ સત્યાગ્રહી ભક્ત પ્રહ્લાદજીની એ સ્તુતિ રૂસ્તમજી શેઠને બહુ જ પ્રિય હતી. અમે ગાતા ત્યારે તેઓ એકધ્યાન થઇ ધૂણવા લાગતા. કેટલીકવાર ભજનના પહેલા ચરણમાં એઓ જરા ફરક કરાવતા અને 'દાદા રામજી'ને બદલે 'દાદા અહુરમજ'નું પાઠાંતર કરાવી ગવરાવતા. દાદા અહુરમજજીની વાતો પણ તેઓ સંભળાવતા.

સામા માણસને આંજી દેવાની એમનામાં એવી છટા હતી કે ભલભલાને એમને નમતું આપવું પડતું. એકવાર અમે સૌ ટેબલ ખુરશી ઉપર નિયમ પ્રમાણે ગોઠવાઈ જમવાની તૈયારીમાં હતા ત્યાં અણધાર્યા રૂસ્તમજી શેઠ આવી પહોંચ્યા અને ડાબા હાથમાં તાંસળું ને જમણા હાથમાં લાકડાનો ચમચો લઈ અમારી હારોહાર જમવા બેસી ગયા. જમતાં જમતાં એક વિદ્યાર્થીને ભાતમાં ઇયળની શંકા આવી. તેણે વાટકો પડતો મૂક્યો અને 'નથી ખાવું' એમ છણકો કરી ઊઠ્યો ને ચાલતો થયો. તરત બીજાઓને એનો ચેપ લાગ્યો અને એકે એકે લગભગ બધા ખાણું પડ્યું મેલી કસાણે મ્હોંએ ઊઠ્યા. થોડી વાર તો રૂસ્તમજી શેઠ આ કૌતુક જોઇ રહ્યા. એમનાથી આવો પ્રસંગ મૂગે મોઢે ખમી શકાય એમ ન હતું. તેઓ ગર્જ્યા:

'આમ જુઓ છોકરાઓ! મારી વાત સાંભળો! હિન્દુસ્તાનની વસતિ કેટલી છે? જવાબ દો છો કે નહિ? નથી જાણતા શું?' ક્ષણભર બધા થીજી ગયા. કોઇને કંઈ સૂઝ્યું નહિ. એક જણે હિંમત આણી ધીમેથી જવાબ આપ્યો, 'તેંત્રીસ કરોડ.'

પણ સવાલજવાબનો મર્મ કોઈના ધ્યાનમાં આવ્યો નહિ. સૌ મુંઝાયા. કાકાજીના બીજા સવાલે પ્રકાશ પાડ્યો: 'તેત્રીસ કરોડમાં ભૂખે કેટલા મરે છે, ખબર છે?'

છોકરાઓની હિંમત ગળવા માંડી. કોઇ કાંઇ બોલ્યું નહિ. રૂસ્તમજી શેઠનું ભાષણ ચાલ્યું:

'શરમાઓ, જરા શરમાઓ. અનાજને કંઇ ફેંકી દેવાય? આપણે ગરીબ બનવું છે કે રોફ મારવો છે? દેશના ભૂખે મરતા ગરીબો આમ પકાવેલું અનાજ ફેંકી દે? બોલો? હજી નથી સમજતા? ચાલો બેસો, ખાઓ જોઇએ છાનામાના.' કહી પોતે પાછો ચમચો ચલાવ્યો અને બીજા બધા છોકરાઓ પણ શાણા થઇ ભાણા પર ઝૂકી ગયા.

છોકરાઓની બાબતમાં નહિ પણ હિંદી કોમનો મિજાજ પણ ઠેકાણે રાખવામાં બાપુજી જરા સંકોચ કરે અથવા નિરાશ થતા જણાય ત્યાં રૂસ્તમજી શેઠને ગરજી ઊઠતાં વાર ન લાગતી. એમની સૂઝ, એમનું વ્યક્તિત્વ અને એમની ઝડપ હિંદી કોમમાં તડું દેખાવા ન દેતી અને આખી કોમનું નાક અણીશુદ્ધ રાખવામાં એ ફાવતા. રૂસ્તમજી શેઠની દેશદાઝ અને બહાદુરી સહેજે વટાવી શકાય એવાં ન હતાં.

રૂસ્તમજી શેઠના બે દીકરા. જાલભાઇ અને સોરાબજી. જાલભાઇ લાંબા અને પાતળા. સોરાબજી એમના પિતા જેવા જ જાડા ને ઠીંગણા. જાલભાઇ ગંભીર, ઝાઝું બોલે નહિ. સોરાબજી બહુ વિનોદી, જ્યાં હોય ત્યાં હસાહસ કરાવી મૂકે. એ હોય ત્યાં પહોંચી જઇ એમની ગમ્મત સાંભળવાનું મને ગમતું. પણ કાકાજી આવે કે એ ગમ્મતમાં વિઘ્ન આવે જ. દુકાનનું ને વખારનું બધું કામ પરોઢથી મોડી રાત સુધી બેય ભાઇઓ કરતા રહે, પણ રૂસ્તમજી શેઠને એમનો કંઇ ને કંઇ વાંક જડી જ આવે અને મોટી મૂછોવાળા એવડા દીકરાઓને પણ ધમકાવી નાખે.

ખૂબી એ કે હિંદુ મુસલમાન કે ખ્રિસ્તી સૌના કોડ પૂરા કરવાનો એકધારો ઉત્સાહ સેવવા છતાં પોતાના પારસી ધર્મમાં રૂસ્તમજી શેઠ બહુ કટ્ટર હતા. અત્યારે મને યાદ નથી આવતું કે એમના નિયમિત સમયો કયા કયા હતા, પણ એટલું યાદ આવે છે કે અનેકવાર મેં એમને એકાંત ખૂણે જઇ સૂર્યની સામે ધ્યાનસ્થ થતાં જોયા છે. કોઠી જેવડા પહોળા ગોળમટોળ પેટ ઉપર પોતાનો સદરો ચઢાવી, પેટ ઉપર કસ્તીને તેઓ ઢીલી તંગ કરતા હોય અને હોઠ ફડફડાવતા હોય. તેઓ આ વિધિ પૂરો કરી ચાલવા માંડે કે હું પૂછું કે 'તમે આવી રીતે શું કર્યું?' તો કહે કે 'તમારામાં જેમ જનોઇ ને સંધ્યા તેમ

અમારામાં આ. જો આ કસ્તી જનોઇ જેવી જ છે ને? તમે જનોઇ કહો, અમે કસ્તી કહીએ. તમે એ ખભા ઉપર રાખો, અમે કેડ ઉપર રાખીએ. એટલો ફેર. અમારા ધરમમાં એવું કે આ કસ્તી, આ લાંબો સદરો અને આ માથાની ટોપી હમેશાં પહેરી રાખવી જોઇએ. સૂતી વખતે યે માથું ઉઘાડું ન રખાય.'

અમારૂં ડરબન આવવું જવું અને એમનું ફીનિક્સ આવવું જવું એટલું રહેતું કે રૂસ્તમજી શેઠના ફીનિક્સનિવાસનાં સ્મરણો જુદાં આંકવાં કઠણ પડે. પરંતુ શરૂમાં મેં જણાવ્યું તેમ, તેઓ જ્યારે માંદા પડી થોડા દિવસ અમારી સાથે રહી ગયા ત્યાર પછી તેઓ અમારે મન ડરબનના મટી ફીનિક્સના થઇ ગયા; શેઠજી મટી અમારા જેવા ગામડીઆ બની ગયા અને જેલ જવું પડે તો ફીનિક્સથી ઉપડનારી પહેલી ટોળી સાથે પોતે જરૂર જરૂર જવાના એમ ઠરાવતા ગયા.

રૂસ્તમજી શેઠ ગયા એ જ અરસામાં હવાફેર માટે બીજા એક મહેમાનને બાપુજી લઇ આવ્યા. એમનું નામ સૉલોમન રૅાયમન. એ મિસ્ટર રૅાયમનના ભત્રીજા થતા. દક્ષિણ આફ્રિકામાં વસતી હિંદી કોમના અગ્રણીઓમાં મિ. રૅાયમન આગળપડતા ગણાતા. તેઓ હિંદી ખ્રિસ્તી હતા. એમના બાપદાદાની બોલી તામિળ હશે પણ તેમની માતૃભાષા અંગ્રેજી જ ગણાય. તેઓ બૅરિસ્ટર હતા અને એવી વાયકા હતી કે એમની સામે ભલભલા અંગ્રેજોને ય કોરટમાં ઊભવું આકરૂં પડતું. એમના અક્ષર બહુ જ વખણાતા. દરેક અક્ષર જાણે એક રમ્ય ચિત્ર જ. અને ઑર્ગન વગાડવામાં દક્ષિણ આફ્રિકાના બધા સંગીતજ્ઞો—ગોરાઓ—ની યે તેઓ મોખરે હોવાનું અભિમાન ત્યાંના હિંદીઓ લેતા. અમારા ફીનિક્સમાં વસતા ઊંચામાં ઊંચા માણસથી યે તેઓ આશરે હાથ ભર વધુ ઊંચા હતા. રૂસ્તમજી શેઠ જેવા નીચા ને જાડા તેવા જ મિ. રૅાયમન ઊંચા ને પાતળા. વાત કરતા કરતા હસી પડે; ને વાંકા વળે ત્યારે કમરેથી ચીપિયાની પેઠે બેવડાઇ જતા. એમની ટાલ ઝગારા મારતી. મને એમની વાતોમાં ગમ ન પડતી. પણ એમનું ખડખડ હસવું, કમરેથી વાંકા વળવું અને તેમની ટાલ પરના ઝગારાનું આઘાપાછા થતા રહેવું જોવાની મને મજા પડતી. તેઓ આવે ત્યારે તેમના



સ્વાગતમાં સાંજની પ્રાર્થના વખતે અમે 'ક્રિશ્ચિયનજન તો તેને કહીએ જે પીડ પરાઇ જાણે રે' એ ટેક સાથે નરસિંહ મહેતાનું આખું ભજન ગાતા. અને બાપુજી વૈષ્ણવ અને ક્રિશ્ચિયન વિષે વિનોદી ચર્ચાઓ ચલાવતા તથા અમારા મનમાં ઠસાવતા કે ખ્રિસ્તી હોય કે વૈષ્ણવ સૌએ નરસિંહ મહેતાએ બતાવ્યું છે એવા જ સદાચારી અને પરોપકારી થવાની જરૂર છે. મિ. રૅાયમનની નેતાગીરી નીચે દક્ષિણ આફ્રિકાની આખી હિંદી ખ્રિસ્તી કોમ બાપુજીનાં સૂત્રો સ્વીકારતી અને બાપુજીનું કહ્યું કરતી.

સૉલોમન રૅાયમન ઉમરે મોટા છતાં દેખાવે સાવ છોકરા લાગતા. સુંદર અક્ષર લખવાનું અમે તેમની પાસે શીખતા, પણ વધુ તો અમે તેમને અમારી રમતોમાં ખેંચી જવામાં ફાવતા. આપણે ત્યાં જવલ્લે જ દેખાય છે એવું વિનોદીપણું તેમની કને હતું. કોઇને દુભવ્યા કે કચવ્યા વિના તેઓ હળવી મશ્કરી કરી શકતા, અને આખા વાતાવરણમાં પ્રસન્નતા વેરાઇ જતી. ઉદવા

બેસવાની, સામે સાદે વાતો કરવાની, કપડાં સુઘડ રાખવાની એમની બીજી કેટલીક સારી રીતભાતોની અમારા પર તેમણે સારી છાપ પાડી હતી; તેમના હાથમાં જે નવું નવું અને સુંદર બનાવવાની ઓછી કારીગરી ન હતી. આ બધા ગુણોમાં સૉલૉમન રૅાયમન અમારા મહેમાન મટી બહુ જ જલ્દી અમારામાંના એક થઇ ગયા, અને જેલ જનારા લડવૈયાઓમાં તેમનું નામ પણ ગણાવા લાગ્યું.

રૂસ્તમજી શેઠ અને સૉલૉમન રૅાયમન જેવા મહેમાનોના આવી જવા બાદ ફીનિક્સનું વાતાવરણ પાછું શાંત અને એકધારૂં બન્યું. બાપુજી પણ જોહાનિસબર્ગ-કેપટાઉનના ફેરા પૂરા કરી સવારથી સાંજ સુધી અમારા ભેગા જુતાવા લાગ્યા. કંઇ ખાસ નવાજૂની ન રહી, છતાં અમારો કોઇનો જીવ પહેલાંની પેઠે નિશાળમાં ને ભણવામાં ખૂંચતો ન હતો. કાં તો દેશ જઇએ ને કાં જેલ જઇએ એ જ તાલાવેલી સૌના મનમાં હતી. ક્યાં જવાનું થવાનું છે એની અટકળ કોઇને આવતી ન હતી.

(ચાલુ) પ્રભુદાસ છ. ગાંધી

Our Friends Abroad

અમેરિકામાં પત્રવ્યવહાર કરવા જેવા મિત્રો (ગયા અંકથી ચાલુ)

Mr. Raymond Bechtle 512-10th avenue

VALLEY CITY Newark (U.S.A.) વર્ષ-૧૭

બાળપણમાં રુડિયાર્ડ કિપ્લીંગની હિંદ વિષેની વાર્તાઓ વાંચેલી ત્યારથી હિંદની મોહની લાગેલી. અત્યારે તેની ઉમ્મર ૧૭ વર્ષની છે અને સરખી વયના હિંદી મિત્રોને પત્ર લખવા ઇંતેજાર છે. સ્ટાંપ અને સિક્કા સંઘરવાનો શોખ છે. જાતે સરસ ગાનાર છે. વક્તૃત્વમાં તો ચાંદો મેળવ્યા છે. ભાષાઓ શીખવાનો નાદ પણ છે. ફોટોગ્રાફો (સ્નેપશૉટ્સ)ની આપલે કરવા ચાહે છે કોઇ ખાસ ચીજની પણ અદલાબદલી કરશે. વળી લખે છે, 'પત્ર તો લખો. તમે કોઇ વાર અમેરિકા આવો કે હું હિંદમાં આવું તો મનમાં તો એમ રહેને કે એકજણ અહીં છે જેને હું ઓળખું છું.'

Steve Fynnegan ૨૦ વર્ષ

723 Federal Ave Mason City IOWA

પીક્ચર પોસ્ટકાર્ડનો શોખ છે. પોતાનાં શહેરનાં દશ્યો હિંદનાં દશ્યોના બદલામાં મોકલશે.

Emil Ethier

P. O. Box 175 HUGO Minnosota (U.S.A.)

મારી ચેતવણીને લઇને લાંબુ લખ્યું નથી પણ પત્રમાં વિવેક અને સુરૂચિ ઘણી બતાવી છે.

Pearl Wasem ૧૯ વર્ષ

655 Penning Avenue WOOD RIVER Illinois

પત્રવ્યવહાર ઉપરાંત ટીકીટ સંગ્રહ, ફોટોગ્રાફીનો શોખ તો છે જ પણ સાથે મૂવી, એવીએશન (આકાશ ઉડણ) અને જગતના સમાચાર માટે પણ ખેંચાણ છે. એક વાર તો દુનિયા ઘૂમીને જાતજાતના માણસોને મળવું એવી મહત્વાકાંક્ષા છે. બધા જ માનવીને તે આકર્ષણભર્યો માને છે. કોઈ પણ તરુણ કે તરુણી સાથે પત્રવ્યવહાર કરશે. તેને પ્રશ્ન પૂછશો તેના આનંદે એવા જવાબ આપશે. વુડ નદીની ખીણમાં ઘણા તેલના કૂવા છે તેમજ કેટલાંક કારખાનાં છે. પર્લના લખાણમાં એક પ્રકારની મનોરમ છટા છે.

Norman Strong ૧૬ વર્ષ

East lake road R. F. D. 7 ERIE Pennsylvania

અમેરિકાની બહાર પહેલો જ પત્ર લખ્યો છે. દુનિયાના સિક્કા ભેગા કરવા છે, ફોટોગ્રાફીની શરૂઆત કરી છે.

James Roehe 150. 7th Ave HOPKINS Minn.

Albert W. Adams

P.O Box 162 NORTH LIBERTY Indiana

૧૪ વર્ષનો કુમાર; ૫ ફૂટ ૮ ઇંચ ઊંચો. બ્રાઝીલ, અલજીરિયા અને આફ્રિકામાં પત્રમિત્ર બાંધી ચૂક્યો છે. હવે હિંદ પર નજર દોડાવી છે.

David Sinaink ૧૨ વર્ષ

Charles Muchnick ૧૬ વર્ષ

4216, 5th Avenue BROOKLYN N.Y. (U.S.A.)

ફોટોગ્રાફી કરવા માંડી છે. ડ્રૉઇંગનો નાનપણથી શોખ હતો એટલે પ્રાટ આર્ટ ઇન્સ્ટીટ્યુટમાં જાય છે. માત્ર શનિવાર જ ભરે છે પેનસીલથી મારી છબી 'Open road' માંથી બે મિનિટમાં નકલ કરી મોકલી છે. (કંઇનું કંઇ મોં બનાવ્યું છે!!) એક વાર કાગળ કોઈ લખો તો ખબર પડે કે હું કેટલી ઇંતેજારીથી જવાબ વાળું છું એમ કહે છે. તેની પાસે ૧૯૩૯નો વર્લ્ડ ફેર થવાનો છે. બીજા સમાચારમાં મીકીમાઉસના સર્જક વૉલ્ટ ડીઝનીની મા મરી ગયાના ખબર લખે છે કારણ કે કાગળ લખતી વખતે જ તેણે રેડિયો પર સાંભળ્યું. પ્રેસીડેન્શ્યલ ઇશ્યુના સ્ટાંપ મોકલ્યા છે તેમાં વેલ કે કિનારો નથી છતાં અસરકારક છે. ભાઇ લખવે બહુ જ શૂરા છે. તેની સાથે જે સંબંધ બાંધે તેણે લાંબા કાગળની આશા જરૂર રાખવી.

નવી નજરે

સમાજહિતની કોઇ અદષ્ટ ભાવનાથી, જનસ્વભાવની અજબ સમજથી કે મજાક મશ્કરીની વિચક્ષણ રીતથી જગતના જીવનમાં અજમાવાતા અવનવા અખતરાના કિસ્સાઓ,—જેની પાછળનું માનવ તત્ત્વ આપણને આકર્ષી વિચારબળને તાઝગી આપશે એવી યોજનાથી અપાતી તેની લેખમાળા

તમે ફેન્સી કાપડ ખરીદવા માગતા હો ત્યારે ઘણા રંગોમાંથી એકાદ પસંદ કરવાની તમને તક મળે છે. કાપડ જ શા માટે? શોખની કોઇ પણ વસ્તુમાં પોતાને માફક આવતો રંગ ગ્રાહક પસંદ કરી શકે એવી રંગોની વિવિધતા અત્યારે બધા ઉદ્યોગોમાં દાખલ કરવામાં આવી છે. પણ અમેરિકાના શોખીનોને આટલેથી સંતોષ થાય તેમ નથી. તેમને તો ઇંડાં અને બટેટા પણ અમુક જ રંગના સેટમાં જોઇએ છે! અને વિજ્ઞાનીઓ પણ કાંઇ ઓછા ઊતરે એવા નથી. રૅચેસ્ટરની એક મરઘાં ઉછેરનારી કંપનીએ મરઘાં માટેના એવા રસાયણિક ખોરાક ઉપજાવ્યા છે કે ભાવી ઇંડાંમાં મેઘધનુષ્યનો જોઇતો કોઇ પણ રંગ પુરી શકાય. અને પેન્સિલ્વેનીઆના ખેતીવાડી ખાતાએ પણ એવી રીતે જ જુદાં જુદાં ખાતર વાપરી લાલ, પીળા, વાદળી, ગુલાબી, સફેદ, જાંબુડા એવા બટાટા ઉપજાવ્યા છે!

જેરોમ બીટી એક અમેરિકન દેશભક્ત છે. કોઇ એકાદ વાડામાં પૂરાઇ દેશસેવા કરવાનું એના સ્વતંત્ર ખમીરને માફક આવે તેમ ન હોવાથી દેશસેવા કરવાની એક નવી જ દિશા તેણે ખોલી છે; અને તે એ કે દુનિયા ભરની મુસાફરી કરી જે જે અમેરિકનો જગતને ખૂણે ખૂણે છૂપું પણ સંગીન કાર્ય કરી રહ્યા હોય તેમનાં કાર્યોથી જગતને વાકેફ કરવું. ઘણાં છૂપાં રત્નો તેણે પોતાના આવા પ્રયાસથી બહાર આણ્યાં છે.

જેમકે અરબસ્તાનમાં મસ્કતમાં કામ કરતા એક અમેરિકન ડૉકટરનો તે પરિચય આપે છે ત્યારે આમ વર્ગને તેમ જ નિષ્ણાતોને પણ તેમાંથી ઘણું જાણવાનું મળે છે. આ ડૉકટર હેરિસનને એવી રૂઢિચુસ્ત પ્રજા વચ્ચે કામ કરવું પડે છે, કે સ્ત્રીઓનાં આંખનાં ઓપરેશન કરવાનાં હોય ત્યારે પણ આરબો તે સ્ત્રીઓનું મ્હોં તો ખુલ્લું કરવા દેતા જ નથી, પણ બુરખામાં કાણાં પાડી ઑપરેશન કરવું પડે છે. આર્થિક મુશ્કેલી પણ તેને એવી છે, અને પ્રજા પણ એવી ગરીબ છે, કે કયારેક તો દવાખાનાથી દૂર ખુલ્લા રણમાં ઑપરેશન કરવાનું હોય ત્યારે તેનાં ઓજારો ઉપર ધૂળ ઊડતી હોય અને માખીઓ બણબણતી હોય. અને છતાં આ બધી મુશ્કેલીઓ તેણે સ્વેચ્છાએ જ સ્વીકારેલી છે. કેમકે ડૉકટરની ડીગ્રી મેળવ્યા પછી પછાત અને ગરીબ પ્રજા તરીકે તેણે આરબોને પસંદ કર્યા અને અમેરિકામાં પ્રૅક્ટીસ કરવાને બદલે અરબસ્તાનમાં વસવાટ કર્યો.

આવા તો બીજા ઘણા પરદેશ વસવાટ કરી રહેલા અમેરિકનોને તેણે બહાર આણ્યા છે.

અત્યારે પોતાની સંસ્કૃતિનો જગતભરને પરિચય કરાવવા બધી સુધરેલી પ્રજાઓ સ્પર્ધા કરી રહી છે. એમાં દુનિયાની નજરે એદી ગણાઈ ચૂકેલી પ્રજા—ચીનનો એક પ્રતિનિધિ ચીના લોકોના જીવનમાં રહેલું તત્ત્વજ્ઞાન પોતાના એક પુસ્તક "The Importance of Living" માં બહુ આકર્ષક રીતે રજૂ કરે છે. આ પુસ્તક અમેરિકામાં તેણે પ્રસિદ્ધ કર્યું ત્યારે સાત મહિના સુધી તો એ પુસ્તકનું નામ સીઝનનાં ચુનંદાં પુસ્તકો સાથે રહ્યું, અને ધમાલીઆ અમેરિકાના જીવનથી તદ્દન વિરૂદ્ધ ગુણધર્મવાળા એ જીવનનું તત્ત્વજ્ઞાન વાચકોના મગજ ઉપર એક આછા રંગનો હાથ મારી ગયું. કેમકે તે પોતાના પુસ્તકમાં કેટલાંક એવાં ચબરાકિયાં સૂત્રો આપે છે કે વાંચનારને પ્રિય થઇ પડે. આ રહ્યા થોડા નમૂના:

'ડાહ્યા માણસોને બહુ ધાંધલ પસંદ નથી હોતું, અને ધાંધલીઆ હોય તે ડાહ્યા થઇ શકતા નથી.'

'ફુરસદ હોય તો જ સંસ્કૃતિ ખીલી શકે છે.'

'From the Chinese point of view, the man who is wisely idle is the most cultured man.'

'ચીનની દૃષ્ટિએ અમેરિકામાં ત્રણ મોટા દુર્ગુણ છે: કાર્યસાધકતા (efficiency), નિયમિતતા, મહત્ત્વાકાંક્ષા. રખડુ અને ફુરસદીઆ બનવાનો મનુષ્યનો સ્વભાવિક હક્ક આ દુર્ગુણો અમેરિકનો પાસેથી ઝુંટવી લે છે.'

'કામ પાર પાડવા કરતાં પણ નકામું જતું કરવું એ મોટી કળા છે. જેમકે પોતા પરના કાગળોના તુરતાતુરત જવાબ આપવા અથવા તો બિલકુલ જવાબ જ ન આપવા એ બન્ને એક સરખાં સારાં કે ખરાબ છે. જો તમે તમારા પર આવેલા કાગળો ત્રણ મહિના સુધી ટેબલના ખાનામાં ભરી મૂકો અને પછી ફરીથી વાંચો તો ખ્યાલ આવે કે તે બધાના જવાબ આપવામાં શક્તિનો કેટલો બધો દુર્વ્યય થાત!'

'અમેરિકનો માને છે કે 'લગભગ ઠીક એ પૂરતું નથી.' ચીનાઓ માને છે કે 'લગભગ ઠીક તો ઘણુંબધું છે.' પરિણામે અમેરિકાનો તંત્રી પ્રૂફની ભૂલો શોધવામાં વાળ ધોળા બનાવી દે છે, ત્યારે ચીનનો તંત્રી પોતાના વાચકોને થોડીએક ભૂલો કાઢવામાં મળતો સૂક્ષ્મ આત્મસંતોષ પણ લેવા દેવામાં માને છે. ચીનમાં તો એકાદ પત્રમાં ચાલુ વાર્તા શરૂ થાય અને અધવચ્ચે આવતાં વળી તંત્રી તે ભૂલી જાય. અમેરિકાનો તંત્રી એમ કરે તો મૂઓ જ પડે. પણ ચીનમાં આ કાંઇ બહુ મહત્ત્વની વસ્તુ નથી ગણાતી. કેમકે વાસ્તવિક રીતે તે બહુ મહત્ત્વની વાત નથીજ.'

'અમેરિકાના ઇજનેરો પૂલો બાંધે ત્યારે ઇંચના દોરાનો પણ ફેર ન પડે એની કાળજી રાખે. પણ જો બે ચીના પર્વતમાં બુગદો કોતરતા હોય તો બન્ને પર્વતની સોંસરવા નીકળી જાય. કેમકે બુગદો ખોદાય એજ મહત્ત્વનો મુદ્દો છે. પછી એકને બદલે બે ખોદાઇ જાય તો બેવડો રસ્તો થયો!'

'અમેરિકામાં આમંત્રણ પત્રિકા મળતાં તમે મેળાવડામાં હાજર રહેશો કે નહિ તે જણાવવું પડે. ચીનમાં માત્ર 'જાણ્યું' લખો એટલે ચાલે; પછી હાજર રહેવું કે નહિ તે માલિકની મરજી ઉપર છે.'

'તમે અમેરિકનો જિંદગીને ટૂંકી માનો છો, માટે ધમાલમાં પડી જાઓ છો; અને જીવનની ફતેહ તમારો મહાયંત્ર બની ગયો છે. ચીનાને મન જીવન અનંત છે અને તે વંશપરંપરાગત લંબાયે જાય છે. આથી ચીનાના જીવનનો એક જ આદર્શ છે કે, એવી રીતે જીવવું કે પોતાના વડિલોને કે વારસોને પોતાથી શરમાવાનું કાંઇ કારણ ન મળે.'

'તમે મહેમાન બનો ત્યારે અક્કડ થઇને બેસો પણ ચીનો તો માને છે કે યજમાનને ત્યાં પોતે જેમ વધુ છૂટથી વર્તે તેમ તેને વધુ માન આપે છે. આથી અમેરિકન મહેમાન આવવાનો હોય ત્યારે તેને ઘર જેવું લાગે અને સાચો આનંદ મળે એ માટે ઘરધણીને બાપડાને કેટલી યે યોજનાઓ ઘડવી પડે. પણ અમને ચીનાને તમારે ઘેર નોતરો એટલે અમે સીધા જ ટેબલ ઉપર પગ લાંબા કરી ખુરશી પાછળ ઝુલાવીએ, પછી તમારે ઘેર કોઇ અજાણ્યો માણસ છે એ વસ્તુ જ તમે ભૂલી જાઓ.'

'તમે તમારા અશક્ય આદર્શોની ધૂનમાં કદી લડે જ નહિ એવાં પતિપત્નીનાં જોડાં ગોઠવવા પ્રયાસ કરો છો. અમારો લગ્નનો આદર્શ એટલો કે ભલે લડે પણ તે માણસાઇથી લડે ને વળી પાછાં ભેગાં થઇ જાય.'

'તમારે ત્યાં થોડા કલાકારો બેસતા વર્ષનાં કાર્ડ બનાવે એના ઉપર પ્રજા રાચે છે. અમે વ્યક્તિવાદને માનીએ છીએ એટલે દરેક જેવું આવડે એવું ચિત્ર કાર્ડ પર દોરી મિત્રો પર મોકલે એ અમે પસંદ કરીએ છીએ.'

'માણસ ભૂલને પાત્ર છે, એ એક ચીજ તો જીવનમાં અનેક રંગો પૂરે છે. અમારે એ બધા રંગો અનામત રાખવા છે, અને તમારે સાફ કરવા છે.'

'કોઇ પણ સંસ્કૃતિ સમજપૂર્વક સાદાઇ ઉપર ન જાય ત્યાં સુધી તે સંપૂર્ણ છે એમ અમે માની શકતા નથી.'

એક સફળ પ્રોફેસરની કારકિર્દીની શરૂઆત આમ થઇ: પહેલો દિવસ: 'કાંઇ પ્રશ્ન પૂછવાના છે?' 'ના જી' 'વારૂ, જાઓ.' બન્ને દિવસ: 'કાંઇ પ્રશ્ન પૂછવાના છે?' 'ના જી.' 'વારૂ જાઓ.'

યેઇલ યુનિવર્સિટીના કાયદાના પ્રોફેસર હચીન્સને આ પ્રયોગ પોતાના ક્લાસ પર બે દિવસ

સુધી કર્યાં. ત્રીજે દિવસે વિદ્યાર્થીઓ જાણી ગયા કે પ્રોફેસર માની જ લે છે કે જો તેઓએ નિયત થએલો ભાગ વાંચ્યો હોય, અને છતાં તેમાંથી કાંઇ પૂછવાપણું ન હોય, તો તેઓ બધું સમજી ચૂકયા છે, અને તેથી પ્રોફેસરની મદદની તેમને જરૂર નથી. આથી ત્રીજા દિવસ પછીથી તેને ખૂબ પ્રશ્નો પૂછાવા લાગ્યા; અને તે પણ સમજણપૂર્વકના!

કોલંબીઆ અને કેલીફોર્નીઆની યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની એક મંડળીએ બીજા વિદ્યાર્થીઓના પરીક્ષાનો વીમો ઉતારવા માંડ્યો છે. વીમો ઉતરાવનાર પોતાનું પ્રીમિયમ ભરે એટલે આ મંડળી તરફથી અભ્યાસક્રમ ઉપરની ચૂંટેલી નોંધો મળે છે, જેની મદદથી પરીક્ષા અવશ્ય પસાર કરી શકાય એટલી શક્તિ વાંચનારમાં આવી જાય. છતાં નિષ્ફળ જાય તો એની પરીક્ષાની ભરવી પડેલી ફી આ મંડળી ભરપાઇ કરી આપે છે.

થોડા મહિનામાં હાર્પર ઍન્ડ બ્રધર્સ નામની કંપની તરફથી "Inside Asia" નામનું પુસ્તક પ્રસિદ્ધ થવાનું છે. એનો લેખક જ્હોન ગન્થર છે, જેણે આ પહેલાં આ જ જાતનું એક પુસ્તક યુરોપ માટે લખી હિટલર, મુસૉલિની, સ્ટાલીન વગેરેનાં રેખાચિત્રો દોર્યાં છે.

એ પ્રસિદ્ધ થવાના પુસ્તકમાં ગાંધીજીનું રેખાચિત્ર આવવાનું છે. એના લેખકે એમાંનું ઘણું વસ્તુ 'સત્યના પ્રયોગો' માંથી લીધેલું છે. એમાંનો ઘણોખરો ભાગ તો હિંદી વાચકોને પરિચિત છે. પણ એમાં નવીન લાગે એવી એક વસ્તુ નીકળે છે, અને તે ગાંધીજીની ધાર્મિક ભાવનાને પામવા માટેની પરદેશીઓની મથામણ અને મુંઝવણ. એ મુંઝવણ મૂળ લેખકના જ શબ્દોમાં આ નીચે આપી છે:

'The attitude of the Mahatma to religion is not easy to define. His insistance on rendering good for evil, his feeling that one can win justice only by giving justice to the enemy, his injunction to hate sin but not the sinner, are the essence of practical Christianity. He is probably more like Christ than any man in the political sphere who has ever lived. But he does not call himself a Christian. When, watching him pray, I asked his intimate friends to whom he prayed. They did not know.

As things stand at the end of 1938, Mr. Gandhi is definitely a force for moderation in Indian politics, a check against extremism. He has told friends that in moments of vanity he believes he has been destined to deliver India from British bondage, but the British will view it as a catastrophe when he dies, for his death will liberate forces almost certainly tending to increse the strength of Indian nationalism.

But what a tremendous, dazzling career he has had! He brought religion into politics, and vice versa—quite aside from giving the Indian people a spirit, a self-reliance, a vanity they have never known before. His God, whoever it is, should treat him fondly, when he is gone.'

એકબીજાથી વિરુદ્ધ હેતુ ધરાવતા મતદારો પાસેથી મત મેળવવા એ જાહેર જીવનનો એક અણઉકેલ કોયડો છે, કેમકે એક બાજુને રીઝવવા જતાં બીજી બાજુ ન છૂટકે જતી કરવી પડે છે. પણ વાઇસ પ્રેસિડેન્ટ એડલે સ્ટીવનસન એવી મુશ્કેલી વટાવી શકે એવો હતો. એણે જોયું કે દેશના વાયવ્ય પ્રાંતોમાં એક ટેકરીનું શું નામ પાડવું એ બાબત લોકોમાં એટલો બધો જોરદાર મતભેદ ઊભો થયો હતો કે પ્રમુખની જગ્યા માટેના ઉમેદવારને એ પ્રાંતમાંથી મળવાના મતનો આધાર તે જે નામની

તરફેણુમાં હોય તેના ઉપર હતો. આથી પોતાની સ્પેશિયલ ટ્રેનમાં મુસાફરી કરતી વખતે તેણે ઇજનેરની મદદથી એ ટ્રેનમાં એક નાની એવી કરામત ગોઠવી. પછી પોતે ગાડીમાં બેઠા બેઠા ભાષણ કરે ત્યારે એ પર્વતના સૌંદર્ય ઉપર ઊતરી પડે. અને ઉમેરે કે 'આ વાદવિવાદનો હવે અંત આવવો જોઇએ અને મધ્યસ્થ સરકારે ન્યાયપુરઃસર તેનો ચુકાદો આણવો જોઇએ. હું અહીંજ વચન આપું છું કે જો મને ચુંટવામાં આવશે તો આ સુંદર પર્વતને યોગ્ય નામ ન મળે ત્યાં સુધી હું જંપીને બેસીશ નહિ. એવું યોગ્ય એક જ નામ મને તો લાગે છે અને તે......' બરાબર આ જ વખતે તે એક છૂપી દોરી ખેંચતો તેથી એન્જિનની કાન ફોડી નાખે એવી ચીસમાં એનો અવાજ ડૂબી જતો. એનું વાક્ય કદી પૂરૂં થતું જ નહિ અને મતદારોને કદી સ્ટીવન્સન સાહેબ યોગ્ય નામ શેને માનતા હતા તે ખબર જ ન પડી!

(ચાલુ) હરિકૃષ્ણ વ્યાસ

ફોટોગ્રાફી

આ માસની હરીફાઇમાં આવેલાં ચિત્રો સંખ્યા અને ગુણમાં એકંદર ઠીક છે.

પહેલું ઇનામ: 'ઘરભણી' ભાઇ રતિભાઇ સોમપુરા (વઢવાણ); બીજું ઇનામ: 'કુદરતનું સૌન્દર્ય' ભાઇ ચતુર્ભુજ વલ્લભદાસ (ઘાટકોપર); ત્રીજું ઇનામ: 'પ્રથમ પંક્તિ' ભાઈ રસિક કામાણી (અમરેલી); ઉત્તેજના: 'વળતી વેળાએ' ભાઈ પુનમચંદ કામાણી (અમરેલી).

નોંધપાત્ર (ગુણ પ્રમાણે): ૧ પ્રમોદ (અમદાવાદ), ૨ જ્યોતીન્દ્ર દેસાઇ (સુરત), ૩ રાવજીભાઇ પટેલ (નડિયાદ), ૪ રણછોડભાઇ મિસ્ત્રી (ખેડા), ૫ બાબુભાઇ ભાણશાળી (અમદાવાદ), ૬ જસવંતરાય (મહેમદાવાદ), ૭ ટી. ટી. પટેલ (નૈરોબી).

વર્ષોની સાંજે પાકનાં સ્વપ્નાં સેવતો ખેડૂત ગાડા સાથે ઘરભણી વળતાં પશ્ચિમના રમ્ય આકાશના પડદા પર સુન્દર છાયાચિત્ર ઉપજાવે છે. ભાઈ સોમપુરાએ યોગ્ય પળે કૅમેરાની ચાંપ દાબી સરસ છાયાચિત્ર ઝડપી, કોરા આકાશમાં બીજી નેગેટિવમાંથી વાદળાં ઉતારી 'ઘરભણી' સર્જ્યું છે.

ચિત્રવિષયમાં વાદળાં ઉમેરતાં કેટલીક વસ્તુઓ તરફ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. વાદળાંની રેખાઓ ચિત્રરેખાઓની પૂરક બનવી જોઇએ, નહિતર સંયોજન મોળું પડે. વળી વિષયના પ્રકાશની બાજુ અને વાદળાંમાં દેખાતા પ્રકાશની દિશા એક જ હોવી જોઇએ, જેથી એ કૃત્રિમ ન દેખાય. વાદળાંનાં વર્ણભેદ અને વાતાવરણ ચિત્રવસ્તુને પોષક હોવાં જોઇએ. બે નેગેટિવના પ્રિન્ટીંગથી એક ચિત્ર ઉપજાવવાની ઇચ્છા કરનારે શરૂઆતમાં મુખ્ય વસ્તુની ઉપલી ધાર સીધી અને સરળ હોય તેવી નેગેટિવ પસંદ કરવી. થોડા જ અભ્યાસથી આ રીત સુગમ બને છે.

ભાઇ ચતુર્ભુજના ચિત્રમાં કુદરતના સૌન્દર્યે અને શાંતિના પડઘા પડે છે. પ્રિન્ટ સારો છે. ચિત્રદૃષ્ટિએ જોતાં વાતાવરણ ઠીક ઝડપાયું કહેવાય.

ભાઇ રસિક કામાણીના 'પ્રથમ પંકિત' ચિત્રનો પ્રિન્ટ સહેજ આછો અંડર છે. પ્રિન્ટને નીચેની ધારથી એક ઇંચ ઉપરાંત કાપવાની જરૂર છે. વિષય નવીન હોવાથી ચિત્ર તરત જ ધ્યાન ખેંચે છે,

ભાઇ પુનમચંદના 'વળતી વેળાએ'નો વિષય બહુ જ સરસ છે. દૃષ્ટિબિન્દુ અને વસ્તુ સારાં છે, પણ ફોકસિંગ સહેજ ખોટું છે. ચિત્રને ઉપર અને ડાબી ધારથી સવા ઇંચ કાપ્યા બાદ ચિત્ર આકર્ષક થાય છે અને ભરવાડ ચિત્રનું મુખ્ય લક્ષ્ય બને છે.

ભાઇ પ્રમોદના ચિત્રમાં બાળકનો હાથ લાંબો રખાવી વાવટો આખો ઝૂલતો રાખવાની જરૂર હતી. આથી પાત્રનો અભિનય છાપ પાડી શકત. ભાઈ જ્યોતીન્દ્ર દેસાઈના ચિત્રમાં ઊંધા પડચાં એકડો ઘૂંટતા બાળકનો પોઝ કુદરતી છે. રાવજીભાઇના 'ગ્રામકન્યા'માં હાથ કૅમેરાની નજીક હોવાથી પર્સ્પેક્ટિવમાં બહુ મોટા જણાય છે. ભાઈ મિસ્ત્રીનું 'સાંજ'નું સિલહાકટ સારૂં કહેવાય. ચિત્રપાટીમાં ઘણી વસ્તુઓ સમાવવાના લોભમાં એક પણ વસ્તુ તેના આકર્ષક સ્વાંગમાં રજૂ કરાઇ નથી. ભાઇ જસવંતરાયને ઊંટનો સ્નૅપ જરાક દૂરથી લઇ એન્લાર્જ કરવાની જરૂર હતી. ભાઇ ભાણશાળીએ ધૂણી સળગાવી ધ્યાન ધરતા સાધુબાવાના સ્નૅપને 'ભગમગત'નું નામ આપ્યું છે તે ઉચિત નથી. હિંદમાં ભુલાઇ જતી બાવાઓની જમાતના ફોટોગ્રાફનો સંગ્રહ કરવો આવશ્યક છે. પરંતુ તેને અનુરૂપ બૅકગ્રાઉન્ડ રાખવી જોઇએ. શહેરનાં મકાનોના બારણાં તો અસંગત જ ગણાય.

બલવન્ત ભટ્ટ

'ફોટોગ્રાફી' શબ્દની શતાબ્દી

ગઇ ૨૮મી ફેબ્રુઆરીએ 'ફોટોગ્રાફી' શબ્દની શતાબ્દી હતી એ જાણો છો? જાણીતા વૈજ્ઞાનિક ગણિતશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી સર જૉન હર્શલે રૉયલ સોસાએટીમાં 'ફોટોગ્રાફીની પદ્ધતિમાં સુધારા' એ વિષય ઉપર તા ૨૮ ફેબ્રુઆરી ૧૮૩૯ના રોજ ભાષણ આપેલું તેમાં 'ફોટોગ્રાફી' શબ્દ એમણે પહેલવહેલો વાપરેલો!

આ મહિનો (એપ્રિલ) . . . અને એની પ્રતિભા

તા. ૧ નમક સત્યાગ્રહને અંગે ગેરકાયદેસર જાહેર થયા છતાં કલકત્તા મુકામે શ્રીમતી નેલી સેનગુપ્તાના પ્રમુખપદે કૉંગ્રેસની બેઠક મળી જેમાં ૫૦૦ ઉપરાંત ધરપકડો થઈ.—ઇ. ૧૯૩૩ * * હિંદને મળેલા નવા બંધારણના વિરોધમાં સાર્વત્રિક હડતાળ—ઇ. ૧૯૩૭

તા. ૩ સાઉધીના મરણ પછી વર્ડ્સવર્થને ઇંગ્લંડનો રાજકવિ બનાવવામાં આવ્યો.—ઇ. ૧૮૪૩ * * શ્રી કમળાદેવી ચટ્ટોપાધ્યાયનો જન્મ—ઇ. ૧૯૦૩

તા. ૬ ગાંધીજીએ મીઠાનો કાયદો તોડ્યો—ઇ. ૧૯૩૦ * * અમેરિકા મહાયુદ્ધમાં શામિલ થયું—ઇ. ૧૯૧૭

તા. ૮ નેપાળ સાથે હિંદી સરકારની છેલ્લી સંધિ—ઇ. ૧૯૨૫

તા. ૯ અમેરિકાના આંતરવિગ્રહનો અંત—ઇ. ૧૮૬૫

તા. ૧૨ અમેરિકાના આંતરવિગ્રહમાં તોપનો પહેલો ધડાકો—ઇ. ૧૮૬૧ * * 'લીડર' પત્રના તંત્રી ને વિનીત નેતા શ્રી સી. વાય. ચિંતામણિનો જન્મ—ઇ. ૧૮૮૦

તા. ૧૭ સર સૈયદ અહમદખાનનો જન્મ—ઇ. ૧૮૧૭.


તા. ૧૯ વિકાસવાદના પ્રણેતા ચાર્લ્સ ડાર્વિનનું અવસાન—ઇ. ૧૮૮૨. 'I am not in the least afraid to die' એ તેના છેલ્લા શબ્દો હતા.

તા. ૨૩ ઇંગ્લંડના નાટ્યસમ્રાટ વિલિયમ શેક્સપીઅરનો ઇ. ૧૫૬૪ની સાલમાં જન્મ. અને ઇ. ૧૬૧૬ના એ જ દિવસે અવસાન * * કંપની સરકારે પોતાની મુલકભૂખ સંતોષવા જનરલ ચૅમ્પીઅનને બેગુનાહ રોહિલખંડ પર આક્રમણ કરવા મોકલ્યો ને બરેલી નજીક મીરાપુર કતરા પાસે એણે રોહિલાઓને હરાવ્યા—ઇ. ૧૭૫૭.

તા. ૨૪ પેશાવરમાં સરકારે કરેલા ગોળીબારમાં ૨૨ જણ માર્યા ગયા, જેના વિરોધમાં બીજે જ દિવસે વિઠ્ઠલભાઈ પટેલે ધારાસભાના પ્રમુખપદેથી રાજીનામું આપ્યું—ઇ. ૧૯૩૦.

તા. ૨૫ વાયરલેસના શોધક સીનોર માર્કોનીનો ઇટલીમાં બોલોના મુકામે જન્મ—ઇ. ૧૮૭૪.

તા. ૨૬ કોમી પ્રશ્ન પર ગાંધી-ઝીણા વાટાઘાટ તથા બેંગલોરમાં રૈયત પર પોલિસનો ગોળીબાર—ઇ. ૧૯૩૮.



આ માસની વિભૂતિ

સર સૈયદ અહમદખાન

ઈ. ૧૮૧૭માં હજરત મહમ્મદ પેગંબરના વંશમાંથી જ ઊતરી આવેલા કુટુંબમાં જન્મ. એમના પિતા મુગલ શહેનશાહ અકબર બીજાના જાની મિત્ર હતા પણ નાની વયે જ અહમદખાને એમની છત્રછાયા ગુમાવી. માતાની ઉછેર નીચે એમણે ફારસી ને અરબીનું સંપૂર્ણ જ્ઞાન મેળવ્યું.

૧૮ની વયે ઇસ્ટ ઇંડીઆ કંપનીના કારકૂન તરીકે એમણે જીવનની શરૂઆત કરી. ૧૮૪૧માં મૈનપુરીના મુન્સફ ને ૧૮૪૬માં સબોર્ડિનેટ જજ્જ નીમાયા. હિંદના જૂના સ્થાપત્યમાં એમને ખૂબ રસ હતો ને તે પર 'દિલ્હીના સ્થાપત્ય અવશેષો' નામનો નિબંધ લખી રૉયલ એશિયાટિક સોસાઇટીના ફેલો બન્યા.

ઈ. ૧૮૫૭ના વિપ્લવમાં એ સરકારને પક્ષે રહ્યા હતા ને ઘણા અંગ્રેજોના જાન બચાવ્યા હતા. આથી ઇ. ૧૮૭૯માં પોતાના પુત્ર સાથે ઇંગ્લંડ જતાં મહારાણી વિક્ટોરિયાએ આદર કરી સી એસ. આઇ.નો ઇલકાબ આપ્યો. ઇ. ૧૮૭૧માં ઇંગ્લંડથી પાછા ફરી એમણે એક સુધારક છાપું કાઢવા માંડ્યું મુસલમાનોની બરબાદીનું એમને એક જ કારણ દેખાયું હતું ને તે ધાર્મિક બાબતોમાં પેઠેલા કેટલાક ખોટા વહેમોનું. એ દૂર કરવાની એમની ઝુંબેશ સામે મુલ્લાં-મૌલવીઓએ વિરોધ ઉઠાવ્યો ને એમનો 'કાફર' તરીકે તિરસ્કાર કર્યો છતાં તેઓ એ પ્રમાણિક પ્રયાસમાં પાછા ન હઠ્યા.

અરબી ભાષામાં જ બધું જ્ઞાન આવી ગએલું માનનારા કેટલાક ઝનૂનીઓએ તો તેમનો જાન લેવાના યે પ્રયાસો કરેલા પણ એનો બદલો એ મહાપુરુષે ઇ. ૧૮૭૬માં નિવૃત્ત થઇ અલીગઢમાં ઍંગ્લો-ઓરિયેન્ટલ કૉલેજ ઊભી કરીને વાળ્યો, જે કૉલેજ આજે અલીગઢ યુનિવર્સિટી રૂપે હિંદુસ્તાનનું જ નહિ પણ એશિયાભરનું પ્રમુખ મુસ્લીમ વિદ્યાધામ બની રહી છે. મુસ્લીમોના એ સંસ્કાર યજ્ઞમાં અનેક શ્રીમંત હિંદુઓ ને પતિયાલા, વિજયનગર વગેરેના હિંદુ રાજાઓએ બિરાદરીની રૂએ આર્થિક સહાય આપેલી. ઇ. ૧૮૭૮માં તેઓ ધારાસભાના સભ્ય નિમાયા, ૧૮૮૬માં મોહમેડન એજ્યુકેશન કૉન્ફરન્સનો પાયો નાખ્યો, ૧૮૮૭માં પબ્લિક સર્વિસીસ કમિશનમાં એમણે સ્થાન મેળવ્યું, અને ૧૮૮૯માં નાઇટહૂડ મેળવી.

પોતાના જાતભાઇઓનું સાંકડું દૃષ્ટિબિંદુ બદલાવવા મથતા ને દેશના રાજકારણને પ્રોત્સાહન આપતા આ મહાન લેખક વક્તા ને સુધારક ઈ. ૧૮૯૮ના માર્ચની ૨૮મી તારીખે અવસાન પામ્યા. એમનાં ખંત, પ્રમાણિકતા, ધ્યેયનિષ્ઠા તથા રાજકારણ અને ધર્મમાં ઉદાર દૃષ્ટિબિન્દુએ આપણા અમર મહાજનોમાં એમને ચોક્કસ સ્થાન અપાવ્યું છે.



માધુકરી

એક સત્ય

નિહાળતાં જીવન પ્રાણીસૃષ્ટિનું,
-મનુષ્યથી ઈતર-સત્ય આ મળ્યું.
સજાતિ જીવો નથી ભક્ષતા કદી
અન્યોન્યને જીવનધારણાર્થે.
કિંતુ દીઠો એક જ માનવી જે
સંહારતાં માનવીને ન લાજતો.

—'અજ્ઞાત'

મહાન માંદલાઓ

યોગ્ય અને બળવાન વ્યક્તિઓ માટે પણ જીવન એ એક દુષ્કર સંગ્રામ સમું છે, ત્યારે કાયમના પીડાતા માણસ માટે તો એ સંગ્રામ અસહ્ય જ ગણી શકાય.

જીવનમાં જે વિજયી નીવડે છે તેને દુનિયા અભિનંદન આપે છે, પણ એ વિજય જો શારીરિક ખોડખાપણ સાથે સતત લડીને પણ મેળવેલો હોય તો એ અભિનંદન પ્રશંસા સુધી પહોંચે. અજાયબી તો એ છે કે દુનિયાની ઘણીખરી મહાન વ્યકિતઓ સતત માંદગીથી ઘેરાયા છતાં દુનિયામાં નામ કાઢી ગએલી છે.

દાખલા તરીકે હોરેશિયો નેલ્સન જ આપણે લઇએ. એનો નબળો બાંધો જોઈ કોઇને ન લાગે કે એ મહં ખલાસી નીવડવાનો. એને વારંવાર દરિયાઈ માંદગી (sea-sickness)ના સખત હલ્લા થતા. ઓછામાં પૂરૂં એક હાથ ને એક આંખ એણે ગુમાવેલી, પરંતુ એનો આત્મા એ બધાથી ઉચ્ચ કક્ષાએ પહોંચેલો હતો, જેને લઇને આધુનિક યુગના સઘળા નાવિક વીરોમાં તે સૌથી મહાન ગણાય છે.

એ જ વખતનો પહેલી પંક્તિનો સૈનિક વીર નેપોલિયન પણ સદાનો બિમાર હતો! નાનપણમાં જ નીચા, ભેજવાળા પ્રદેશમાં રહેવાથી એને મેલેરિયાનો ચાલુ રોગ લાગુ પડેલો. પછીથી એ તરુણ અફસર થયો તે વેળા તેના પર ઍનેમિયાનો હલ્લો થએલો. ત્યારપછી તુલોનના ઘેરા વખતે જ એને ખરજવું લાગુ પડયું જે છેવટ સુધી રહ્યું. આને લઇને ઘણી વખત તે પોતાનાં ચામડી-માંસ સુદ્ધાં ચીરી નાખતો. વર્ષો સુધી તેને સખત શરદી રહ્યા કરી હતી ને પાછલી વયમાં તો એક પછી એક એમ અનેક રોગોનો તે ભોગ બન્યો હતો. ઘણાના કહેવા મુજબ નાસુરથી તેનું મોત થયું હતું.

ક્ષયે પોતાનો પંજો ઘણી મહાન વ્યક્તિઓ પર ફેરવેલો છે. રોબર્ટ લૂઈ સ્ટીવન્સન અને કીટ્સ એનો ભોગ બનેલા. બંનેએ એની સતત રીબામણીમાં જીવન પૂરૂં કર્યું, પણ પોતાના જીવન અગર કાર્યમાં ક્યાંય તેની છાયા પડવા દીધી નથી.

ક્ષયના રોગમાં સપડાઈ, એના પર વિજય મેળવનાર પણ એક વ્યક્તિ છે, અને તે ડબલ્યુ. પી. પુલમ. એ પ્રખ્યાત વેઇટ લિફટર દુનિયાના જુદા જુદા ૧૯૨ રૅકૉર્ડ ધરાવતો. નાનપણમાં એને એ રોગ લાગુ પડેલો ને દાક્તરોએ તો તેના જીવનની આશા પણ છોડી દીધેલી, પરંતુ પોતાના નિશ્ચયબળે જ એણે એ રોગ પર વિજય મેળવ્યો ને દુનિયાનો સૌથી બળવાન પુરુષ બન્યો.

કેટલી યે જગપ્રસિદ્ધ વ્યક્તિઓ તદ્દન સુકલકડી ને ટૂંકા બાંધાની હતી. અરબનો પ્રખ્યાત લૉરેન્સ તરવરિયો છતાં કદમાં એટલો ટૂંકો ને પાતળો હતો કે લશ્કરમાંથી તેને કાઢી મૂકવામાં આવેલો. પછી એણે પોતાનો બાંધો સુધાર્યો ને એવો તો મજબૂત થયો કે અરબોની જેમ ઘોડાને હાથ લગાડયા વગર જ કૂદકાભેર તે તેના પર સવાર થઈ જતો. એને બધાં કામોમાં પછી ઝડપની જ તમન્ના લાગી ને એ ઝડપ માટેના અખતરામાં જ તેનો જાન ગયો.

નબળી તબિયતનો એવો જ શિકાર બંગાળાના ભાગલા પાડનાર હિંદનો પ્રખ્યાત વાઈસરૉય લૉર્ડ કર્ઝન હતો. ભાષણ વખતે ઘણી વખત તે અટકી જતો ને લાંબો શ્વાસ લઇને ફરી બોલતો. એની આ રીતથી ઘણાને નવાઈ લાગતી ને ઘણા માનતા કે સાંભળનારા પર પ્રભાવ પાડવાની એ એક યુક્તિ હતી પણ સાચી વાત એ છે કે કર્ઝન પીઠના સતત દર્દથી પીડાતો હતો. એ દર્દથી જિંદગીભર એ મુક્ત

નહોતો. આથી એ તરફ એ ઝાઝું લક્ષ પણ આપતો નહિ, પરંતુ જ્યારે પીડા અસહ્ય બનતી ને બોલી શકાય એમ ન રહેતું ત્યારે જ તે અટકતો. એને સ્થળે જેવાતેવા સંકલ્પબળવાળો આદમી હોત તો તો ક્યારનો એ દર્દથી ભાંગી પડ્યો હોત. પરંતુ કર્ઝનના કહેવા મુજબ એ દર્દે તેની ધ્યાન કેન્દ્રિત કરવાની શક્તિનો સારો જેવો વિકાસ કર્યો હતો, કારણ જ્યારે દર્દનો સખત હલ્લો થતો ને દવાની કશી કારી ન લાગતી ત્યારે એ ભૂલવા માટે કોઈ એક કાર્ય પાછળ સઘળું ધ્યાન કેન્દ્રિત કરવાનો એ જ એક માત્ર ઉપાય રહેતો.

ઇંગ્લંડના આજના વડા પ્રધાન નેવિલ ચૅમ્બરલેઈનનો ભાઇ સર ઑસ્ટીન ચૅમ્બરલેઇન પણ શારીરિક અશક્તિને જરાયે આગળ આવવા ન દે એ પ્રકારનો રાજપુરુષ હતો. વર્ષો સુધી એની આંખ લગભગ નકામી જ થઇ ગઇ હતી, પણ એના પ્રખ્યાત 'મોનોકલ'થી એ વાત ભાગ્યે જ કોઈના જાણવામાં આવેલી. એટલું જ નહિ પણ એને બંને આંખો ગુમાવી બેસવાની યે સતત સંભાવના રહ્યા કરતી; છતાં એ બાબત કદી પોતાના કાર્યની આડે એણે નહોતી આવવા દીધી.

ઘણા 'મહારાજ્ય ચણનારાઓ'નો બાંધો નબળો ને સૂકલકડી જ હતો. વૂલ્ફ ને સેસિલ ર્‌હોડસ એવા પ્રકારના હતા. વૂલ્ફને સેના કરતાં કાવ્ય તરફ વધુ પ્રીતિ હતી ને ર્‌હોડસને તો તેના દાક્તરે છ જ વર્ષ જીવવાનું કહેલું તેના બદલે વીસ વર્ષ પોતાના સંકલ્પબળથી ઘસડી કાઢેલાં.

ઇતિહાસપ્રસિદ્ધ આ બધી વ્યક્તિઓ જો તંદુરસ્ત હોત તો ઇતિહાસનો પ્રવાહ કેવુંક વલણ લેત ?

જ્યાં હિંદના સૈનિકો ઘડાય છે

* * * આપણા રાષ્ટ્રસંરક્ષણની જવાબદારી બીજા કોઇની બાંહેધરી વિના આપણે જાતે જ ઉઠાવવાની તૈયારી કરી રહ્યા છીએ ત્યારે એ હેતુ બર લાવતી પ્રાથમિક સંસ્થાઓની ઓળખ રસિક જણાશે. ૧૭૮મા અંકમાં નૌકાશિક્ષણનો પરિચય આપ્યો છે. આ અંકમાં સૈનિક શિક્ષણનો પરિચય આપીએ છીએ અને હવે પછી વિમાનશિક્ષણનો પરિચય આપી આપણા રાષ્ટ્રના એ ખબરદાર ચોકીદારોની ઓળખ પૂરી કરીશું.

હિંદના લશ્કરના હિંદીકરણના રાષ્ટ્રના અવાજને માન આપી આજથી છ વર્ષ પર ૧૯૩૨ના ઑક્ટોબરની પહેલીએ 'ઇન્ડીઅન મિલિટરી ઍકેડેમી'ની ૪૦ કડેટોથી શરૂઆત કરવામાં આવી. આજે એ કડેટસંખ્યા ૨૦૦ ઉપર પહોંચી છે.

સમશીતોષ્ણ હવાગાન ધરાવતા સંયુક્ત પ્રાન્તોના દહેરાદુન મુકામે આ સંસ્થાનું મથક આવેલું છે. માત્ર લશ્કરી બાબતોમાં જ નહિ પણ સામાન્ય જ્ઞાનની સર્વ દિશામાં કડેટનો અભ્યાસ વધે તે માટે લાયબ્રેરીનું મકાન નવેસરથી તાજેતરમાં જ વિશાળ પાયે ઊભું કરવામાં આવ્યું છે. પુસ્તકો ઉપરાંત એમાં નવાંજૂનાં હથિયારો ને બખ્તરોનો યે સંગ્રહ કરવામાં આવ્યો છે.

સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ આ છે: કડેટમાં શિસ્ત અને શારીરિક સમત્વ ખીલવી તેનામાં ફરજ, સંમાન અને જવાબદારીની ભાવના કેળવી તેની નેતૃત્વની વૃત્તિ એટલી હદે વિકસાવવી કે પ્રથમ કમિશન પર જ કડેટ 'પ્લાટૂન કમાન્ડર' તરીકે સર્વ રીતે સંપન્ન બને.

બધું શિક્ષણ તો પરદેશી-અંગ્રેજી-ભાષામાં જ અપાય છે, એટલે કડેટને સૌ પહેલી તો એ ભાષામાં નિપુણતા મેળવવી પડે છે; ને એને લઇને એની પહેલી ટર્મ તો કવાયત, વ્યાયામ, અંગ્રેજી ને ગણિત જ રોકી લે છે.

કડેટોને સામાન્યતઃ પાયદળ કે હયદળમાં પ્રવેશ મળે છે, પણ તે જો ઇચ્છે તો ગોલંદાજી કે ઇજનેરીમાં પણ પ્રવેશ મળે છે. અઢાર અઢાર મહિનાના બે સત્રનો મળી કુલ અઢી વર્ષનો અભ્યાસક્રમ છે.

સંસ્થા ચાર કંપનીઓમાં વહેંચાએલી છે, ને દરેકનું નિયંત્રણ એકેક બ્રિટિશ અફસર કરે છે. દરેક કંપનીને એનો જુદો જ વિભાગ હોય છે, જેમાં કડેટોના સૂવાના ખંડ ઉપરાંત એક દિવાનખાનું ને એક બિલિયર્ડ રૂમ હોય છે. દરેક કંપની પાછી બે પ્લાટૂનમાં વિભક્ત હોય છે. કંપનીની આંતરિક વ્યવસ્થા ને શિસ્તનો સવાલ કડેટોના હાથમાં જ હોય છે. બધા એક સાથે એક જ રસોડામાં જાતપંથના ભેદ વિના ખાણું લે છે.

સંસ્થામાં પ્રવેશ પામનાર કડેટોના ત્રણ પ્રકાર છે:

(૧) 'ઓપન કડેટ' એટલે કે જાહેર પરીક્ષામાં પાસ થનાર; એને પૂરી ફી ભરવાની હોય છે.

(૨) 'આર્મી કડેટ' અથવા રૅન્કર કે જે તેની ગુણવિશેષતાને લીધે ખાસ પસંદગી પામ્યો હોય છે; એને મફત પ્રવેશ મળે છે.

(૩) 'સ્ટેટ કડેટ' એટલે કે હિંદના કોઇ પણ રજવાડા તરફથી મોકલાએલો કડેટ. એને અભ્યાસ પૂરો કરી લશ્કરને બદલે એ રજવાડામાં જ નોકરી કરવાની હોય છે.

અભ્યાસક્રમ પૂરો કર્યા બાદ જેમણે ઇજનેરી લાઇન લીધી હોય તેમને વધુ બે વર્ષ માટે સિવિલ એન્જિનીઅરિંગ કૉલેજમાં અભ્યાસ કરવો પડે છે, જ્યારે 'સ્ટેટ કડેટો' સિવાયના બાકીના બધા લશ્કરમાં પ્રવેશ મેળવે છે.

વાળો

વાળાનો રોગ હિંદુસ્તાનના ઘણા ભાગોમાં પ્રસરેલો છે. ગરમ દેશોમાં તે સામાન્ય થઇ પડ્યો છે અને આફ્રિકાના ગિની કિનારા પર તો એ એટલો વર્તે છે કે વાળાને નામ જ ગિની-વર્મનું અપાયું છે.

બધી વયના લોકોને એનો ચેપ લાગુ પડે છે; જો કે સામાન્યતઃ ૨૫ થી ૪૦ વરસનાંને અને તેમાં યે સ્ત્રીઓ

કરતાં પુરુષોને તે વધુ લાગુ પડે છે. મોટા ભાગના દર્દીઓને શરીરે એક જ વાળો હોય છે, પણ એકી વખતે ૧૨ થી ૧૫ વાળાવાળા દર્દીઓના દાખલા પણ નોંધાયા છે. એ દર્દ જીવલેણ નથી પણ કષ્ટદાયક ખૂબ છે.

નર વાળો તો કદી નજરે પડતો જ નથી, પણ માદા દોઢથી ત્રણ ફૂટ લાંબી ને દોરા જેટલી જાડી હોય છે. છેક છેડે તો એની જાડાઇ માત્ર વાળ જેટલી જ હોય છે. એની પૂછડી પર એક નાજુક અંકોડો હોય છે જે વડે એ શરીરના અંદરના રેસાઓમાં જકડાઇ રહે છે. એનો રંગ ધોળાશ પડતો ને ડીલ પર અનેક અપરિપક્વ ઇયળો ગોંટેલી હોય છે.

ઘણુંખરું તો વાળો ઘુંટણ નીચેના પગના ભાગમાં ઘુંટીની નજીકમાં ફૂટે છે, પણ એ એની મર્યાદા નથી. શરીરના કોઇ પણ ભાગ પર—કયારેક તો જીભ ને આંખના ડોળા પણ પર ફૂટી નીકળે છે.

વાળાની પહેલી નિશાની એ કે દર્દીને પોતાની ચામડી નીચે પાતળો દોરો રચાતો જણાય છે. પુખ્ત માદા લગભગ એક રૂપિયા જેવડું મોટું ગૂંચળું વાળી બેસે છે ને ત્યાં ફોલ્લી ઉપસી આવે છે. આ સ્થિતિએ આવતાં દર્દીને એ ભાગમાં ખજવાળ આવવા લાગે છે, શ્વાસોચ્છ્વાસ ભારે બને છે, તાવ ભરાઇ આવે છે ને ઉલાળા આવે છે.

પછી તો એકાદ બે દિવસમાં જ એ ફોલ્લી ફૂટે છે ને અંદરના ગૂંચળાની મધ્યમાં આવેલું માદાનું મોં દેખાય છે. ફોલ્લી ફૂટવા સાથે દુધિયા રંગનું પ્રવાહી ઝમે છે. જેમાં સેંકડો નાની ઇયળો હોય છે. આ બધી ઇયળો બહાર નીકળી જતાં લગભગ પખવાડિયું વીતે છે. એ નીકળવા પહેલાં વાળો સહેલાઇથી નથી કાઢી શકાતો. ચાંદા પર પાણી છાંટયા કરવાથી એ ઇયળો જલદી સાફ થાય છે.

ઘણાં બંધીઆર પાણીમાં આવી ઇયળો હોય છે. એવું પાણી પીવાઇ જાય તો યે એકલી એ ઇયળો ખાસ નુકસાનકારક નથી નીવડતી. પરંતુ એવાં પાણીમાં સાઇક્લૉપ્સ નામની ચાંચડની જાત થાય છે, જે આ ઈયળોને ગળી જાય છે. પાણી સાથે એ ચાંચડ ગળાઇ ગયું તો ભોગ મળ્યા સમજવા.

ચાંચડના શરીરમાં એ બારીક ઇયળો મરતી નથી પણ વૃદ્ધિ પામે છે અને હોજરીમાં જઇને પણ ચાંચડ પચી જાય છે ને આ ઇયળો મુક્ત રહે છે. જઠરની દિવાલોમાં જ નર ને માદાનું સંવનન શરૂ થાય છે. નરનું ત્યારબાદ શું થાય છે એ કોઇ નથી જાણતું પણ માદા શરીરની અંદર પોતાની સફર શરૂ કરે છે. લગભગ અગિયાર મહિને તે સપાટી પર આવે છે ને તેના શરીર પરની ઇયળો બહાર ધકેલવા માંડે છે.

વાળાનું દર્દ મટાડવા કરતાં તેને દબાવી દેવું વધુ સહેલું છે. ગામડાના લોકો વાળો દેખાતાં તેને સળી કે કપાસના પૂમડા પર વીંટાળી લે છે ને રોજ થોડો થોડો ખેંચતા આવે છે. એમાં એ બટકી ન જાય એ ખાસ ધ્યાનમાં રાખવાનું, નહિતર શરીરના અંદરના ભાગમાં ઊતરી તે બહુ હેરાન કરે છે ને કયારેક માણસને અપંગ પણ બનાવી દે છે.

વાળાનો અટકાવ એ કે પાણી હમેશાં શુદ્ધ કરીને પીવું. ગામડાંના કૂવામાં પાણી અંદર પાંચ શેર જેટલો કળીચૂનો નાખીને સાફ કરી શકાય. એથી કૂવાનું પાણી બેસ્વાદ નથી થતું પણ ઉલટું તંદુરસ્ત થાય છે. આમે પણ સ્વચ્છ ગરણે ગાળેલું પાણી એના સામે સારો બચાવ આપે છે.

બરફ વિષે કેટલીક અવનવી વાતો

બરફને લગતી માત્ર આટલી જ સામાન્ય હકીકત આપણે જાણીએ છીએ કે ખૂબ ઠંડી લાગતાં પાણીનું શીતભવન થઇ તેનો બરફ બને છે. પાણીથી તે વજનમાં હલકો હોઇ, પાણી પર તરે છે, ને પાણી કરતાં વધુ જગ્યા રોકે છે. પણ એ સિવાયની એની વિચિત્રતાઓ આપણે ભાગ્યે જ જાણતા હોઇએ છીએ.

દાખલા તરીકે કેટલીક નદીઓનું પાણી તેની ઉપલી સપાટીએથી ઠરવાને બદલે તેમને તળીએથી થીજીને જામી જાય છે. મહાયુદ્ધ પહેલાં રશિયામાં એનો પહેલો જ દાખલો નોંધાયો. વાત એમ બની કે સેન્ટપીટર્સબર્ગને નેવા નદી મારફત પૂરા પાડવામાં આવતા પાણીનો પ્રવાહ એકદા એકાએક અટકી પડયો. નદીને તળીએ બરફ જામવાની તો કોઇને આશંકા સુદ્ધાં ન આવી, કારણ ઉપરથી તો નદીનું પાણી જેવું ને તેવું તાજું જ જણાતું હતું. આખરે ડૂબકી મારનારાઓને નદીને તળીએ 'સપ્લાય પાઇપ્સ' તપાસવા ઉતારવામાં આવ્યા ત્યારે માલૂમ પડયું કે એમના પર તો બરફનું બે ફૂટ જાડું થર જામી ગયું છે! આવા દાખલા ત્યાર પછી અલાસ્કા દેશમાં પણ અવારનવાર નોંધાયા છે.

આ રીતે પાણીના તળિયે જામતા બરફને 'anchor ice' ના નામે ઓળખવામાં આવે છે. પૃથ્વી પરના જે ભાગોમાં શિયાળો ખૂબ સખત હોય છે ત્યાંની જમીન બિલકુલ થીજેલી રહે છે ને એના પર પસાર થતું પાણી એ ઠંડીને લઇને જમીન સાથેના તેના સંપર્કસ્થાનેથી જ જામવા માંડે છે, જ્યારે સપાટી પરનું પાણી જેવું ને તેવું મુક્ત રહે છે.

વળી બરફને લગતો આથી યે વિચિત્ર એક પ્રકાર ગ્રીનલૅન્ડમાં બને છે. ત્યાં હજારો માઈલ વિસ્તરેલા બરફના પટમાં થોડે થોડે અંતરે બરફમાં એકાદ ફૂટ ઊંડા ગોળ ખાડા પડી જાય છે ને તેને તળીએ એક જાતની ભૂખરા રંગની રજ બાઝી જાય છે. આ રજને 'ક્રીકોનાઇટ ડસ્ટ' નામે ઓળખવામાં આવે છે એ પરથી એ ખાડા ક્રીકોનાઇટ ખાડા તરીકે ઓળખાય છે. શા કારણે બરફમાં આ ખાડા પડે છે એ કારણ હજુ સુધી નથી શોધી શકાયું.

વળી, બરફ હમેશાં સફેદ જ હોય છે એ વાત પણ અનુભવે નાપાયાદાર ઠરી છે. ઈરાનના નૈઋત્ય કોણે આવેલા પર્વતો પર લાલ રંગનો બરફ જમા થાય છે. એવી જ રીતે

કારા સમુદ્રવર્તી મેદાનો પર પીળો બરફ ને ગ્રીનલૅન્ડ તથા આંડીઝ પર્વતો પર ભૂખરા જાંબલી રંગનો બરફ જામતો જણાયો છે. આ રંગોનું કારણ, બરફના દેખીતા પ્રતિકૂળ માધ્યમમાં પણ કોઇ બારીક જીવકોષોની હસ્તી હોવાનું મનાય છે.

સર્પવિષમાંથી ઔષધ

આપણા આયુર્વેદે એકલા સાપના વિષને જ નહિ, પણ તેનાં માંસ, ચામડી ને લોહીને પણ ઔષધોપચારમાં કામે લગાડેલાં. કમનસીબે એ અપૂર્વ ઉપચારો આધુનિક પ્રવાહમાં લુપ્ત થઇ ગયા હતા, પણ હાલ કેટલાક વિજ્ઞાનીઓએ પાછો એ પ્રશ્ન હાથ ધર્યો છે ને મોત સાથે રમત રમીને પણ નવી નવી માહિતીઓ બહાર આણતા રહ્યા છે.

આ વિજ્ઞાનીઓના અખતરા એટલા તો વિસ્તર્યા છે કે તેમની સાપોની માગ પૂરી પાડવા માટે લંડન, પારીસ, ન્યૂ યૉર્ક, પોર્ટ એલીઝાબેથ, મુંબાઇ, કલકત્તા, બાંગકોક વગેરે મોટાં મોટાં શહેરોમાં હવે તેમની ઉછેર માટે ખાસ 'ફાર્મ' ઊભાં કરવામાં આવ્યાં છે. સર્પો ત્યાં લહેરથી ઉછરે છે. જ્યારે જરૂર પડે ત્યારે તેમણે મોતજનક વિષ માત્ર કાઢી આપવાનું. એ વિષપ્રાપ્તિ પણ ઓછી સાહસિક નથી. પહેલાં તો સાપને ઉપાડી લાકડીથી જમીન પર પટકવામાં આવે છે. આથી તે ખૂબ ગુસ્સામાં આવી ગુંચળાં વળે છે ને ફુંફાડા મારવા માંડે છે. પણ એની જરા યે દરકાર કર્યા વિના ઉપચારક સંપૂર્ણ સાવધાનીથી આગળ વધી ચપળતાપૂર્વક તેનું ગળું પકડી લે છે, ને જમીનથી તેને અદ્ધર કરે છે. પછી એના મોં નજીક એક પ્યાલો ધરવામાં આવે છે.



છંછેડાએલો સાપ ખૂના બની તેને કરડવા માડે છે ને તેનું વિષ એ પ્યાલા(Container)માં નીતરે છે. એ ડંખ પછી કંઇ વિષ રહી ગયું હોય તે સાપના માથા પર ચંપી કરીને ઉપચારક બધું નીચોવી લે છે. એ બધું વિષ મળીને માત્ર થોડાં ટીપાં જ થાય છે. પણ એટલી મહેનત બદલ સાપને ઇંડાં ને દૂધ બક્ષિસ મળે છે!

અત્યારલગીના અખતરાઓમાં હીમોફિલિયા ને કૅન્સર પર તો સાપનું વિષ અકસીર માલૂમ પડ્યું છે, પણ ભવિષ્યમાં બીજા રોગો પર પણ તે કદાચ ઉપકારક નીવડશે.

લેખો કેમ લખશો?

આપણા સાહિત્યનું છેલ્લા દાયકાથી એટલું તો ખેડાણ થવા માંડ્યું છે કે ધીમે ધીમે ગુજરાતી સાહિત્ય હિંદુસ્તાનના અન્ય કોઇ પણ પ્રાન્તીય સાહિત્યની હરોળમાં–અને કેટલીક બાબતોમાં તો એથી યે આગળ–આવતું જાય છે. તેજકિરણો પેઠે નવા નવા લેખકોનો પ્રકાશ સાહિત્યની દિશામાં વધતો જાય છે અને એ ગૌરવની વાત છે. લેખકોએ શું લખવું, કેમ લખવું એની ડાહી શિખામણો આપવાને બદલે, એ લેખોનો ગંજ મૂર્ત કરવાની કુલ જવાબદારી છાપખાનાં ઉપર હોઇ, એની સુવિધા માટે લેખો કેવી રીતે લખવા એ જ બાબત આપણે ચર્ચીશું.

લેખકે કયા વિષય ઉપર લખવું એ લેખકની ઇચ્છાની વાત છે અને સંપાદકે તેનો સ્વીકાર કરવો કે ન કરવો એ એની પત્રનીતિ પર અવલંબે છે; પરંતુ એનો પહેલો ગુણ તો સ્પષ્ટ સ્વચ્છ લખાવટનો હોવો જોઇએ એ નિર્વિવાદ છે. ખરાબ અક્ષરોની છેકછાકવાળી નકલો વાંચવાની માથાકૂટમાં કોઇ વિરલ જ સંપાદકો ઊતરે છે.

બીજી બાબત એ કે એ લખાણ ખૂબ છૂટું છૂટું હોવું જોઈએ જેથી સંપાદકને તેમાં અઘટિત હોય ત્યાં કાપકૂપ કરવાનું કે યોગ્ય જણાય ત્યાં પોતાની વતી કંઇ ઉમેરવાનું ફાવે. એકેએક લીટી ને એકેએક શબ્દ વચ્ચે થોડોઘણો અવકાશ રાખવો જોઇએ.

ત્રીજી બાબત એ કે લેખ માટેનો કાગળ હમેશાં એવો વાપરવો જેના પર શાહી ફેલાઇ ન જાય. એ માટે હલકી શાહી પણ ન વાપરવી જોઇએ. કમમાં કમ પેન્સિલથી ઘસડેલું લખાણ ધકેલવાની ધૃષ્ટતા તો કદી ન કરવી. પેન્સિલના અક્ષરો કંપોઝ કરવામાં કંપોઝિટરોને ખૂબ તકલિફ પડે છે, અને થોડી મુદત એવો લેખ પડી રહેતાં એના અક્ષરો ઝાંખા પડી જઇ સંપાદકને પણ ઠીક તકલિફમાં ઉતારે છે.

ચોથી વાત એ કે લખાણ હમેશાં કાગળની એક બાજુ હોવું જોઇએ અને તે પણ કાગળની દસ ઇંચ લંબાઇ ને ચાર ઇંચ પહોળાઈમાં મર્યાદિત હોય તો વધુ ઇચ્છનીય. કારણ, કંપોઝીટરને કંપોઝ કરતાં એકધ્યાને એનું લખાણ નિરખવાનું હોય છે એટલે લાંબાચોડાં પાના ભર્યાં હોય તો તેને આંખો વારંવાર આમથી તેમ ફેરવવી પડે છે ને એક પછી બીજી લીટી શોધવાની તેને વધુ મહેનત પડે છે. પ્રેસકૉપી માટે ઉપર બતાવેલી મર્યાદા કંપોઝિટરને ખૂબ સરળતા આપે છે.

પાંચમી વાત એ કે લેખમાંના અક્ષરો ન તો ખૂબ ઝીણા હોવા જોઇએ કે ન તો ખૂબ મોટા. મધ્યમ શ્રેણીનું લખાણ હોવું જોઇએ. એ માટે ચીપીચીપીને મોતીના દાણા જેવા અક્ષરો બનાવવાની જરૂર નથી; માત્ર કંપોઝિટરોને એ સુવાચ્ય હોવા જોઇએ એ વિસરાવું ન જોઇએ.

આ પાંચ બાબતો લેખો લખતી વખતે ધ્યાનમાં રાખશો તો સંપાદકોનો સમયનો દુર્વ્યય ને કંપોઝિટરોની તકલિફો દૂર કરવાનું શ્રેય તો ઓછામાં ઓછું મેળવશો જ.

પાયોરીઆ

દાંતનો આ રોગ હાલ ખૂબ ફેલાએલો છે. ભલે એનું અસ્તિત્વ આજનું નથી, પણ આજ જેટલા વિસ્તૃત સ્વરૂપે તે પહેલાં કદી નહોતો પસર્યો. એનું મોટું કારણ ખાનપાન પ્રત્યે વધેલી બેદરકારી છે. આપણે મોંને પોષણદ્વાર નહિ પણ જે કંઇ હાથે ચડયું તેનું પ્રવેશદ્વાર સમજી બેઠા છીએ.

પાયોરીઆ એટલે દાંતના મૂળમાં ને પેઢાંમાં પેઠેલો સડો. ધીમેધીમે એ સડાથી દાંતનાં મૂળ પરથી પચપચીને તદ્દન ખવાઇ જઈ તે ઢીલા પડતા જઇ છેવટ નીકળી જાય છે.

આમ દાંતના નીકળી જવાથી જ પાયોરીઆની કામગીરી પતતી હોય તો તો ઠીક, પણ એના સડાના પરૂમાં રહેલાં વિષ ખોરાક સાથે સતત જઠરમાં પહોંચે છે જેને લઇને માણસના સાંધા ચૂમાય છે, હાડકાં કડણ બને છે ને ક્યારેક તે પર સોજા આવે છે, હૃદય નબળું પડે છે ને ફેફસાંનું આવરણ દૂષિત બને છે. મજ્જાતંતુઓ ઉપર પણ એ અસર કરે છે ને ઘણી વખત મજ્જાગ્રન્થીઓ ઉપસી આવે છે. શરીર ને મનની સ્ફૂર્તિ તો તે વહેલી જ હરે છે.

આ ઉપરથી જણાશે કે પાયોરીઆથી બચવું હોય તો વહેલામાં વહેલી તકે એની સારવાર કરાવવી જરૂરી છે. પેઢાં ફૂલે, પોચાં બને કે તેમાંથી રસી નીકળવા માંડે ને કોઇ દાંત સડવા માંડી ઢીલો પડે કે વહેલામાં વહેલી તકે એ દાંત માટે યોગ્ય સારવાર લેવી. અને નીકળી જાય તેવો હોય તો ખેંચાવી કાઢવો. એ સિવાય ધીમા અને થોડા પ્રમાણમાં પણ સતત એમાંથી ઝમતા ઝેર પર થીગડું મારવાનો બીજો એકે ઇલાજ નથી.

આઠમા એડવર્ડના સિક્કા

આઠમા એડવર્ડે ગાદીએ આવ્યા પછી ટૂંક વખતમાં જ ગાદીત્યાગ કર્યો એટલે એના નામના સિક્કા પાડવાનો સમય આવ્યો જ નહોતો. પણ બ્રિટિશ સામ્રાજ્યમાં આફ્રિકાનાં સંસ્થાનોએ તેના નામના સિક્કા બહાર પાડેલા. એ હવે ચલણમાંથી તો બાતલ થયા છે પણ સંઘરવા માટે તેની કીમત ઊલટી અનેકગણી વધી ગઈ છે!

આઠમા એડવર્ડના રાજ્યારોહણ સાથે જ લડાઇની ખૂબ અફવાઓ ઊડવા માંડી. બ્રિટિશ પશ્ચિમ આફ્રિકામાં ચલણની ત્યારે અછત હતી એટલે ત્યાંના કરન્સી બૉર્ડે એકસામટો પેનીઓ અને હાફપેનીઓનો ઑર્ડર લંડન મોકલાવી આપ્યો.

પણ એડવર્ડના ગાદીત્યાગ સાથે એ સિક્કાઓની કીમત એટલી વધી ગઇ કે એક એડવર્ડિયન પેની માટે બૅન્કો અકેક શિલિંગ આપવા માંડી ને હવે તો એ કીમત એથી અનેકગણી વધી ગઇ છે.

ઈંગ્લંડનો રાજા ધારે તો—

ઈંગ્લંડનો રાજા ધારે તો ત્યાંનો કાફલો વેચી નાખી શકે, કારણ એ તેની મિલકત ગણાય છે; તેવી જ રીતે હૉર્નવૉલની ડચી વેચી નાખી શકે, કારણ એ એની અંગત મિલકત ગણાય છે; ઉપરાંત, બધી જેલોના કેદીઓને મુક્ત કરી શકે; દળમાંના સઘળા સૈનિકો ને નાવિકોને બરખાસ્ત કરી શકે; પાર્લામેન્ટ વિખેરી નાખી એ ધારે ત્યાં સુધી તેને મળતી અટકાવી શકે; બ્રિટાની પાછું મેળવવાના હેતુથી ધારે ત્યારે ફ્રાન્સ સામે યુદ્ધ જાહેર કરી શકે; વર્ષમાં એક વાર સેંટ ડેવિડના ઉપાશ્રયમાં ધર્મોપદેશ આપી શકે, કારણ તેના તરફથી તેને વાર્ષિક ૨૫ શિલિંગનું સાલિયાણું મળે છે.

પણ, એ કયારે પણ જાહેરમાં ધૂમ્રપાન ન કરી શકે!

દરિયાની સમૃદ્ધિ

દરિયાનાં ખારાં પાણીમાં આટલી બધી સમૃદ્ધિ ભરી પડી હશે એનો આપણને ખ્યાલ પણ ભાગ્યે જ આવે: એના એક ઘન માઇલ (૯૦ અબજ ટન) પાણીનું બાષ્પીભવન કરવામાં આવે તો તેમાંથી બે લાખ પૌંડની કીમતનું તો એકલું સોનું જ હાથ આવે. અને ૧ અબજ ૩૪ કરોડ ટન આપણા સામાન્ય વપરાશના મીઠા ઉપરાંત ૩૦ લાખ ટન રૂપું, તાંબું વગેરે ધાતુઓ મળે તે તો જુદી જ. પણ એટલુંયે બસ નથી. એ સિવાય ૫ કરોડ ટન જેટલા પોટાશિયમ સલ્ફેટના જથા ઉપરાંત બીજા ખનિજો પણ લાખો ટન લેખે મળે. દેખીતી રીતે જ મોંમાં પાણી છૂટે એટલી આ ગંજાવર સમૃદ્ધિ છે, પણ એ મેળવવાનું ખર્ચ પણ સાથે એટલું તો ગંજાવર છે કે જગતના શ્રીમંતમાં શ્રીમંત દેશો તે માટે હામ નથી ભીડતા.

બે માથાનું બાળક

ગયા નવેંબર માસમાં રશિયામાં કુદરતના એક અજબ નમૂના જેવું બાળક અવતર્યું છે. એને બે માથાં છે ને બંનેને જુદું વ્યક્તિત્વ છે, એટલે એને ઇરીના ને ગેલીના એમ બે જુદાં જુદાં નામો અપાયાં છે. સામાન્યતઃ આવાં બાળકો જીવતાં નથી; પણ આ જીવ્યું છે એ તેની વિશેષતા છે. અત્યારે રશિયાના મહાન મહૂંમ વિજ્ઞાની પાવલોવના શિષ્ય સ્પેરૅન્સ્કીની મોરકોની પ્રયોગશાળામાં વૈજ્ઞાનિક નિરીક્ષણ કરવા તેને મૂકેલું છે.

નિરીક્ષણમાં એક વસ્તુ તો એ જણાઇ આવી કે કેટલાક શારીરશાસ્ત્રીઓ કહે છે તેમ નિદ્રા એ લોહીમાં થએલા રાસાયણિક ફેરફારોની નીપજ નથી પણ જ્ઞાનતંતુઓની જ નીપજ છે, કારણ એ બાળકનાં બંને માથાંમાં એક જ લોહીનું અભિસરણ હોવા છતાં બંનેની આંખોના પલકારા જુદા જુદા હોય છે, ઝોકાં પણ જુદાં જુદાં ખાય છે ને નિદ્રા પણ જુદી જુદી છે.

વિકસતું વિજ્ઞાન

ફિલાડેલફિયાની ફ્રાન્કલીન ઈન્સ્ટ્યુટના ક્યૂરેટર ડૉ. ડબલ્યુ. પાર્મેલી વેસ્ટે લીંબુમાંથી પણ વીજળી શોધી કાઢી છે. તાંબા અને એલ્યુમિનિયમના બે ટુકડાને સંવેદ્ય (sensitive) યંત્રથી જોડાએલા તાર સાથે જોડી એણે એ ટુકડા એક લીંબુમાં ખોસી જોતાં તેમાંથી અરધા વોલ્ટના દબાણે .૦૦૦૨ ઍમ્પીઅર જેટલો વીજળીક પ્રવાહ વહી નીકળ્યો. એના કહેવા પ્રમાણે અઢી વોલ્ટનો એક દીવો સળગાવવો હોય તો એવા લગભગ ૮૦૦ લીંબુ જોઇએ.

સામાન્ય ફિલ્મો ઘણી વાર સળગી ઊઠે છે એમાંથી બચવા હાલ એક નવી સહીસલામતી યોજાઇ છે. સામાન્ય ફિલ્મો સલ્ફ્યુરિક ને નાઇટ્રિક ઍસિડોના બનેલા સેલ્યુલોઝ નાઇટ્રેટમાંથી બનાવવામાં આવે છે, જ્યારે આ સેફટી ફિલ્મો, જેમાંથી મોટે ભાગે સરકો બનાવવામાં આવે છે એ એસેટિક ઍસિડના બનેલા સેલ્યુલોઝ ઍસેટિકમાંથી બનાવવામાં આવે છે. આ સેલ્યુલોઝનું પડ તો ફિલ્મ પર એક ઇંચના બસોમા ભાગની જાડાઇનું જ હોય છે. ને એના પર એનાથી યે પાતળું, એક ઈંચના બે હજારમા ભાગની જાડાઇનું જીલેટિન ને સિલ્વર બ્રોમાઈડનું પડ હોય છે.

આપણે જ્યારેજ્યારે દાઢી ઉતરાવીએ છીએ ત્યારે વાળની સાથોસાથ ચામડીનો પણ લગભગ એટલો જથો ઊતરે છે. વર્ષો સુધીના અખતરા બાદ વાળમાંથી ચામડીના કણો જુદા પાડી, તેમનું વજન કરી આ બાબત પુરવાર કરવામાં આવી છે. વળી એ અખતરામાં એ પણ જણાયું છે કે આપણી હડપચી પર સૌથી વધુ વાળ ઊગે છે—એક ચોરસ ઇંચે ૭૫૦ જેટલા, જ્યારે મૂછમાં ૬૮૫, ગાલના ઉપરના ભાગ પર ૫૦૦, અને નીચેના ભાગ પર ૨૫૦.

'કુમાર'ના ૧૭૭મા અંકમાં, જે હબશી વિજ્ઞાની ડૉ. જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વરનું ચરિત્ર આવી ગયું તેનું પૂતળું હાલમાં જ અલાબામાની ટસ્કેજી ઇન્સ્ટીટ્યૂટમાં ઊભું કરવામાં આવ્યું છે. રસાયણ જગતનો એ જાદુગર ગણાય છે ને જુદી જુદી ૨૦૦ ઉપરાંત રાસાયણિક ઊપજો એણે શોધી કાઢી છે, છતાં એમાંથી એકે પૈ પ્રાપ્ત કર્યા વિના એ જનહિતમાં જ પોતાની સઘળી શોધો અર્પણ કરતો આવે છે.

કેટલાક રોગોના હુમલામાં આપણા લોહીમાંના સફેદ રક્તકોષોથી મોતની અગમચેતી થઇ શકે છે એમ હાલમાં જ જણાયું છે. લોહીમાં રોગના જંતુઓ દાખલ થતાં જ આ કણો માઇક્રો–ઑર્ગૅનિઝમ્સ પેદા કરી તેમને ગળી જવા માંડે છે, પણ એ યુદ્ધમાં એ પછાત પડતાં લોહીમાં એમની નબળાઇ તરત જણાઇ આવે છે. મોતની આ રીતની અગમચેતી તદ્દન નવી જ છે.

નવી કેડીઓ

વપરાએલી ટીકીટો સંઘરવાનો શોખ અત્યારે એક ઉદ્યોગનું સ્વરૂપ પકડી રહ્યો છે, એ વસ્તુનો લાભ જાહેર પુસ્તકાલયો પોતાની આવકમાં થોડો ઉમેરો કરવા માટે લઈ શકે છે. જેમ બીજે સ્થળે પૈસા ઉઘરાવવા માટે ધર્માદાની પેટી હોય છે એમ વાચકો પાસેથી વપરાએલી ટીકીટો એકઠી કરવાની એક પેટી પ્રવેશદ્વાર પર મૂકી દીધી હોય તો તેમાં પોતાને નકામી થઈ હોય એવી ટીકીટો નાખનારા ઘણા મળી આવે. કેમકે કાંઇ બધા પોતાને માટે ટીકીટોનો સંગ્રહ કરવા માગતા નથી હોતા. દર વરસે જમા થએલી ટીકીટો કોઈ પ્રમાણિક આડતીયા મારફત વેચી શકાય. –ઉ.

નવા નુસખા

જુદા જુદા ધાતુ-ઉદ્યોગોમાં કામ લાગતો હાઇડ્રોક્લોરિક ઍસિડ તમે ઘેરબેઠાં પણ બિલકુલ સહેલાઇથી બનાવી શકો. એને માટે ઝાઝાં સાહિત્યોની યે જરૂર નથી. એક સોડિયમ બાઇસલ્ફેટ ને બીજું આપણું ચાલુ વપરાશનું મીઠું એ બે જ વાનાં જરૂરનાં છે. બંનેનું મિશ્રણ કરી એમને તપાવો. ને એમાંથી નીકળતો ગૅસ (હાઇડ્રોક્લોરાઇડ) બીજા પાણી ભરેલા વાસણમાં ઠારો. એ ગૅસના પરપોટા પાણીમાં ઓગળે એટલે હાઇડ્રોક્લોરિક ઍસિડ તૈયાર થઇ ગયો.

આપણે પોતે·આપણો દેશ·આપણી પૃથ્વી

આપણા લોહીના દર પાંચસો લાલકણે એક સફેદ કણ હોય છે જે શરીરને જંતુઓથી મુક્ત રાખવાનું કામ કરે છે.

આપણા રક્તકોષો દર પાંચ અઠવાડિયે બદલાઈ જાય છે.

આપણા શરીરમાં બધાં મળી ૨૯,૯૬૫ રોમકૂપો (જેમાંથી રૂંવાડાં ફૂટે છે તે) છે.

દુનિયાની ૧૭ ટકા વસતિ ધરાવવા છતાં આપણો દેશ દુનિયાની દોલતના તો ૫ જ ટકા ધરાવે છે.

આપણા દેશની જેલોના કેદીઓને સરેરાશ ૨૦ ચોરસ વાર કાપડ વાપરવા મળે છે, જ્યારે સરેરાશ હિંદી માત્ર ૧૪ ચોરસ વાર જ વાપરી શકે છે.

ગ્રેટબ્રિટનમાં બાળમરણનું પ્રમાણ હજારે ૬૫નું છે ત્યારે આપણા દેશમાં ૨૦૬નું.

પૃથ્વી પર વસતિ માણસની બધી જાતોમાં સૌથી ઊંચા ઑસ્ટ્રેલિયનો (સરેરાશ ૬ ફૂટ ૧ ઇંચ ઊંચાઇના) છે, જ્યારે સૌથી ઠીંગણા આફ્રિકાના નેગ્રિલો (૪ ફૂટ ૩ ઇંચ).

આપણી દુનિયાની પોણા બે અબજની વસતિમાંથી સાત કરોડ માણસો સદૈવ રોગી રહે છે.

ઇ. સ. ૨૦૦૦ સુધીમાં પૃથ્વીની વસતિ છ અબજ થઇ જશે એમ લીગ ઑવ નૅશન્સ માને છે.

આખી પૃથ્વીની ૫૩·૧ ટકા વસતિ એકલા એશિયામાં છે.

બહુ બેચેનીમાં દિવસો ગાળતા એક રાજાએ એક ફિલસૂફને સલાહ પૂછતાં તેણે તેના રાજ્યમાં જે સૌથી સંતોષી માણસ મળી આવે તેનાં કપડાં પહેરવાનો ઉપાય સૂચવ્યો. રાજાએ બધે તપાસ કરાવી ને આખરે એવો સંતોષી માણસ તેને મળ્યો પણ ખરો, પરંતુ તેના અંગ ઉપર કપડાં જ ન હતાં!

ગણિત ગમ્મત

ગમે તે એક રકમ લો. એને ઉલટાવો ને બેમાંથી નાની રકમ મોટીમાંથી બાદ કરો. બાદબાકીનો સરવાળો હમેશાં ૯ જ આવશે! દાખલા તરીકે ૫૦૭૧ રકમ આપણે લીધી. એને ઉલટાવતાં ૧૭૦૫ થયા. એની બાદબાકી કરતાં ૩૩૬૬ રહ્યા, જેનો સરવાળો ૧૮ થયો. એ ૧૮નો પાછો સરવાળો કરતાં ૯ આવ્યા. એ રીતે ગમે તે રકમ અજમાવી જુઓ.

અનેકાર્થી શબ્દ: **કાકર**=દાંત, દંતૂશળ (સૂવરાદિ પ્રાણીના); કરવતનો દાંતો; ચામડીમાં પડેલો કઠણ ચીરો; ઠળિયો; કાંકરો; પીંજણને એક છેડે તાંતની નીચે રહેતી ચામડાની ગેટી.

કહેવતોના અર્થ: 'કપૂરનું વહીતરું'—કપૂરના ખેતરમાં મજૂરી કરતાં પણ સુવાસ મળે એ પરથી પોતે ઘસાઇને પણ કંઇ ધર્મનું કામ કરવા માટે આ કહેવત વપરાય છે.

અંગ્રેજ સાથે સૌ પહેલી લગ્નથી જોડાનાર હિંદી સ્ત્રી સૂરતની મણિ નામની હતી. ઇ. ૧૬૨૫માં સૂરતમાં ઇસ્ટ ઇંડીઆ કંપનીના નોકર જોન લીચલૅન્ડ સાથે તે પરણી પણ એના પરિણામે લીચલૅન્ડને નોકરીથી ફારેગ થવું પડેલું.

સવારે દોહેલા દૂધ કરતાં સાંજે દોહેલું દૂધ વધુ ગુણકારી હોય છે.

આયોડાઇનનો એક ગ્રેન સાત હજાર ગ્રેન પાણી રંગી શકે.



એક અરીસાની સામે બેસી તમારા હાથ નીચે એક કાગળ રાખો. હવે, અરીસામાં જ નજર રાખીને, પ્રતિબિંબ જોતાંજોતાં, પેન્સિલ વડે પેલા કાગળ પર, વચ્ચે ચોકડી પાડેલો એક ચોરસ દોરો (ઉપરના ચિત્રમાં બતાવ્યા મુજબ). વાત સહેલી લાગે છે, પણ બહુ જ થોડાજણ એ કરી શકશે.

મૅનેજર: કેમ કાલે રવિવારે કંઇ નાટક સીનેમા પાછળ ઉજાગરો કરવાના કે?

ટાઇપિસ્ટ: ના રે, સાહેબ.

મૅનેજર: તો સોમવારે સવારે વહેલા છ વાગે આવી જજો, થોડું અગત્યનું કામ છે.

ગયું મહાયુદ્ધ સતત ૪ વર્ષ, ૩ મહિના, ૧૧ દિવસ ચાલેલું ને જુદીજુદી ૨૭ પ્રજાઓએ તેમાં ભાગ લીધેલો.

આખી દુનિયામાં સૌથી મોટું ચિત્ર પારીસમાં 'નંદનવન'નું છે—૮૪×૩૪ ફૂટના માપનું.

'પોર્ટુગીઝ મનવાર' એ પોર્ટુગલના દરિયાઇ કાફલાનું નહિ પણ ગરમ મહાસાગરોમાં થતા એક જીવડાનું નામ છે.

ઇંગ્લંડની દમામદાર રાણી એલીઝાબેથ મરી ત્યારે તેના વસ્ત્રખંડમાંથી ૩૦૦૦ તો ચણિયા મળ્યા હતા.


દુનિયાની મોટામાં મોટી નદી 'આમાઝોન'નો અર્થ થાય છે 'વહાણ ડુબાવનાર'.

ફીજીમાં દરેક બાળકના જન્મ વખતે માતા હાથ પર એકેક છૂંદણું પડાવે છે.


નાકમાં પાણી ગયું હોય તો જોરથી ન છીંકતા, નહિ તો પાણી તરત કાનના અંદરના ભાગમાં ઉતરી જશે.

૨૦,૦૦૦ ફૂટની ઊંચાઇએ માણસના માથામાં એવા તો સણકા ઉપડે છે કે તે ઊંઘી જ ન શકે.

ગોકળગાયને એક માઇલ ચાલવું હોય તો તેની ગતિ પ્રમાણે તેણે સતત ૧૪ દિવસ ને ૫ કલાક ચાલવું જોઇએ.



અમેરિકાના ટેક્સાસ પરગણાના આ કર્નલ ઇનો એ. વિલ્સનની ૯૪ વર્ષની વયે પણ બધા દાંત કાયમ છે. આજ સુધી એણે કોઇ દિવસ ટૂથબ્રશ કે દંતવૈદ્યનો આશરો નથી લીધો.



આ લુહાર પક્ષીની એક આફત તો કુદરતનો કોયડો છે. માદા જ્યારે ઇંડાં સેવવા બેસે છે ત્યારે એ એને ઝાડના થડ પર પ્લાસ્ટર લગાવી પૂરી દે છે. અને એ મહાશય કુટુંબના ખોરાક માટે એટલી તો ફિકર ગુજારતા રહે છે કે બચ્ચાં જન્મ્યા સુધીમાં તો હાડપિંજર બની જાય છે.